Unposted Letter (Gujarati)

Mahatria Ra

VISIT…

LANZAROTE Caliente.com



અપ્રેષિત પત્ર

Gujarati translation of *Unposted Letter*



૧,૦૦,૦૦૦થી
પણ વધુ વેચાયેલી પ્રતો

મહાત્રયા રા


મને જીવનમાં તારી સાથે લઈ જા,
અને હું તને જીવનની પાર લઈ જઈશ.



અનપોસ્ટેડ લેટર એ જીવન અનુભવ છે જે સરળ છતાં અસરકારક શૈલીમાં વ્યક્ત થયો છે. અમે અમારી સીનીઅર મેનેજમેન્ટની રોજની બેઠકની શરૂઆત અનપોસ્ટેડ લેટરના એક "અનુભવ" ને સાંભળીને કરીએ છીએ અને તેનાથી જીવન વિષેના અમારા દ્રષ્ટિકોણમાં મહત્વનો બદલાવ આવ્યો છે. મુરુગ્વેલ જાનકીરામન

મુરુગ્વેલ જાનકીરામન
સીઈઓ Matrimony.com

હું મોટેભાગે રોજ રાત્રે મને ગમે તે એક આર્ટીક્લ વાંચું છું. ટૂંકી અને અસરકારક સૂક્ષ્મદ્રષ્ટિ જે મને એ વખતે અદ્‌ભૂત રીતે જરૂરી સ્પષ્ટતા આપે છે. આ ગુગલ જેવું છે જે મને જે પણ પ્રશ્ન થયો હોય તે ક્ષણે એનો જવાબ આપે છે. બસ, આ જવાબો મારા પ્રિય મહાત્રયે આપ્યા હોય છે.

જી.આર "આનંદ" અનંતપદ્મનાભન
જીઆરટી ગ્રુપ

જો કોઈ એવો સ્રોત હોય જે મારા વિચારો અને મૂળ સ્વભાવને પ્રભાવિત કરી રહ્યો છે અને જેનાથી હું જે કામ કરું છું તેનાથી વિશ્વમાં કંઈક પરિવર્તન આવે છે, તો તે છે મહાત્રયા. કોઈ પણ વ્યક્તિની આગળની અદ્ભૂત યાત્રા માટે આ પુસ્તક એક આરંભ બિંદુ અને ઉદ્દીપક બની રહેશે. પ્રત્યેક વ્યક્તિ તેને લાયક છે. આજે જ તમારી યાત્રા શરુ કરો.

અતુલ એન. શાહ, MD, FACAAI, FAAAAI
મેડીકલ ડીરેક્ટર,
સેન્ટર ફોર અસ્થમા એન્ડ એલર્જી, NY, USA



મારા પ્રિય વાચકો,
હું આ પુસ્તક તમને અર્પણ કરું છું.

તમારા જ પ્રશ્નોના જવાબો
મારા માધ્યમથી પ્રગટ થયા છે.
અને તેથી એક રીતે તમે પણ આ પુસ્તકના સહલેખક છો.

તમારા મનમાં ઉદભવતા પ્રશ્નોના જવાબો મેળવવા માટે
આનું કોઈ પણ પાનું ઉઘાડીને જોશો
તો તમારી પ્રતીક્ષા કરતો એક જવાબ જોવા મળશે.

મહાત્રયા રા

અપ્રેષિત પત્ર



ઇન્ફિનિથિઝમ

(અનંતવાદ)

આધ્યાત્મિક, ભાવનાત્મક કે ભૌતિક સ્તરનાં
કોઈ પણ ક્ષેત્રે જે વ્યક્તિ આગળ વધવા માટે પ્રયત્ન
કરતી હોય તેને આ ઇન્ફિનિથિઝમનો રસ્તો સફળતા
અપાવે છે તથા તેનામાં રહેલી પોતાની અપાર ક્ષમતા
પ્રત્યે આત્મવિશ્વાસ જાગૃત કરે છે.

www.facebook.com/infinitheism

www.infinitheism.com



પ્રિય વાચકો,

મારા જીવને મને જીવન શીખવ્યું છે. જે સાધકો મારી પાસે આવ્યા પરિવર્તન માટે, તેમણે કોઈક રીતે મને પણ પરિવર્તિત કાર્યો. મારો દરેક વિદ્યાર્થી એ મારો શિક્ષક રહ્યો છે. જીવન વિશેની મારી સમજને હું સુરક્ષિત કરવા માગું છું. પુસ્તકો મૂલત: અચવાયેલા વિચારો છે જેને મુદ્રિત કરવામાં આવ્યા છે. તેના કળ સ્વરૂપે, આ પુસ્તક “અપ્રેષિત પત્ર”, તમારા હાથમાં છે અને તેના દ્વારા હું તમારા મન અને હૃદયમાં પ્રવેશ કરવા ઈચ્છું છું. મેહરબાની કરી, મને અંદર આવવા દો.

આઈન્સ્ટાઈને તેમનું સમગ્ર જીવન અર્પણ કરી કેટલાક સિદ્ધાંતો જગતને આપ્યા અને ત્યાર પછી જગતની કાયાપલટ થઈ ગઈ. એડિસનના જીવને બાકીના જગતની જીવનરીતિને બદલાવી નાખી.મહાત્મા ગાંધી અને નેદસન મેન્ડેલાએ એક નવી જ સંસ્કૃતિને જન્મ આપ્યો. મિલ્ટન અને ટાગૉર કવિતાની નવી વ્યાખ્યા આપી. ત્યાગરાજે સંગીતને નવી દિશા આપી. જાહીર હુસેને તબલાંને નવું જ ગૌરવ અપાવ્યું. રોજર બેનિસ્ટર અને એટમંડ હિલેરીએ ભાનવ ક્ષમતાને નવી જ ઊંચાઈ આપી. સોક્રેટીસ, એરિસ્ટોટલ અને પ્લેટોએ વિશ્વના ચિંતનની દિશા બદલાવી નાખી. દરેક માનવજીવન માત્ર પોતાને જ ઉચ્ચ કક્ષાએ લઈ જઈ શકે તેટલા પૂરતું જ સમર્થ નથી હોતું, પણ, તે માનવજાતની સામૂહિક ચેતનાને પણ ઉર્ધ્વગામી કરી શકે તેટલું શક્તિશાળી હોય છે.

આપણા અનેક પૂર્વજોએ માનવ ચેતનાની ઉત્ક્રાંતિમાં પોતાની ભૂમિકા ભજવી છે અને આપણને તેનો લાભ મળી રહ્યો છે. પણ, આપણે તેમાં શું ફાળો આપી શકવાના છીએ?

આ મારો તે દિશામાં એક નમ્ર પ્રયાસ છે – મારા વાચકોના જીવનમાં કૈંક સાર્થક અસર છોડી જવાનો.

મહાત્રયા રા

• • •

અપ્રેષિત પત્ર


મહાત્રયા રા

અનુવાદ : હરેશ ધોળકિયા



મંજુલ પબ્લિશિંગ હાઉસ

First published in India by



Manjul Publishing House
Corporate and Editorial Office
• 2nd Floor, Usha Preet Complex, 42 Malviya Nagar, Bhopal 462 003 - India
Sales and Marketing Office
• 7/32, Ground Floor, Ansari Road, Daryaganj, New Delhi 110 002
Website: www.manjulindia.com

Distribution Centres

Ahmedabad, Bengaluru, Bhopal, Kolkata, Chennai,
Hyderabad, Mumbai, New Delhi, Pune

Gujarati translation of *Unposted Letter* by *Mahatria Ra*

This edition first published in 2016

ISBN 978-81-8322-330-0

Translation by Haresh Dholakiya

અનુક્રમ

- જેનો સામનો કરવાનો જ છે તે મોડા કરતા વહેલા કરો.
- કોઈક માટે સર્વોત્તમ ઉપહાર બનો.
- તમારી સૌથી કિંમતી જણસ તમે જ છો. તમે તમારો મહત્તમ ઉપયોગ કરો છો ખરા?
- કામ કરો તો પૂરી ભકિતથી કરો. અથવા ન કરો. અવઢવમાં ન રહો.
- તમારું સામર્થ્ય સુધારો. તમારી ક્ષમતા વધારો. એ જ પ્રગતિ છે.
- મને જો એટલી ખબર હોત કે પરિણામ આટલું સુખદ આવશે...
- ફેંકી દો તમારા લેબલ. તમે જ પૂરતા છો... પૂરતા કરતા પણ ઘણા વધારે.
- નાણાંને કોઈ યાદ નથી હોતી, પણ અનુભવને હોય છે.
- લાડ તમને નબળા બનાવે છે. પ્રેમ તમને સર્જે છે.
- સ્વીકાર = હકારાત્મક ભાવના
- જ્ઞાન તમારા ભૂતકાળની આલોચના માટે નહીં, પણ ભવિષ્યનું સર્જન કરવા માટે છે.
- ગુણવત્તા એ જ અદૃશ્ય વિગત છે
- બધા પાસે પોતાની દરેક બાબતના ખુલાસા છે અને દરેક પોતાની જ વાત સાચી માને છે.
- ‘દસ મિનિટ વહેલા’ નો અર્થ છે હું દસ વર્ષ વધારે જીવી શકીશ.
- સ્વપ્નાં એ તમે જ્યાં છો અને તમે જ્યાં હશો તે બે વચ્ચેનો અવકાશ છે.
- અવિરત અને સતત સ્વ—સુધાર એજ માત્ર એક માર્ગ.
- ક્યારે મેં છેલ્લે કશુંક પહેલી વાર કર્યું?
- જીવનનો મર્યાદિત ઉપયોગ તેને લંબાવશે અને અમર્યાદિત ઉપયોગ તેને ટૂંકાવશે.
- જ્યાં શ્રેષ્ઠતા છે, ત્યાં ખુલાસાની જરૂર નથી.

- માહિતી વિશ્વાસ અને સંબંધોનો આધાર બની ચૂકી છે.
- જેને જગત નિષ્ફળતા કહે છે, તેને હું જીવનનો નવો વળાંક કહું છું.
- નકારાત્મક વાત થોડા શબ્દોમાં કહો પણ હકારાત્મક વાત વિગતવાર કહો.
- શું તમારી પાસે સાચા સવાલો છે?
- બધા જોઈ રહ્યા છે.
- પુસ્તકિયા જ્ઞાન કરતાં શિક્ષણ કશુંક વધારે છે
- સુખનો કોઈ માર્ગ નથી. સુખ પોતે જ માર્ગ છે.
- મનુષ્યો મારા કાર્યોને મૂલવે છે. ઈશ્વર મારા ઈરાદાને.
- જેનો તમે ઉપયોગ નથી કરતા, તેને તમે ગુમાવો છો.
- મને તમારા મિત્રો બતાવો અને હું તમને કહી દઈશ કે તમે કોણ છો.
- જે વિચારનો સમય પાકી ગયો છે, તેના કરતાં વધારે કાંઈ પણ શક્તિશાળી નથી.
- મારાં પ્રિયજનો સાથે, હું એવો જ છું જેવો હું હંમેશા હતો.
- જયારે અહં જાય ત્યારે સઘળું પ્રાપ્ત થાય.
- આનંદપૂર્વક અસંતુષ્ટ રહો.
- દરેક મનુષ્યમાં એક નવો સમાજ રચવાની ક્ષમતા રહેલ છે.
- તમારી વેદનાને જવા દઈ, તમે શાંતિને આમંત્રણ આપો છો.
- તમે અનુયાયી થવા નથી જન્મ્યા. તમે તો નેતૃત્વ કરવા જ જન્મ્યા છો
- તમારા ચારિત્ર્યને કોઈ પણ હિસાબે જીવંત રાખો.
- જીવનની ભાષા છે : ‘હું કરી શકું.’
- તમે જે બનવા માગો છો, તે બનવા જે કાંઈ કરવાનું છે તે તો કરવું જ પડશે.

- મહાન લોકો વિચારો વિશે ચર્ચા કરે છે. મામૂલી લોકો અન્ય લોકો વિશે ચર્ચા કરે છે.

- સારો સંવાદ સંબંધો જોડે છે.

- જે કામ નિઃસ્વાર્થ રીતે કરવામાં આવે છે, તે ઈશ્વરનું કામ બને છે.

- તમે જે ઈચ્છો છો, તે તમને નથી મળતું. તમે જેને લાયક છો, તે જ તમને મળે છે.

- જે સત્યનો તમે પ્રતિકાર કરો છો તે એક યુદ્ધ છે જે તમે લડો છો

- શાંતિના દરવાજા માત્ર વિશ્વાસની ચાવીથી જ ખૂલે છે.

- તમારા વર્તમાનને આવતીકાલની પરિપક્વતા સાથે જીવો.

- સમૃદ્ધ થવાની દરેક ઉમદા માનવની નૈતિક જવાબદારી છે.

- જો આપણે આપણા શિક્ષકોનું જ્ઞાન નિર્મૂળ કરી નાખીશું તો આપણે નહીં રહીએ.

- ઘણા લાંબા સમય સુધી દેખરેખમાં રહેલું અને અનેક ટક્કર ઝીલીને ટકી ગયેલું પરિવર્તન સંસ્કૃતિ બને છે.



‘આજ’એ ઈશ્વરે

તમને આપેલ ઉપહાર છે.

આપણને મળેલી કોઈ વસ્તુ પાછળ તે આપનારની ભાવનાને સમજવાથી ઉપહાર બને છે. જો તમે વસ્તુ પાછળ રહેલા દિલને ઓળખી ન શકો તો તે બક્ષિસ પણ કેવળ વસ્તુ જ બની રહે છે.

જેણે તમને પેન આપી છે તેનાં દિલને જો તમે ઓળખી શકો તો તે ભેટ બને છે. તમે જ્યારે તમારા ઉછેરમાં તમારાં માતા-પિતાનું દિલ પરખી શકો, ત્યારે તમે કહો છો ‘મારું બાળપણ ઉત્કૃષ્ટ હતું.‘ જે શિક્ષકોએ તમને જ્ઞાન પ્રદાન કર્યું તેના હાર્દને સમજી શકો, ત્યારે શિક્ષણ તમારા માટે એક ભેટ બને છે. તમે જ્યારે તમારા વિકાસમાં તમારા નોકરીદાતાનું દિલ સમજી શકો, ત્યારે તમારી જીવન જીવવાની રીત પણ ભેટ બને છે. તમે જ્યારે તમારા કર્મચારીઓના પ્રયાસોનું દિલ સમજો છો, ત્યારે તમારો સંસ્થાગત વિકાસ પણ ભેટ બને છે.

ભેટ કંઈ વસ્તુ નથી, પણ એક દૃષ્ટિકોણ છે- વસ્તુ પાછળ રહેલ ભાવનાની સમજણ છે.

એ અર્થમાં ‘આજ‘ તો એક શાશ્વત ઉપહાર છે. દરેક ભેટ માટે ઘણા બધા સ્ત્રોત હોઈ શકે પણ ‘આજ‘ તો એવી કિંમતી ભેટ છે જે તમે ઈશ્વર પાસેથી મેળવો છો, અથવા તો તેનો અર્થ એવો થાય છે કે તમે તમારો છેલ્લો દિવસ જીવ્યા છો. ગઈ રાત્રે સૂતેલી દરેક વ્યક્તિ સવારે જાગે જ છે તેવું બનતું નથી. અને તમે જાગ્યા છો, તેનો અર્થ જ એ છે કે કોઈ પરમ શક્તિ એમ માને છે કે તમે એક બીજી ‘આજ‘ને લાયક છો. આ ચોવીસ કલાકના સમય પાછળનાં દૈવી દિલને ઓળખો. જાણો કે, ‘આજ‘ એ દેવે આપેલી ભેટ છે. એ બરાબર સમજો કે ભેટનું અપમાન એ હકીકતે ભેટ આપનારનું જ અપમાન છે. તમારા જીવનના એક દિવસને વેડફવો તે આ ભેટ આપનારનું ભયાનક અપમાન છે. જો તમે ભેટનું મૂલ્ય સમજો, તો જ તમે ભેટની કદર કરી ‘આજ‘નું મૂલ્ય કરી અને તેને કિંમતી બનાવશો.

તમે તમારા જીવનના એક દિવસનો એટલે કે આજનો બરાબર ઉપયોગ કરશો તો તેનું તમને વળતર મળશે. એટલે, તમારી આજને બને તેટલી ઉત્પાદક બનાવો. આજ એ તમારા બાકીના જીવનનો પહેલો દિવસ છે. એટલે, તમારા ભૂતકાળ પર લીટી દોરો. એમ માનો કે ગઈ કાલ ગઈ કાલે પૂરી થઈ ગઈ અને તમે તમારું ગતિશીલતાનું બટન ભવિષ્ય કાળમાં દબાવો. આજ

એ તમારા ભૂતકાળના દોષોની પરવા નથી કરતી કે નથી આવતી કાલની અનિશ્ચિતતાઓ પ્રભાવિત થતી - તે તો સ્વયં પરિપૂર્ણ દિવસ છે, એક તક છે અને જીવનનો એક મહત્વનો અંશ છે. તેથી, તમે તમારી આજની ચિંતા કરો તો તમે તમારા જીવનની આપોઆપ ઉત્તમ વ્યવસ્થા કરી શકશો.

બુદ્ધે કહ્યું છે, 'આપણે જાગીએ અને આભાર માનીએ, કારણ કે જો આપણે આજે ઘણું શીખ્યા ન હોઈએ, તો પણ આપણે થોડું તો શીખ્યા જ છીએ. જો આપણે થોડું પણ શીખ્યા ન હોઈએ, તો પણ આપણે માંદા તો નથી જ પડયા. અને જો માંદા પડ્યા હોઈએ, તો પણ કમ સે કમ આપણે મૃત્યુ તો નથી જ પામ્યા. તેથી આપણે બધા કૃતજ્ઞ બનીએ.'

પ્રાર્થના કરો કે, 'હે પ્રભુ! આજનો મારો આ દિવસ એ તમારી મને ભેટ છે અને હું આજે જે રીતે જીવીશ તે મારી તમને આપેલી ભેટ બનશે.'



શિખર પર જવાનો

કોઈ સરળ માર્ગ નથી.

જ્યારે તમે ડ્રાઈવ કરવાનું નક્કી કરો છો, ત્યારે તમારે ટ્રાફિક જામનો સ્વીકાર કરવો જ પડે છે. જ્યારે તમે સ્વાસ્થ્ય વિશે જાગ્રત બનો છો, ત્યારે તમારે સ્વાદ પર કાબૂ રાખવો પડે છે. આવક વધશે, તો આવકવેરો પણ આવવાનો જ.

તમે જીવનમાં જે કંઈ પણ પસંદ કરો છો, ત્યારે અનિવાર્ય રીતે તેના ફાયદા-ગેરફાયદા પણ સાથે આવે જ છે. કાંટા વિનાનું ગુલાબ શોધવા જેવી બીજી કઈ મૂર્ખતા હોઈ શકે! જ્યારે તમે સિક્કાની એક બાજુ પસંદ કરો છો, ત્યારે તમે આપોઆપ સિક્કાની બીજી બાજુને પણ પસંદ કરો જ છો. તકલીફ રહિત, સુખી જીવનની ઝંખના ન રાખો. અરે! મહાત્માઓને પણ તકલીફ રહિત સુખી જીવન નહોતું મળ્યું. મુશ્કેલી વગરનું જીવન છે જ નહીં!

જેટલી મોટી મહત્વાકાંક્ષા, તેટલા તેના મોટા પ્રશ્નો હોવાના. જ્યારે તમે ચાલવાનું નક્કી કરો છો, ત્યારે ઓછા મુદ્દાઓ હોય છે. પણ જ્યારે તમે મેરેથોન દોડમાં ભાગ લેવાનું પસંદ કરો છો, તો ખાતરી રાખજો કે તમારે મોટા મુદ્દાઓનો સામનો કરવો પડશે. જ્યારે તમે માત્ર ટકી રહેવા માટે જ જીવવાનું નક્કી કરો છો, ત્યારે નિશ્ચિતપણે તમારે બહુ ઓછી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. જ્યારે તમે તમારી ક્ષમતાને લાયક સાર્થક જીવન જીવવાનું નક્કી કરો છો, ત્યારે તમારે મોટી સમસ્યાઓના ઉકેલ શોધવા પડે છે. લાકડીની એક બાજુ પકડીને તમે તેની બીજી બાજુ પકડી જ લીધી છે. તમને જો તમારી જાતને મઠારવામાં રસ હશે તો જ તમે એક એવા આદર્શ બની શકશો કે જેની ભક્તિ કરી શકાય. શીખારૂઢ થવાનો કોઈ સરળ માર્ગ નથી અને જે લોકો શિખરસ્થ છે તેમનો માર્ગ સરળ નહોતો.

અને ઈતિહાસના વાચક અને ઈતિહાસના ઘડવૈયા વચ્ચે તફાવત તો હોવો જ જોઈએ ને!

બાઈબલ અભ્યાસ જૂથના લોકો મેલકાઈ ૩:૩ વાંચે છે: 'ઈશ્વર ચાંદીના શુદ્ધ કરનાર તરીકે બેસશે.' ઈશ્વરનાં ચારિત્ર્ય અને સ્વભાવ વિશે તેનો શું અર્થ થાય છે? તે અઠવાડિયે એક મહિલાએ સોની સાથે એપોઈન્ટમેન્ટ લીધી હતી. તેઓ સોની કેવી રીતે કામ કરે છે તે જોવા માંગતા હતા. જ્યારે તેઓ સોનીને કામ કરતો જોઈ રહ્યા હતા ત્યારે સોનીએ ચાંદીનો એક ટુકડો અગ્નિ પર ધર્યો અને તેને ગરમ કરવા માંડ્યો. સોનીએ મહિલાને સમજાવતા કહ્યું કે ચાંદીના

ટુકડાને આગની વચ્ચેવચ કે જ્યાં તેની જ્વાળાઓ સૌથી વધારે ગરમ હોય છે ત્યાં મુકવો જોઈએ. આમ કરવાથી જ ચાંદીની તમામ અશુદ્ધિઓ બળીને દૂર થાય છે. મહિલાએ સોનીને પૂછ્યું કે શું એ વાત સાચી છે કે તેને આખો દિવસ અગ્નિ સામે બેસી રહેવું પડે? સોનીએ મહિલાના પ્રશ્નનો હકારમાં જવાબ આપતા કહ્યું કે તેને માત્ર ચાંદીનો ટુકડો પકડીને બેસી જ નથી રહેવું પડતું, પરંતું સમગ્ર પક્રિયા દરમિયાન સતત ચાંદી પર નજર પણ રાખવી પડતી હોય છે. જો જરૂર કરતા વધારે એક ક્ષણ પણ ચાંદીને આગ પર રાખવામાં આવે તો તે તરત જ નાશ પામશે. પછી બહેને પૂછ્યું, 'તમે આ ચાંદી સંપૂર્ણ શુદ્ધ થઈ ગઈ કે કેમ તે કેવી રીતે જાણી શકો?' પેલાએ સ્મિત કર્યું અને જવાબ આપ્યો, 'ઓહ! એ જાણવું તો બહુ સરળ છે. જ્યારે હું તેમાં મારું પ્રતિબિંબ જોઈ શકું ત્યારે ચાંદી સંપૂર્ણ શુદ્ધ છે.'

જો તમે જીવનની ગરમી અનુભવતા હો, તો યાદ રાખજો કે ભગવાનની આંખ તમારા પર જ છે અને જ્યાં સુધી તે પોતાનું પ્રતિબિંબ તમારામાં ન જુવે ત્યાં સુધી તે તમારા પર નજર ખોડી રાખશે. દરેક મનુષ્યમાં એક પયગંબર સુષુપ્ત અવસ્થામાં છે. ઈશ્વરે માણસનું રૂપ ધારણ કર્યું છે, જેથી માણસ ફરી ઈશ્વર બની શકે. જીવન એ તમને બાળવા માટેની ભઠ્ઠી નથી, પણ એ એક એવી ભઠ્ઠી છે જે તમને તેજસ્વી ચાંદીમાં પરિવર્તિત કરે છે.



તમારા માટે સૌથી મહત્વનો છે

તેવો સંબંધ ...

અત્યારની પળે જો તમે જીવનમાં સુખી હો, તો તેનું કારણ એ નથી કે તમારા જીવનમાં બધું જ બરાબર ચાલે છે, પણ તેનું કારણ એ છે કે જે જે સંબંધ તમારા જીવનમાં સૌથી મહત્વનો છે તે ઉત્તમ રીતે આગળ વધી રહ્યો છે. જો તમે તમારા જીવનમાં આ પળે દુ:ખી હો, તો એનો અર્થ એ નથી કે તમારા જીવનમાં કોઈ ગરબડ ચાલી રહી છે, પણ, જે સંબંધ તમારા માટે અત્યંત મહત્વો છે તે ઈચ્છનીય અવસ્થામાં નથી.

સંબંધો બીજ જેવા છે. તેને પોષવા અને વિકસાવવા પડે છે. અપેક્ષાઓ નકામા ઘાસ જેવી છે. તે પોતાની મેળે જ ઊગી નીકળે છે. જ્યારે સંબંધને પર્યાપ્ત રીતે સિંચિત કરાયો હોય ત્યારે, તે સંબંધમાં ઉદભવતી અપેક્ષાઓને નિયંત્રિત કરી શકાય જ્યારે સંબંધ પ્રત્યે બેદરકાર રહેવામાં આવે છે, ત્યારે તે સંબંધમાં અપેક્ષાઓ સંબંધના મૂળીયાંને જ હચમચાવે છે. આપણી મુખ્ય સમસ્યા છે સ્થગિત સંબંધોમાં વધતી જતી અપેક્ષાઓ.

આપણે બચત ખાતાનું ઉદાહરણ જોઈએ. જો બચત ખાતામાં બચત કરીએ, તો તે આપણી મૂડીમાં વધારો કરે છે જેમાંથી આપણે ઉપાડી શકીએ છીએ. પણ આપણે જેટલી રકમ બચાવી હોય, તેટલી માત્રામાં જ ઉપાડી શકીએ છીએ. તેજ રીતે સંબંધના લાભો પણ તે સંબંધમાં આપણે કરેલા રોકાણની મર્યાદામાં જ મેળવી શકાતા હોય છે.

સંબંધોમાં જો લાગણીનો પૂરતો સંગ્રહ હોય, તો ભૂલોને સહન કરી શકાશે અને માફ પણ કરી શકાશે. અભિવ્યક્તિ અપૂરતી હશે તો પણ તેનો અર્થ બરાબર સમજી શકાશે. જો તમે કર્મમાં ઉણા ઉતરશો, તો પણ તમારા ઈરાદાની કદર થઈ શકશે. ટૂંકમાં સંબંધો યોગ્ય હશે, કારણ કે તમને યોગ્ય માનવામાં આવે છે. અને તમને યોગ્ય એટલા માટે માનવામાં આવે છે, કારણ કે તમે એ સંબંધના ભાવનાત્મક જથ્થાને વિકસાવવા માટે રોકાણ કર્યું છે.

તેમ છતાં, કેટલાક સંબંધોને ગંભીરતાથી લેવામાં નથી આવતા. તેમાં સંબંધોની શાશ્વતતાને ધારી લેવામાં આવે છે અને તેમાં સંબંધોને પોષવા માટે કશું જ કરવામાં નથી આવતું. અપેક્ષાઓ વધતી રહે છે, પણ, જેટલી ગતિશીલતા સાથે અપેક્ષાઓ વધે છે તેટલી જ ગતિશીલતા સાથે સંબંધોને મજબૂત બનાવવા માટે જરૂરી એવા પ્રયત્નો કરવામાં આવતા નથી.

આવા સંબંધોમાં અવેજીમાં રાખેલા ભાવનાત્મક મૂડીના રોકાણની સરખામણીએ ઉપાડ વધી જાય છે. આ સ્થિતિમાં, તમે જે પણ શબ્દ બોલશો તેના માટે તમે અપરાધી ગણાશો. તમારી દરેક પ્રવૃત્તિની આલોચના થતી રહેશે. શાબ્દિક ઝગડાઓ અને બારણાં પછાડવાં જેવા બનાવો નિયમિત બનશે. તમારાં કોઈ જ કાર્યોની કદર નહીં થાય કે તમારા કોઈ જ ઈરાદાનું સન્માન નહીં જળવાય. આવો સંબંધ તો જાણે જીવતી સુરંગ પર ચાલવા સમાન છે- તે ગમે ત્યાં અને ગમે ત્યારે ફાટી શકે છે.

પણ તેનો ઉપાય અતિ સરળ છે. પૂંજી જમા કરવી, વધારે જમા કરવી અને ઘણી વધારે પૂંજીઓ જમા કરવી. કોઈ પણ સક્રિય સંબંધ થાપણના ઉપાડમાંથી મુક્ત ન જ રહી શકે, પણ આપણે હમેશા પર્યાપ્ત પૂંજી ચોક્કસ રીતે જમા કરી શકીએ. તમે જેને સમય આપો તેની વૃદ્ધિ થાય છે. સંબંધોને પોષવા માટે ઉત્તમ સમયનું રોકાણ કરવું જ પડે છે. સાંભળવા અને સમજવા સમય લો. બને એટલું વધારે, સમજવા માટે સંવાદ કરો. ખૂલીને અભિવ્યક્ત થઈ તમારો પ્રેમ દર્શાવો! આપવા માટે તત્પર રહો, પરંતુ જ્યારે તમે કંઈ પામો ત્યારે તેને ઠાવકાઈથી સ્વીકારો! તમારો આપેલી વસ્તુનો સ્વીકાર આપનાર પ્રત્યેનો તમારો આદર દર્શાવે છે અને તે એક ઘણી મોટી પૂંજી છે. પૂંજી દર પૂંજી, એક અદભૂત સંબંધ વિકસાવો અને આ રીતે જીવનમાં આનંદ અર્જિત કરો.

પુરાણો પણ એ સૂચવે છે કે દેવતાઓને પણ સંબંધોની સમસ્યાઓ હતી. અહીં તો ઈશ્વરથી પણ આગળ જવાની એક તક છે.



આપણા બાળકો માટે આપણે જ કુરાન છીએ
જેને તે પોતાના જીવન દરમ્યાન વાંચશે .
આપણે જ વેદ છીએ, જેને તેઓ જોશે .
આપણે જ બાઈબલ છીએ, જેની અનુભૂતિ તેઓ કરશે.
આપણે જ તેમનો ધર્મ છીએ, જેને તેઓ અનુસરશે.

તમારું જીવન અને મારું જીવન તેમને માટે
કાં તો ચેતવણી બનશે અથવા તો ઉદાહરણરૂપ બનશે.

હું જાણું છું કે આ એક મોટી જવાબદારી છે .
પણ તેના સિવાય આ ધરતી પર તમે તેમની પહેલાં
શા માટે આવ્યા હતા તે કેમ સમજાવી શકશો?



તમારા જીવનમાં આવેલી કોઈ પણ વસ્તુ કરતા તમે વધારે મહત્વના છો .

પતિએ તેની પત્નીને તેના જન્મ દિવસે એક નવી જ કાર ભેટ આપી. તેણે પહેલાં તેની ચાવી આપી. પછી ડ્રાઈવીંગ લાયસન્સ સહિત બધા જ દસ્તા0વેજોવાળું પાઉચ આપ્યું. અને પછી તેણે તેને લાંબુ આલિંગન કર્યું. પછી તેણે તેને કહ્યું કે તે તેમનાં બાળકોની સંભાળ લેશે અને ઉમેર્યું કે તે નીરાંતે લાંબી ડ્રાઈવ પર જઈ શકે છે. પત્નીએ પણ એક ચૂંબનથી તેનો આભાર માન્યો અને પછી તે પોતાની આ કાર સાથે ચાલી ગઈ. હજી તો એકાદ કિલોમીટર જ ગઈ હશે, ત્યાં રસ્તામાં આવેલ એક ડિવાઈડર સાથે અથડાઈ પડી. તે તો બચી ગઈ, પણ કારમાં ગોબો પડી ગયો. તે અપરાધભાવથી ભરાઈ ગઈ, 'હું તેને શું જવાબ આપીશ? તે તેને કેમ લેશે?' તેના મનમાં વિચારો અને લાગણીઓ ધસી આવ્યાં. આ અકસ્માતના સ્થળે તરત પોલીસ આવી પહોંચી. 'તમારું લાયસન્સ બતાવશો?' તેમણે માગણી કરી. મહિલાના હાથ હજી પણ ધ્રૂજતા હતા. તેના પતિએ જે પાઉચ આપ્યું હતું તેના તરફ તેણે હાથ લંબાવ્યા. એક બાજુ આંસુઓ તેના ગાલપર રેલાઈ રહ્યા હતા ને બીજી બાજુ તેણે જેવું પાઉચમાંથી લાયસન્સ કાઢ્યું કે તેની નજર પાઉચ પર ચોંટાડેલી તેના પતિની હસ્તલિખિત નોટ પર પડી : 'પ્રિય, અકસ્માતના સંજોગોમાં, મહેરબાની કરીને એટલું યાદ રાખજે, એ તું છે જેને હું ચાહું છું અને નહીં કે કારને. સસ્નેહ.'

એ લોકો પરમ સદ્ભાગી છે જેઓ એ સમજયા છે કે તેમણે લોકોને પ્રેમ કરો જોઈએ અને વસ્તુઓનો ઉપયોગ, નહીં કે વસ્તુઓને પ્રેમ કરવો અને લોકોનો ઉપયોગ કરવો.

કાર પર એક ઉઝરડો આપણું બ્લડ પ્રેશર વધારી નાખે છે... પણ આપણા હૃદય પર ઉઝરડો થાય તો તેનો આપણને વાંધો નથી. હું એક એવા માણસને જાણું છું જેણે એક ઉત્તમ કલાત્મક વસ્તુને જાણી જોઈને જમીન પર ફેંકી અને તોડી નાખી અને પછી બોલ્યો, 'છેલ્લા અઢાર વર્ષથી આ મને માનસિક ત્રાસ આપી રહેલ છે- જો તે પડી જશે તો, તૂટી પડશે તો...! મને લાગે છે બોસ કોણ છે તે બતાવવાનો અને મનની શાંતિ મેળવવાનો સમય આવી ગયો છે.' હું એક એવી બીજી વ્યકિતને પણ જાણું છું જેણે એટલા માટે પાર્ટી આપી કે તેની મર્સીડીઝ બેન્ઝ કાર એક અકસ્માતમાં ભટકાઈ ગઈ અને અટકી પડી હતી. તેણે સમજાવતાં કહ્યું, 'જો કે કાર તદ્દન નકામી થઈ ગઈ છે, પણ તેની અંદર હું બેઠો હતો અને મને કશું જ નુકશાન નથી થયું. અને જો હું બરાબર છું તો હું બીજી કાર લઈ શકું, પણ જો કાર બચી ગઈ હોત અને હું

ચાલ્યો ગયો હોત, તો તેનો કોઈ જ અર્થ ન રહ્યો હોત.'

આપણું જીવન ૬૦ રૂપિયાની રમકડાની કારથી શરૂ થાય છે. જ્યારે તે તૂટી ગઈ, ત્યારે આપણે રડી પડ્યા હતા. પછી આપણે આગળ વધ્યા અને ૨,૦૦૦ રૂપિયાની રિમોટ કન્ટ્રોલવાળી કાર લીધી. જ્યારે તેને નુકશાન થયું, ત્યારે પણ આપણે રડયા. પછી આપણને ૨૦,૦૦૦ રૂપિયાવાળી બેટરીથી ચાલતી કાર ભેટમાં મળી. જ્યારે તે કામ કરતી અટકી ગઈ, ત્યારે આપણે ઉદાસ થઈ ગયા. પછી આવી ચાર લાખની કાર, પછી બાવીસ લાખની એસ.યુ.વી. કાર... અને પછી આવી ૮૬ લાખની લક્ઝરી સેડાન... અને જ્યારે-જ્યારે આ મશીનમાં કંઈ પણ ગરબડ થઈ, ઉઝરડો કે ગોબો પડ્યો, ત્યારે-ત્યારે આપણી ચિંતા અને તાણનો પારો ઊંચે જતો જ રહ્યો. આમ, આપણાં રમકડાં મોટાં થતાં રહ્યાં, પણ આપણે ન થયા! આપણે જેના માટે આંસુ સારીએ છીએ, તે બદલતાં રહ્યાં, પણ રડવાનું તો આજે પણ ચાલુ છે. ફર્ક એટલો જ છે કે આજે આપણું આ રડવું જરા વધારે આધુનિક બન્યું છે. તેને નવાં નામ અપાયાં છે, જેમ કે ગુસ્સો નિરાશા, હતાશા, તાણ, ચિંતા વગેરે...

રમકડાં આપણું મનોરંજન કરવા માટે છે. તેનો એક જ હેતુ હોય છે : આપણને ઉપયોગી થવું તમારા બીચ હાઉસથી માંડીને તમારી એસયુવી થી લઈને અધતન સાધનો અને અન્ય તમામ વસ્તુઓ... આ તમામનું અસ્તિત્વ તમારા જીવનને આરામદાયક બનાવવા માટે છે. પણ તમે જે પણ વસ્તુઓ ધરાવો છો, તેના કરતાં તમે વધારે મહત્વના છો. તમે જે વસ્તુઓના માલિક છો, તેના કરતાં તમે વધારે મૂલ્યવાન છો. તમારા જીવનમાં આવેલી દરેક વસ્તુ કરતાં તમે વધારે મહત્વના છો.

એક રમકડું માત્ર રમકડું જ છે. રમકડાં જરૂર ખરીદો. વધારેને વધારે ખરીદો. પણ તેને તેની યોગ્ય જગ્યાએ જ મૂકો. તે માત્ર તમારા ઉપયોગ માટે જ છે. તમારા જીવનને સગવડભર્યું બનાવવા અને તમને મનોરંજન આપવા માટે જ છે. આ રમકડાં માટે તમારે તમારા કિંમતી આંસુનું એક પણ ટીપું વેડફવાની જરૂર નથી, ભલે ને તે ગમે તેટલાં મોંઘાં હોય, છેવટે તો તે બધા કરતાં તમે જ સૌથી મોંઘા છો.



હકીકત એ છે કે 'આપણે નથી કરતા"
નહીં કે 'આપણે નથી કરી શકતા."

એ મહત્વનું નથી કે આપણી પાસે કેટલું છે,
પણ હકીકતમાં એ જ મહત્વનું છે કે આપણી પાસે છે
તેનો આપણે શું ઉપયોગ કરીએ છીએ .

આપણી પાસે જે છે તેને બદલવા આપણે વિશેષ
કશું જ ન કરી શકીએ. પરંતુ જે છે તેનો
ઉપયોગ કરવાની રીતને ચોકકસ બદલી શકીએ .

જો બરાબર ઉપયોગ કરાય તો,

એક પ્યાદું પણ બેગમ બની શકે છે .



ઓછા પણ વધારે મહત્વના ,

વધારે પણ સાધારણ .

ઇટાલીના અર્થશાસ્ત્રી વિલ્ફ્રેડો પેરેટોએ ૧૮૯૭માં ૮૦/૨૦નો સિદ્ધાંત શોધ્યો, જેને આજે 'પેરેટોના નિયમ' તરીકે ઓળખવામાં આવે છે. તેણે શોધ્યું કે ૮૦ ટકા ઉત્પાદન ૨૦ ટકા પ્રયત્નથી આવે છે. ૨૦% મહેનતથી ૮૦% ફળ મળે છે. જોસેફ જુરાન આ ૨૦%ને 'ઓછાં પણ મહત્વનાં' અને ૮૦%ને 'વધારે પણ સાધારણ'તરીકે સૂચવે છે. શોર્ટહેન્ડના શોધક સર આઈઝેક પીટમેને શોધ્યું કે આપણી સામાન્ય વાતચીતનો બે તૃત્યાંશ ભાગ માત્ર સાતસો રોજિંદા શબ્દોથી ચાલી જઈ શકે છે. તેણે શોધી કાઢ્યું કે આપણી ૮૦% વાતચીતમાં આ જ શબ્દો કામ આવે છે.

એક વિધાથી તેના ૮૦% અભ્યાસક્રમને તેના ૨૦% અભ્યાસના કલાકોમાં વાંચી કાઢે છે. પ્રશ્ન પેપરના ૮૦% પ્રશ્નો ૨૦% અભ્યાસક્રમમાંથી જ પૂછાતા હોય છે. દેશના ૨૦% ગ્રાહકો જ ૮૦% લાભ, વિકાસ અને આવકમાં ફાળો આપે છે. ૨૦% કર્મચારીઓ ૮૦% ઉત્પાદન કરે છે. ૨૦% ના અભિપ્રાય જ સમાજનું ઘડતર કરે છે. દેશની ૨૦% વસ્તી દ્વારા અપાતો આઉટપુટ જ દેશનું અર્થકારણ નક્કી કરે છે.

તમારા પાસે જો ૨૦ સેલ્સમેન હોય, તો તેમાંથી ચાર અસાધારણ હશે, છ સાધારણ હશે અને બાકીના દસ તો માત્ર આંટાફેરા જ મારતા હશે. સેલ્સ મેનેજરો ભૂલ એ કરે છે કે તેઓ આ સાધારણ લોકો સાથે કામ કરે છે અને તેમને ઉત્પાદક બનાવવાનો પ્રયાસ કરે છે, જ્યારે આ શ્રેષ્ઠ કામ કરનારાઓને અવગણે છે અને સાધારણ લોકોને 'તે એવા જ હોય' એમ માની લેવામાં આવે છે. તમારા શ્રેષ્ઠ સેલ્સમેનને ગુમાવવાનો ઉત્તમ રસ્તો એ છે કે તેમને આ 'વધારે પણ સાધારણ' ની તરફેણ કરી અવગણવા.

જરૂર એ છે કે કાર્યક્ષમ લોકો પર જ ધ્યાન આપો અને તેમને વધારે મજબૂત બનાવો.

૮૦/૨૦ વિચાર જ ઓછામાંથી શ્રેષ્ઠ મેળવવાનું રહસ્ય છે. સાધારણ પ્રયાસોને પ્રોત્સાહન આપવા બદલે અસાધારણ ઉત્પાદકતાને આવકારવાનું શરૂ કરો. સાધારણમાંથી સરેરાશ કાર્યક્ષમતાને મેળવવાના પ્રયત્ન કરવા કરતાં થોડામાં અસાધારણ અસામાન્યતાને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરો.

દરેક જગ્યાએ ભયાનક બગાડની કરુણતા જોવા મળે છે. તમારા જીવનમાં જે પણ બને છે, તે બધાનો ચાર પંચમાંશ ભાગ બહુ જ ઓછું વળતર આપે છે. ૮૦% પર વધારે પડતું ધ્યાન આપવામાં આવે છે, જે હકીકતે માત્ર ૨૦% જ પરિણામ આપે છે. તમારા વિચારમાં પરિવર્તન લાવવાની જરૂર છે. તમારો દૃષ્ટિકોણ બદલાવવાની જરૂર છે. જે સંસાધનો બિનઉત્પાદક 'સાધારણ અનેક'માં ફાળવાયા છે તેને ઉત્પાદક 'ઓછા પણ વધારે મહત્વના'માં ફાળવો. ૮૦% માં જે બને છે તેને અસરકારકતા ન કહી શકાય, પણ તમે ૨૦% ને જે રીતે સંચાલિત, નિયંત્રિત કરો છો અને ઉપયોગમાં લો છો તેને અસરકારકતા કહી શકાય. તમારો ૨૦% સમય જ તમે શું છો અને તમે જીવનમાં શું થશો તે નક્કી કરે છે.

જીવનમાં પણ તમે ૨૦% બાબતો પર જ ધ્યાન કેન્દ્રિત કરો તો તમારા જીવનમાંની ૮૦% બાબતતો આપોઆપ સંચાલિત થશે.



માર્ગદર્શન કરતાં

સન્માન મેળવવું વધારે જરૂરી છે .

તે હજી તો કશું મેળવવાનું શીખે, તે પહેલાં તો તેને તે બધા સાથે વહેંચવાનું કહેવામાં આવ્યું. જ્યારે તે માત્ર પાંચ વર્ષની જ હતી, ત્યારે તેને તેના બે વર્ષના ભાઈ માટે ત્યાગ કરવાનું કહેવામાં આવ્યું. તે સાવ નાની બાળક હતી, પણ તેનાં માતા-પિતા તેની પાસે અપેક્ષા રાખતાં હતાં કે તે એક જવાબદાર મોટી બહેનની ભૂમિકા ભજવે. ત્રીસ વર્ષ પછી તેને પોતાનું કુટુંબ છે. તેના ભાઈને પણ છે. છતાં આજે પણ તે પોતાના નાના ભાઈ માટે પોતાને જ જવાબદાર માને છે. તે હજી પણ તેને સલાહ આપ્યા કરે છે... જ્યારે પણ તેના ભાઈના લગ્ન જીવનમાં કોઈ તકલીફ આવે, ત્યારે તે તેમાં મદદરૂપ બને છે. તેના ભાઈની પત્નીને બાળકને કેમ ખવડાવવું અને ઉછેર કરવો તે બાબતે સલાહ આપે છે... પણ તેના બદલામાં તે શું મેળવે છે?

માથાનો દુ:ખાવો, અનિદ્રાભરી રાતો અને પોતાની અવગણના થાય છે તે માટે પુષ્કળ આંસુઓ. શા માટે? તેનો ભાઈ તેના નિર્ણયો લેવા હવે પુખ્ત છે. અરે, તેના કોઈ નિર્ણયો કદાચે ખોટા હોય, તો તે માને છે કે તેને ભૂલો કરવાનો હક છે. તે માને છે કે તે તેને માટે શીખવાની એક પ્રક્રિયા છે. તેની ભાભી માને છે કે તે તેના લગ્ન જીવનમાં એક બીનજરૂરી આડખીલી છે. તે માને છે કે તે ઈચ્છે તેમ તેને પોતાનાં બાળકને ઉછેરવાની સ્વતંત્રતા હોવી જોઈએ અને મોટા હોવાના બહાના હેઠળ બીજા કોઈનો હસ્તક્ષેપ તેને જરા પણ પસંદ નથી. તે તેને ધિક્કારે છે.

તે પહેલો શબ્દ બોલ્યો, તેણે પહેલો શબ લખ્યો, ત્યાર પછી પહેલું પગલું માંડયું... તેના પિતાએ આ બધામાં સક્રિય રસ લીધો. પુત્ર માટે તેના પિતા હમેશ સુપરમેન, હીરો અને એક માત્ર મોડેલ હતા જેને તે અનુસરવા માગતો હતો. અરે! પુત્રની કારકિર્દીનું સંચાલન પણ પિતાએ જ સંભાળ્યું હતું. પુત્ર પહેલી પેઢીનો ઉધોગ સાહસિક બન્યો અને તેમાં પણ તેના પિતાએ જ તેને માર્ગદર્શન આપ્યું. આજે તો પુત્ર એક વિખ્યાત ઉધોગપતિ છે. આજે પણ દરરોજ સવારે તેના પિતા કામના સ્થળે શું બને છે તે જાણવા રાહ જૂએ છે, પણ પુત્ર હવે ગૂંગળામણ અનુભવે છે. તે માને છે કે તેના પિતાએ તેને વધારે અવકાશ આપવો જોઈએ. પિતા પણ ઉદાસીનતાના ચક્કરમાં ફસાયા છે, કારણ કે અગાઉ પુત્ર પાસેથી તેમને જે મહત્વ મળતું હતું તે હવે નથી મળતું. તેને એમ લાગે છે કે હવે તેની જરૂર નથી રહી. આની અસર તેના આરોગ્ય પર પડી રહી છે-તે ઝડપથી વૃદ્ધ થવા લાગ્યા છે.

તમે હમેશાં બહેન રહી શકો છો, પણ તમે હમેશાં બહેનની ભૂમિકા નથી ભજવી શકતા. તમે માતા-પિતા તરીકે સ્નેહ મેળવી શકો છો, પણ તમે હમેશાં તે જ ભૂમિકા ભજવી ન શકો. એક હદ પછી, કોઈ પણ આ 'તમારા કરતાં હું વધારે અનુભવી છું' એવો અભિગમ સહન ન કરી શકે.

ત્રણ વર્ષની છોકરી પણ ચોક્કસ રીતે સન્માન મેળવવાની અપેક્ષા રાખે છે અને તેને એ રીતે સન્માન આપવું જરૂરી છે. ત્રણ વર્ષે તેને જે કપડાં પહેરવાં છે તે પહેરાવવામાં ન આવે, તો તેનો અર્થ તે એમ કરે છે કે તેને પૂરતું સન્માન નથી મળતું. દસમા વર્ષે પુત્ર જાતે જ મેનુ કાર્ડ વાંચીને ઓર્ડર આપવા માગે છે. તેના મતે તેને સન્માન આપવાનો આ જ માર્ગ છે. તરુણ તરીકે તે પોતાના મિત્રો પસંદ કરવાની સ્વતંત્રતા ઈચ્છે છે. તેનાં માતા-પિતા તેની આ પસંદગીને માન આપે એ જ તેનું સન્માન છે. તેણે ભલે થોડા વર્ષ તમારા સાથે કામ કર્યું છે, પણ હવે તે જાતે જ થોડા નિર્ણયો લેવા માગે છે. તમે જો તેના નિર્ણયોને ન નકારો, તો તમે તેનું સન્માન કરો છો. દરેક ઉંમર અને જીવનના દરેક તબક્કા સાથે કોઈને કોઈ સન્માન જોડાયેલું છે. અને તમારે તેને સન્માન આપવું જ જોઈએ.

અલબત, આપણા ઈરાદા ગમે તેટલા ઉત્તમ હોય, પણ કયારેક આપણે લોકોને દોરવાનો, ખાસ કરીને વણમાગ્યો, પ્રયત્ન તેમને અપમાનિત થવાની અનુભૂતિ કરાવે છે. આવા સમયે માર્ગદર્શન મેળવવાની જરૂરિયાત કરતા સન્માનિત થવાની જરૂરિયાત ઘણી વધારે પ્રગાઢ હોય છે.

તમે બીજાનું સન્માન કરો છો તેવી તેમને અનુભૂતિ કરાવો. ...આ બાબતને તમારી પસંદગી બનાવો.



નિર્ભયપણે જીવવું એ જ સાચું જીવન છે .

જો તમે કંઈ ખોટું કર્યું ન હોય,
તો તમારે કોઈથી ડરવાની શી જરૂર છે?

જેનું જીવન ખુલ્લી કિતાબ જેવું હોય,
હકીકતમાં તે જ સ્વતંત્ર છે .

'હું એક ખુલ્લી કિતાબ છું.'
એમ જ્યારે કોઈ કહી શકે
ત્યારે તે આત્મપ્રશંસાનું ઉત્તમ રૂપ ગણી શકાય .



જીવન આપણાં મૃત્યુને ટાળશે નહીં. તેથી, આપણે જીવનને ન ટાળીએ .

મેનેજમેન્ટની તાણનું કારણ શું? જ્યારે જે વસ્તુ બનવાની ખરેખર જરૂર હતી અને જ્યારે તે હકીકતમાં બની - આ બે પરિસ્થિતિઓ વચ્ચે સમયનો જે અવકાશ ઉભો થાય છે તેને લીધે તનાવ પેદા થાય છે. 'ટેકનોલોજી ગેપ' શું છે? ઉધોગ જગતમાં પ્રવેશી ચૂકેલો વસ્તુઓને વધારે સારી રીતે કરવાનો રસ્તો અને તે રસ્તો તમે જ્યારે ખરેખર અપનાવો છો - આ બે પરિસ્થિતિઓ વચ્ચેનો સમયગાળો એટલે ટેકનોલોજી ગેપ.

જે કામ કરવાનું હોય તે જો કરવાનું જ હોય, તો પછી તેને આજે જ કેમ ન કરવું અને તાણથી બચી જવું? જો કામ કરવાનો વધારે સારો રસ્તો હોય તો શા માટે માત્ર નિષ્ફળ બની રહેવું? બીજો કોઈ એ બેહતર રસ્તો ઝડપી લે એ પહેલા જ શા માટે આપણે જ તેને અપનાવી કામ પાર નહીં પાડવું અને એક કદમ આગળ રહેવાનો આનંદ નહીં લૂંટવો? આપણે જાણીએ છીએ કે આ ખરાબ છે, તો પછી તેને અત્યારે જ શા માટે ન છોડી દઈએ? નવા વર્ષની રાહ શા માટે જોઈએ? બીજા દિવસની રાહ શા માટે જોઈએ?

તમે 'વૈશ્વિક કક્ષા'ની ગુણવત્તા આપવા ઈચ્છો છો? તો પછી આ પળથી જ જે 'વૈશ્વિક કક્ષા'ની ગુણવત્તા છે, તેનાથી ઓછું કશું પણ કરવાનું બંધ કરો. તમે આગળ કરેલી ભૂલની માફી માગવા માગો છો, પણ હજી હમણાં જ તેના વિશે જાગૃત થયા છો... તો અત્યારે જ માફી માગી લો, નહીં તો તમે અપરાધભાવથી હેરાન થયા કરશો. અચાનક તમને સારો વિચાર આવ્યો હોય... તો તે વિચારનો તરત અમલ કરો, નહીં તો કોઈ બીજું તેનો લાભ લઈ લેશે અને તમે માત્ર અનુયાયી બની રહેશો.

મૂર્ખાઓ અને ડાહ્યાઓ સરખાં જ કામ કરે છે, પણ અલગ-અલગ સમયે. ડાહ્યા લોકો તે કામ તરત કરે છે અને મૂર્ખ લોકો તે છેલ્લે કરે છે. એવી રીતે જીવો જાણે કે આવતીકાલ એ આ જ દિવસ છે.

આપણે આરોગ્ય અને ચપળતાનું મહત્વ ખૂબ સમજીએ છીએ, પણ તે દિશામાં પ્રયત્નો કરવાનું ટાળતા રહીએ છીએ. આપણે નાણાકીય આયોજન અને બચતનું મહત્વ સમજીએ છીએ, પણ તે દિશામાં આગળ વધવાનું ટાળ્યા કરીએ છીએ. આપણે આપણી બોર્ડ પરીક્ષાનું મહત્ત્વ બરાબર સમજીએ છીએ, પણ કટોકટી ઊભી ન થાય ત્યાં સુધી આપણી તૈયારીને ઠેલ્યા કરીએ છીએ. આપણે મહત્વના કાગળોને પેન્ડિંગ ફોલ્ડરમાં મૂકવાને સૌથી સરળ ઉપાય માનીએ છીએ.

જીવનના બધાં જ દબાણો અને તાણ બીજું કશું નથી પણ સંચિત કરી રાખેલું એક મનોવૈજ્ઞાનિક દબાણ છે. અને આ દબાણ - જ્યારે જે થવું જોઈતું હતું અને જ્યારે જે ખરેખર થયું ' એ બે પરિસ્થિતિઓ વચ્ચે પડેલા સમયના મોટા ગાબડાને કારણો સર્જાય છે. કામ ટાળવું-મોડું કરવું એ જીવનને ટૂંકાવવાનો સૌથી ચોક્કસ માર્ગ છે. ટાળવું એ નબળાઓનું મુખ્ય લક્ષણ છે.

જીવન આપણાં મૃત્યુને ટાળશે નહીં. તેથી, આપણે આપણા જીવનને ન ટાળીએ.

'અનેક દિવસોમાંનો એક'- આવો કોઈ જ દિવસ નથી. એ દિવસ 'આજ' જ છે... જો આવતી કાલ આવશે, તો હું કાલને કહીશ, 'મેં તો તે ગઈ કાલે જ કરી લીધું છે.'



જ્યાં મનુષ્યની જવાબદારી પૂરી થાય છે, ત્યાં અસ્તિત્વ જવાબદારી ઉપાડી લે છે .

'રાહ જોવી' અને 'કશાક માટે રાહ જોવી' વચ્ચે સૂક્ષ્મ તફાવત છે. અને તેમાં જ 'શાંતિપૂર્ણ પ્રગતિ' અને 'તાણભરી સફળતા' વચ્ચેનો તફાવત રહેલો છે.

ખેડૂતે જમીન ખેડી લીધી છે અને બીજ વાવી દીધાં છે... હવે તેણે રાહ જોવી રહી... જ્યાં મનુષ્યની જવાબદારી પૂરી થાય છે, ત્યાંથી અસ્તિત્વ જવાબદારી ઉપાડી લે છે. હવે જો ખેડૂત 'રાહ જોવાની' કળા જાણતો હશે, તો તે શાંતિથી રાહ જોશે. પણ તેને બદલે જો તે અધીર થઈ જશે, તો દરેક પળે તે અસ્વસ્થ અને તાણભર્યો રહેશે. તેનું મગજ સતત વિચાર્યા કરશે- 'શા માટે અંકુર નથી ફૂટતાં? શા માટે નહીં?' અને જ્યારે તે ફૂટશે, ત્યાં સુધી તો તેણે પોતાની શાંતિ ખોઈ દીધી હશે. નુકશાન થઈ ચૂકયું હશે.

તમે લિફ્ટનું બટન દબાવ્યું છે ને... તો હવે રાહ જુઓ... સમય થયે તે નીચે આવશે. લિફ્ટ માટેની રાહ તમને આમતેમ આંટા મરાવશે અને તમારી આંખોને પટપટાવશે. જાણે કે એમ કરવાથી લિફ્ટની ઝડપ વધશે અને તે તમારા માળ પર ઝડપથી પહોંચશે. તમે વેઈટરને તમારો ખાવાનો ઓર્ડર આપી દીધો છે... તો થોડી વાર થોભો.. વેઈટર માટેની રાહ - રાહ જોવાના મૂળ અનુભવને તનાવગ્રસ્ત બનાવશે. શું તમારે જે નિર્ણયો લેવાના હતા તે લીધા? શું તમારે જે કામ કરવાનાં હતાં તે કર્યાં? શું તમારે જે કરવાનું હતું તે તમે કર્યું? હવે થોભો. માત્ર થોભો... આ કે તે 'માટે' નહીં, પણ કેવળ રાહ જુઓ... તેમાં શાંતિપૂર્ણ પ્રગતિની ચાવી મળી જશે. કશાક માટેની રાહ પણ સફળતા તો લાવે જ છે, પણ તે સફળતા ખૂબ જ તાણ જન્માવે છે. જ્યારે સફળતાનો શાંતિપૂર્ણ માર્ગ. હોય, તો શા માટે તાણભર્યો માર્ગ લેવો?

આધ્યાત્મિક પ્રગતિની એક સૌથી મહત્વની ગુણવત્તા છે પોતાનું કામ કરવાની આવડત અને પછી રાહ જોવી...મોટાભાગના લોકો જે અધ્યાત્મિક અનુભૂતિ-પેલી છેતરામણી નીરવતા માટે પણ ધમપછાડા કરે છે તેઓ ખરેખરે દુઃખી થાય છે તેમના વૃત્તિજન્ય રોગને કારણો અને આ રોગ એટલે 'કશાક માટે રાહ જોવી.' તે અનુભવ માટે રાહ જોવાથી તમે તમારા અનુભવના

સાક્ષી થવાને બદલે તેની વિરુદ્ધના સાક્ષી બનો છો. હકીકતે 'એ રાહ જોવાના સાક્ષીભાવ' સમક્ષ જ આધ્યાત્મિક અનુભૂતિ પોતાને પ્રગટ થવા દે છે.

કશાક માટે રાહ જોવાની ટેવથી મુક્ત થાવ અને તમે આપોઆપ માનસિક તાણથી મુક્ત થઇ જશો. તમે તમારી ભૂમિકા ભજવો અને પછી રાહ જુઓ...આ જ શાંતિપૂર્ણ પ્રગતિનો માર્ગ છે.



અનુભવ - જીવને છદ્માવેશે

મોકલેલો શિક્ષક

આપણે જીવનમાં જે પણ નવા અનુભવોનો સામનો કરીએ છીએ, તેનાથી આપણી પુખ્તતા એક ડગલું પાછળ હોય છે. જીવનમાં આવતા અનુભવોનો હેતુ જ આપણને તે પુખ્તતા પ્રદાન કરવાનો છે... પણ આ દરેક અનુભવ સાથે માત્ર આપણી પુખ્તતાનો માપદંડ જ થોડો ઊંચો નથી જતો, પણ આપણે જે પડકારોનો સામનો કરીએ છીએ તેના માપદંડ પણ થોડા ઊંચા જાય છે. આ જ રીતે જીવનનો વિકાસ ઉપર જતો જાય છે.

આપણે કેટલા જ્ઞાની છીએ કે આપણે કેટલું જીવન જોયું છે કે આપણે જે કરીએ છીએ તેમાં ઉત્તમ છીએ - અરે, આપણે ભલેને જીવન વિષેના જ્ઞાનકોશ હોઈએ - પણ તે બધું જ ગૌણ છે... એક પતન, એક ગુંચવાડો, એક ગરબડ કયાંક આસપાસ ઊભી જ હોય છે. જીવન હમેશાં પ્રવાહને, લય ખોરવે છે...

પણ યાદ રાખવું, વિકાસના પારંપારિક સ્તર પર દસમા ધોરણમાં નાપાસ થવું તે આઠમા ધોરણમાં પાસ થવા કરતાં વધારે છે. સ્થાનિક ડુંગરના શિખરને સર કરવા કરતાં એવરેસ્ટને સર કરવાના પ્રયત્નમાં નિષ્ફળ જવું પણ એક પગલું ઊંચું છે. જેટલી પુખ્તતા ઊંચી, તેટલા પડકાર પણ ઊંચા. આ રીતે જ જીવન માણસનું ઘડતર કરે છે.

જીવન એ કંઈ બે પગલાં આગળ જવું અને એક પગલું પાછળ જવું એમ નથી. એવું તો ત્યારે જ શક્ય બને છે જ્યારે વ્યક્તિ તેનું જીવન સભાનતા વિના જીવે છે... તેના અનુભવોમાંથી શીખ્યા વિના જીવે છે. જે માણસની જાગૃતિ તેને દરેક અનુભવમાંથી કશુંક પણ શીખવે છે ટ્રેમ્પોલીન (આડાં ચોકઠા પર સ્પ્રિંગથી જડેલું બજાણિયાના ખેલ માટે વપરાતું કંતાન, તેવા કંતાનની ચાદર) પર જીવે છે- તે ઉભો થવા પડે છે અને પડવા માટે ઉભો થાય છે, પણ દરેક પડતી પછીની ચડતી વધારે ઊંચી હોય છે. પછીના તબક્કામાં તેની પુખ્તતા અને પડકારો બન્નેનું સ્તર વધારે ઊંચું જાય છે.

તમારી સફળતાનું કારણ શું છે? ‘સારા નિર્ણયો.’ તમને સારા નિર્ણયો લેવા કોણ શક્તિમાન બનાવે છે? ‘જીવનના અનુભવો.’ તમે જીવનના અનુભવો કેમ મેળવો છો? ‘ખરાબ નિર્ણયોથી.’

જીવનના અનુભવોના ટ્રેમ્પોલીન પર હું અનુભવ દર અનુભવ આગળને આગળ વધું છું. દરેક

અનુભવ કાં તો મને જે જોઈએ છે તે આપે છે, અથવા તો તે મને જાગૃતિ આપે છે કે મને જે જોઈતું હતું તે હું કેમ ન મેળવી શક્યો.

હવે પછી જ્યારે પણ કોઈ નિષ્ફળતા તમારાં કેન્દ્રને ખલેલ પહોંચાડે, ત્યારે માત્ર એ યાદ રાખજો કે જીવને તમને, તમારી પુખ્તતાના માપદંડને વધારે ઊંચો કરવા, અનુભવના છૂપા વેશમાં એક શિક્ષક મોકલ્યો છે. તમારી જાગૃતિ માત્ર તમને તે અનુભવમાંથી પુખ્તતા જ ન આપે, પણ તમારી એકાગ્રતાને પણ પુનઃ સ્થિર કરે. વધારે પડકારો માટે તૈયાર રહો. આપણે મર્ત્યશીલોએ તો ઊંચે ચડવા નીચે પડવું પણ પડશે. આપણે સદભાગી લોકો છીએ કે આપણે દરેક વખતે થોડા વધારે ઊંચે ચડીએ છીએ.

•••

‘તમારું’ અને ‘મારું’ જીવન

હવે ‘આપણું’ જીવન બન્યા પછી ...

અસ્તિત્વે હેતુપૂર્વક સ્ત્રી અને પુરુષને થોડાં અધૂરાં બનાવ્યાં છે જેથી તેઓ એકબીજાને આલિંગીત રહી અને અસ્તિત્વને પૂર્ણ બનાવી શકે. જો કે, સદીઓના સંસ્કારોએ પતિ અને પત્ની શબ્દોના અર્થને સંકુચિત કરી નાખ્યો છે. તેણે સંબંધોના અવકાશને ખૂબ ઘટાડી નાખ્યો છે. તમારા શબ્દકોશમાંથી પતિ અને પત્ની શબ્દ દૂર કરો અને ‘આજીવન મિત્રો’ થવાની પ્રતિજ્ઞા લો. તો પછી પુરુષ અને સ્ત્રી બન્ને કયારેક માતાની ભૂમિકા ભજવશે તો કયારેક પિતાની, તો કયારેક તોફાની બાળકની અથવા માર્ગદર્શકની કે શિક્ષકની. કયારેક પતિ અને પત્નીની પણ. આ સંબંધોની વ્યાખ્યાનો વિસ્તાર કરો અને તેને ખુલ્લી રાખો.

દામ્પત્ય જીવનના સંબંધમાં ગૌરવ ત્યારે જ જોવા મળે, જ્યારે તમે તમારા સાથી સાથે માત્ર શરીરથી જ નહીં, પણ એક પૂર્ણ વ્યક્તિ તરીકે જોડાઓ. એકબીજાની વિચારવાની રીતનું અવલોકન કરો, અંગત મૂલ્યો, અભિપ્રાયો અને નિર્ણયોની ચર્ચા કરો, એકબીજાની લાગણીઓ પ્રત્યે સંવેદનશીલ બનો. ભાવનાત્મક સુસંગતતા વિકસાવો અને આધ્યાત્મિક સહૃદયતા વિકસાવવા શાંતિથી સાથે બેસવાનો સમય કાઢો. સમગ્ર વ્યક્તિત્વને માન આપો અને માત્ર એક શરીર જેવી ગૌણ બાબત સાથે જ નહીં પણ એક પૂર્ણ વ્યક્તિ સાથે સંધાન કેળવો.

દસ વર્ષમાં જે કરી શકાય તેને એક વર્ષમાં કરવાનો પ્રયાસ ન કરો અને એક વર્ષમાં થઈ શકે તેને એક મહિનામાં કરવાનો પ્રયત્ન ન કરો. મોટા ભાગનાં દંપતિઓ એકબીજા પર છવાઈ જવાનો પ્રયત્ન કરે છે, શરૂઆતના થોડા મહિનાઓમાં બધું જ વધારે પડતું કરે છે અને પછી તે સંબંધોમાં ઉષ્મા ચાલી જાય છે. તેઓ એક મૃત સંબંધ સાથે જ જીવ્યા કરે છે. જે વૃક્ષ થઈ શકે તેણે એક છોડવા તરીકે મૃત્યુ નથી પામવાનું. સંબંધો હળવે-હળવે વિકસાવો અને વિસ્તારો.

જીવનમાં, સારા સંબંધમાં પણ, ભૂતકાળનો ઉલ્લેખ બિનજરૂરી છે. વર્તમાન જ ઈંટનું કામ કરે છે. ભવિષ્ય તો બહુ જ મહત્વનું છે, કારણ કે ત્યાંજ તમારે બંનેએ સહપ્રવાસ કરવાનો છે. રોજબરોજની નાની-નાની બાબતોની ચર્ચા જ તમને વધારે પ્રેમમાં પાડશે. ભવિષ્યની ચર્ચા કરો, મહત્વાકાંક્ષાની વાતો કરો, સ્વપ્નાંની વાતો કરો અને એકબીજાના વિકાસમાં તટસ્થતાથી અને અવરોધરૂપ ન બની જવાય એ રીતે ભૂમિકા ભજવવાનો નિર્ણય કરો. પ્રેમમાં વિકસવાનો આ જ માર્ગ છે.

એવી એક સાર્વત્રિક માન્યતા છે કે લગ્ન એટલે બે શરીર અને એક આત્મા. પરિણામે, સ્ત્રીને મોટા ભાગે, લગ્નના નામે પુરુષનો પડછાયો બની રહેવાની ફરજ પાડવામાં આવે છે. તે ગાડું ગબડાવ્યે જાય છે, પણ નિરાશ, આત્મદયાપૂર્વક અને બલિના બકરાની જેમ, તે હમેશ તેનું શોષણ થાય છે તેવું અનુભવે છે. હકીકત એ છે કે મારું અને તમારું જીવન 'આપણું' જીવન બન્યા પછી પણ મારા અને તમારા જીવનનું અલગ અસ્તિત્વ તો છે જ. 'આપણું' જીવન એ એ વચ્ચેનો અવકાશ છે જેને લગ્ન કહેવાય છે. લગ્નમાં સુખનો આધાર બન્ને આ 'આપણા' અવકાશને કઈ રીતે લે છે અને ઉત્તરોત્તર આ અવકાશ કેમ વિસ્તરતો જાય છે તેના પર આધારિત છે. અલબત, પુરુષનું પણ પોતાનું જીવન હશે અને સ્ત્રી પણ પોતાનું જીવન જીવવાનું ચાલુ રાખશે. હકીકતે, સ્ત્રી જ્યારે પોતાના અવકાશમાં જશે અને પછી 'આપણા' અવકાશમાં આવશે, ત્યારે તે સર્વોચ્ચ આનંદમાં હશે. આ જ બાબત પુરુષને પણ લાગુ પડે છે. આથી એ નક્કી થઈ જશે કે તમે એકબીજાના અવકાશને, દરેકના વ્યક્તિગત ગમા-અણગમા અને પસંદગીઓનું કેટલું સન્માન કરો છો અને, એ વાતની ખાત્રી થશે કે તમે એકબીજાને પ્રેમના નામે ગુંગળાવતા નથી.

સાચા અર્થમાં લગ્ન પરસ્પર સંકળાયેલ બન્નેના જીવનની ગણવત્તાને સુધારતું હોવું જોઈએ. લગ્ન જીવનને આગળ લઈ જતી એક કડી અને બંને માટે શક્યતાઓનો વિસ્તાર કરનારું બની શકે અને બનવું જોઈએ.

લગ્ન ને સારું બનાવવા તેને પોષવું અને વિકસાવવું પડે છે. અદ્‌ભુત લગ્ન જીવન સર્જવું એ એક કળા છે. એટલે કલાત્મક બનો.



સંબંધમાં કઈ બાબતમાં કોનો વાંક છે
તે પ્રશ્ન નથી, પરંતુ
કોના જીવનનો પ્રશ્ન છે તે વાત છે!

તમારી જાત જેવી છે તેવી સ્વીકારવા કરતા અને
જગતમાં પરિવર્તનની અપેક્ષા રાખવા કરતા,
જગત જેવું છે તેવું સ્વીકારો અને જગત પ્રત્યેનો
તમારો અભિગમ બદલવાની શરૂઆત કરો .

જગતને કારણે જીવનને સુંદર બનવા દો .

જગત છતાં પણ જીવનને સુંદર બનાવા દો!



તમે તમારા કયા ગ્રાહકોથી છૂટકારો માગો છો?

કોઈ પણ સંસ્થા ભલે અસાધારણ રીતે પ્રગતિ કરતી હોય, પણ તેના સ્ટાફમાં બધા જ લોકો કંઈ કાર્યક્ષમ અને નિષ્ઠાવાન નહીં હોય. તેમાં પણ કેટલાક સરાસરી હશે, કેટલાક મુશ્કેલીરૂપ પણ હશે! આ બધા એક સાથે હોય છે. કરુણતા એ છે કે જેટલો સમય, ઊર્જા અને પ્રયાસ આ મુશ્કેલ લોકોને સંભાળવામાં વેડફાય છે, તેના કરતાં કાર્યક્ષમ અને નિષ્ઠાવાન લોકોને દોરવામાં ઓછો સમય જાય છે. શા માટે આપણે એવા લોકો માટે આપણો સમય, શક્તિ અને નાણાં ખર્ચવાં જોઈએ? શા માટે તેમને કાઢી મૂકીને તેને કારણે જે શક્તિ બચે તેને કાર્યક્ષમ લોકોમાં ન રોકવી?

એક સડેલું ટમેટું થોડા જ વખતમાં બીજા બધા જ ટમેટાઓને બગાડી નાખશે. તમે એ નથી જોયું કે કામ ન કરનારા થોડા જ વખતમાં બીજાને પણ આળસુ બનાવી દે છે? જો તમે તેમને સુધારી ન શકો, તો પછી તેમને કાઢી મૂકો. સડેલા ટમેટાને ફેંકી દો અને સારા ટમેટાને બચાવી લો. શું હું તમને ક્રૂર લાગું છું? જે સંસ્થા પણ કામ ન કરનારા સાથે સહાનુભૂતિ રાખશે, તેને થોડા જ વખતમાં બીજાઓની સહાનુભૂતિની જરૂર પડશે.

આ વિચાર કંઈ કોઈ ક્રાન્તિકારી નથી... અનેક સંસ્થાઓ તેનો અમલ કરે જ છે.

હવે મારો પ્રશ્ન આ છે : ‘શા માટે તમારા હાલના ગ્રાહકોમાંથી થોડા ઝઘડાળુ ગ્રાહકોથી છૂટકારો ન મેળવવો?’ એ સાચું નથી કે આ થોડા તકલીફરૂપ ગ્રાહકોને સંભાળવામાં જેટલો સમય, ઊર્જા અને પ્રયાસો વેડફાય છે, તેની તુલનામાં તમારા અનેક સાચા, વફાદાર, મહત્વના ગ્રાહકોને જાળવવામાં ઓછો સમય જાય છે? તમે ગમે તેટલું કરો, કેટલાક તો અસંતોષી રહેશે જ. તમે ગમે તેટલી તેમની સેવા કરો, તેઓ તમારાં ઉત્પાદન અને સેવાની ટીકા કર્યા જ કરશે. એવા પણ હશે જેઓ દરેક ચૂકવણા વખતે તમને ઘૂંટણીયે પાડવામાં માનતા હશે. અને જ્યારે ચૂકવણું કરશે, ત્યારે તમને આવા સોદામાંથી કશો જ નફો નહીં મળે. મોડું થયા બદલ તમે જે વ્યાજ ચૂકવો તેમાં જ તમારો નફો તણાઈ જાય. શા માટે તમારી યાદીમાંથી આવા કેટલાક ગ્રાહકોને દૂર ન કરવા અને તમારા બીજા મહત્વના ગ્રાહકો પર તે રોકાણ ન કરવું?

ગ્રાહક હમેશાં સાચો જ હોય છે- બરાબર? ના, ખોટું! ગ્રાહક રાજા છે- સાચું કે નહિ? ના,

હમેશાં નહીં. તેનો આધાર ગ્રાહક કેવો છે તેના પર છે.

શોધ માત્ર ગ્રાહકોની જ નથી કરવાની, પણ સારા ગ્રાહકોની કરવાની છે. અને કેવળ આ સારા ગ્રાહકો માટે જ તમારે મહેનત કરવાની છે. અને તેમણે તમારા વિકાસમાં સહભાગી બનવાનું છે. એ જ બન્ને પક્ષની સાચી જીત છે.

તો, તમે તમારા ગ્રાહકોમાંથી કયા ગ્રાહકોથી છૂટકારો મેળવવા માગો છો? ઓહ! આ તો ક્રાન્તિકારી વિચાર છે!



લોકોથી આગળ વધી જાઓ ,

તેમની સાથે બદલો ન લો .

મેં મારા મિત્ર સાથે એક વાર અનાથ બાળકોની સંસ્થાની મુલાકાત લીધી. અમે ત્યાં એક કર્મચારી સાથે સંસ્થાને મદદ કરવા વિશે વાત કરી. તે માયાળુ હતો. તેણે અમને કહ્યું કે તે માટે અમારે આવતી મદદ સ્વીકારતા ઈન-ચાર્જ એવા તેમનામાં જ એક સામાજિક કાર્યકર સાથે વાત કરવી પડશે. અમે તેની રાહ જોતા હતા, ત્યાં એક બહેન અંદર આવ્યાં. હિટલરને તેની કબરમાં પણ શરમાવે તેવા અભિમાની સૂરે તેમણે કહ્યું, 'ઓહ! તમે લોકો મદદ કરવા માગો છો! તો મને ૫૦૦ કિલો ચોખા આપો. મને અત્યારે માત્ર તેની જ જરૂર છે. મને બીજું કશું લેવામાં રસ નથી. અલબત, તમે લોકો તે આપી શકવાની ક્ષમતા ન ધરાવતા હો, તો પાંચ કિલો આપો... પણ મને માત્ર ચોખાની જ જરૂર છે, બીજા કશાની નહીં. અને હું જાઉં છું.' નહીં કોઈ વિવેક, નહીં કોઈ આનંદની અભિવ્યક્તિ, નહીં સ્મિત... તેઓ માત્ર પ્રવેશ્યા, થોડી શાબ્દિક ઉલટી કરી નાખી અને બસ ચાલ્યા ગયા! 'આ સ્ત્રી મદદ સ્વીકાર ચાર્જમાં છે? આ સંસ્થાનાં બાળકોને તો ભગવાન બચાવે!' મને વિચાર આવ્યો.

હું અને મારો મિત્ર થોડો સમય મૂંગા રહ્યા. અમે તો આ અપમાન અને અવગણનાના ભયાનક અનુભવથી સ્તબ્ધ જ થઈ ગયા હતા. પછી મેં મારા મિત્રને કહ્યું, 'આપણે તેમને ૫૦૦ કિલો ચોખા આપીએ. આપણે તો બાળકોનાં જીવનમાં પરિવર્તન લાવવા માગીએ છીએ, પેલા બહેનના જીવનમાં નહીં. તેમની વર્તણૂક આપણાં દિલ અને બાળકોના પેટ વચ્ચે આડખીલી ન બનવી જોઈએ'

તમે જ્યારે માંદગીમાંથી સાજા થઈ રહ્યા હો, ત્યારે ડોક્ટર કહે છે, 'દવા તમને માફક આવી ગઈ છે.' તમારું આરોગ્ય જો બગડે તો ડોક્ટરો કહે છે, 'દવાની તમારા પર આડઅસર થાય છે.' પ્રતિભાવ હકારાત્મક છે. પ્રતિક્રિયા નકારાત્મક છે. આપણે ક્યારેય જીવનની કોઈ પણ પરિસ્થિતિ પ્રત્યે પ્રતિક્રિયા ન આપવી જોઈએ, પણ હમેશાં આપણો પ્રતિભાવ દર્શાવવો જોઈએ. આપણી વર્તણૂક બાહ્ય પરિબળોના આધારે નક્કી ન થવી જોઈએ, પણ આપણી આંતરિક વિવેક બુદ્ધિના આધારે નક્કી કરવી. આપણી આંતરિક ભલાઈ પર બહારના જગતનાં કોઈ પુરુષ કે સ્ત્રી પ્રભાવક ન બનવાં જોઈએ.

જગત કેમ વર્તે છે તે આપણે નથી જોવાનું. સૌથી મોટું ગૌરવ તો પોતાની નજરમાં મોટા રહેવાનું

છે. તમે ગમે તે કર્યું હોય, તમે ગમે ત્યાં જાવ, તમે ગમે તે કરો... તમારે તમારું ચારિત્ર્ય સાચવીને જીવવાનું છે.

બીજા લોકોની મર્યાદા આપણને મર્યાદિત ન કરી શકવી જોઈએ. 'પેલો ખોટું કરે છે'- એ આપણું ખોટું કરવાનું બહાનું ન બનવું જોઈએ. ખોટા સામે ખોટું- આ પ્રત્યાઘાત બરાબર નથી. આપણે આપણી ભલાઈને છોડવાની નથી. જ્યારે પણ તક મળે ત્યારે આપણે લોકોથી એક ડગલું આગળ જવાનું છે, તેમની સાથે બદલો નથી લેવાનો.

• • •

લાગણીઓ સ્વીકારો .

લાગણીવેડા નહીં!

પતિ અને પત્નીએ તેમના લગ્નની પહેલી વર્ષગાંઠે એકબીજાને કાર ભેટ આપી. તેઓ તેને શહેરમાં હાંકી ગયા. દરિયા કિનારે ફર્યા. ડ્રાઈવ—ઈન સિનેમામાં ફિલ્મ જોઈ. છેવટે ઘેર પાછાં ફર્યા. તેમના પાસે ગેરેજ ન હોવાથી, તેમણે કારને શેરીમાં જ પાર્ક કરી. બીજી સવારે જ્યારે તેઓ ઉઠ્યાં, ત્યારે તેમને એ જોઈને આઘાત લાગ્યો કે તેમની કાર ગૂમ થઈ ગઈ હતી. તે ચોરાઇ ગઈ હતી તેમની પહેલો જ કાર, તેમના લગ્નની પ્રથમ વર્ષગાંઠની ભેટ, અને તેમણે માત્ર એક જ દિવસ તેને માણી હતી. પત્ની તો તે સહન જ ન કરી શકી. ભીની આંખે તે સોફા પર ઢળી પડી. પતિને પણ જબરો આઘાત લાગ્યો હતો, પણ તેની પત્ની પરના તેના પ્રેમે તેણે તે પળને સાચવી લીધી. તેણે તેને આલિંગન કર્યું અને કહ્યું, 'કાર ગૂમ થઈ છે. તને આઘાત લાગે તે સ્વાભાવિક છે. કાર ગૂમ થઈ. પણ તેને હળવાશથી લઈ શકે છે. ગમે તે રીતે વિચાર, કાર તો ગૂમ થઈ જ છે તો પછી હળવાશથી કાં ન લે?' પત્નીએ તેના સામે તીવ્રતાથી જોયું અને તે પળ પસાર થઈ ગઈ. બે મહિના પછી પોલીસે એક કાર ચોરી કરતી ટોળી પાસેથી કારને શોધી કાઢી અને કાર પતિના હાથમાં ફરી આવી ગઈ. તે જ સાંજે, પોલીસ સ્ટેશનથી ઘેર પાછા ફરતાં પતિથી તે કાર એક ટ્રક સાથે અથડાઈ ગઈ. આ વખતે તેનો વારો હતો. તે સહન ન કરી શક્યો. ઘેર પાછા આવીને, તે રડતો-રડતો સોફા પર બેસી ગયો. પત્નીને પણ આંચકો તો લાગ્યો જ હતો. પણ પતિ પરનો તેનો પ્રેમ જીતી ગયો. આ વખતે તે તેને વળગી પડી અને બોલી 'કાર જ અથડાઈ છે ને. તને આઘાત લાગે તે સ્વાભાવિક છે. કાર અથડાઈ છે. તેને તું હળવાશથી લઈ શકે છે. ગમે તે રીતે વિચાર, કાર તો અથડાઈ જ છે. તો પછી શા માટે હળવાશથી ન લેવું'

તાર્કિક સવાલ : જ્યારે કાર ચોરાઈ જાય કે અથડાઈ જાય, તો કોઈ તેને હળવાશથી કેમ લઈ શકે? પણ તો તમે કરી પણ શું શકો? તમે ઉદાસીન થાવ અથવા તે બાબતને હળવાશથી પણ લઈ શકો. ગમે તે રીતે, લાગણીનો ઉભરો શાંત થયા પછી જે કરવાનું છે, તે તો કરવાનું જ છે. પોલીસને ફરિયાદ કરવાની છે. કારને વર્કશપમાં મોકલવાની છે. વીમાનો દાવો પણ કરવાનો છે. જે કરવાનું છે તે તો કરવાનું જ છે.

બાળક એક વિષયમાં નાપાસ થયું છે. પિતા તેને થોડી થપ્પડો મારે છે. માતા વારંવાર પોતાનું કપાળ કૂટે છે અને રડે છે. આ બધા ગુસ્સા પછી શું? હવે તમારા બાળકને તે વિષયમાં

શિક્ષણ આપતી વખતે વધારે સંભાળ લેવી પડશે-તેને કદાચ ટ્યુશનની પણ જરૂર પડે. જે કરવાનું છે તે તો કરવાનું જ છે. તમે જરૂરત કરતાં થોડો વધારે સમય દૂધને ગેસ પર મૂક્યું. ગરમ થઈ ગયેલ દૂધ વાસણની ચારે બાજુથી ઉભરાવા લાગ્યું. ચીસ, બૂમરાણ, બરાડા, તાણ, અને તમારું બી.પી. વધી ગયું... આ બધા લાગણીવેડા પછી પણ આખરે હવે શું? તમે ગેસની સ્વીચ બંધ કરી નાખશો. વાસણ હટાવી લેશો. રસોડાનું પ્લેટફોર્મ સાફ કરશો. છેવટે તો, જે કરવાનું છે તે કરવાનું જ છે.

સ્ટોક માર્કેટના કડાકાથી મહત્વના કર્મચારીના રાજીનામાથી પ્રિયજનનાં મૃત્યુ સમયના લાગણીના ઉભરા પછી આખરે તો જે કરવાનું છે તે તો કરવાનું જ છે. અહીં આપણે લાગણી ન રાખવાનું નથી કહેતા, પણ લાગણીના અતિરેકની પ્રતિક્રિયા ટાળવાનું કહીએ છીએ. એ તો સમજી શકાય કે જ્યારે તમે તમારું વાહન ગુમાવો છો, ત્યારે હદયના ધબકારા ચૂકી જાઓ છો. તમારું બાળક નાપાસ થાય છે, ત્યારે તમે નિરાશામાં ડૂબી જાવ છો. પ્રિયજન મૃત્યુ પામે છે, ત્યારે દુઃખી-દુઃખી થઈ જાઓ છો. લાગણી ભલે હોય, પણ લાગણીનો અતિરેક ન હોવો જોઈએ.

પરિપક્વ લાગણીની અભિવ્યક્તિનો અર્થ લાગણીઓ ટાળવી એવો નથી થતો, પણ લાગણીનો અતિરેક ટાળવો એવો થાય છે. અને જે પણ થયું હોય, જે કરવાનું છે તે તો કરવાનું જ છે. તો પછી અતિરેક શા માટે?



તમે દિવાલમાં માથાં ક્યાં સુધી પછાડ્યા કરશો?
તમને કદાચ લોહી નીકળશે ,
પણ દિવાલ તો કયારેય પણ તમારા માટે નહીં ઉઘડે .

ક્યાં સુધી તમે તમારા નસીબને દોષ આપ્યા કરશો
અને કેરીનાં વૃક્ષ નીચે ઊભા રહી
ક્યાં સુધી તમે સંતરા ટપકે તેવી આશા રાખશો?
સંભવ છે, તમે થાકીને પડી જાઓ,
પણ કેરીનાં વૃક્ષ પરથી સંતરાં ક્યારેય નહીં પડે .

જે છે, તે છે .
જે નથી, તે નથી .

શું પકડવું અને શું છોડી દેવું
એ જે જાણે છે, તે અદભૂત છે .

• • •

સારપ ને બોલવા દો

એક મહત્વાકાંક્ષી યુવાન એક દૈનિક પત્રમાં તાલીમાર્થી તરીકે જોડાયો. ત્રણ દિવસની કઠોર તાલીમ મેળવ્યા પછી તેને બહાર જવાનું કહેવામાં આવ્યું. એક પ્રકાશિત કરી શકાય તેવા સમાચાર સાથે આવવા કહેવાયું. છ કલાક શેરીઓમાં રખડયા પછી અને ગરમીમાં રોકાયા પછી, તે તેની ઓફિસમાં નિરાશ થઈને પાછો વળતો હતો, કારણ કે તેણે કોઈ જ ઉપયોગી વાત મેળવી ન હતી. તે એક ચોકડી પાસે આવ્યો જ્યાં ત્રણ રસ્તા ‘વાય’ આકારમાં મળતા હતા. તેણે બે બસને એકબીજી તરફ ચોકડી પર સામસામેથી ધસી આવતાં જોઈ. તેને ખ્યાલ ન હતો કે તે ક્યાં જતી હતી. અકસ્માત અનિવાર્ય હતો આ યુવાન રિપોર્ટરે તેની હાજરજવાબી બુદ્ધિનો ઉપયોગ કર્યો. તે બે રસ્તા મળતા હતા ત્યાં દોડયો. તેણે જોરજોરથી પોતાના બન્ને હાથ હલાવવા માંડ્યા જોર-જોરથી ચીસો પાડવા માંડી. છેવટે તે બન્ને બસોને રોકવામાં સફળ થયો બન્ને બસોના બધા મુસાફરોએ તે યુવાનનો હાથ તેમના હાથમાં લીધો અને ખૂબ-ખૂબ આભાર માન્યો. કેટલાકે તો તેને ચૂંબન પણ કર્યું. જો કે, આ યુવાન રિપોર્ટર પાસેથી તેની આ બહાદુરીભરી વાત સાંભળી છાપાંના તંત્રીએ તેને કાઢી મૂક્યો. તેણે કહ્યું ‘તે તો હેડલાઈન બની શકે તેવી એક નાટ્યાત્મક વાત રજૂ કરવાની સોનેરી તક ગુમાવી’

આપણે દુષ્ટ જગતમાં નથી જીવતા. પણ સમાચાર કેવળ દુષ્ટતાના જ બને છે. જે વિશ્વમાં માત્ર દુષ્ટ જ વધારે પડતી ધાંધલ કરે છે, તેમાં આપણે એવા ઉપાયો કરવાના છે જેના દ્વારા શુભ પણ પોતાનો અવાજ રજૂ કરી શકે. આપણે મૌન ન રહી શકીએ. ધૂમ્રપાન, દારુ, ગુટખા અને એવી અનેક હાનિકારક વસ્તુઓની પૂરતી જાહેરાત થાય છે. પણ જે સારી પ્રવૃત્તિઓ થાય છે તેનો પ્રચાર કરવા માટે શું થાય છે?

જે લોકો કર નથી ભરતા, તેની હેડલાઈન્સ બને છે. તો પછી જે કર ભરે છે તેના માટે પહેલા પાને એક સમાચાર કેમ ન બને? ખૂનીઓના ફોટા ચમકે છે... તો પછી જેઓ જીવન બચાવે છે તેના શા માટે નહીં? સૈનિક વિશે રોજ એક સમાચાર કેમ ન હોય?

જગતમાં જાઓ અને જે લોકો વિશે તમે જે સારું જાણો છો તેના વિશે કહો. તમારા મિત્રોને તમારા માતા-પિતાના સદ્ગુણો વિશે વાત કરો. તમારી ક્લબના બધાને ખબર હોવી જોઈએ કે તમે તમારાં બાળકો બાબતે કેવું ગૌરવ અનુભવો છો. તમારા શિક્ષકોના જે ગુણો તમને પસંદ છે તેના વિશે બુલેટિન પર નોંધ લખો. તમારી આસપાસ જે સામાન્ય લોકો રહે છે તેઓ જે અસાધારણ કાર્ય કરે છે તેને ચારે તરફ પ્રસરાવો. તમારા સાસુ-સસરાને કાગળ લખો અને આભાર માનો કે તેનો પુત્ર કે પુત્રી તમારો સાથી છે તે માટે તમે પોતાને કેવા ભાગ્યશાળી માનો છો. માત્ર તેની મૌન પ્રસંશા ન કરો પણ મોટા અવાજે કહો, વાજતે ગાજતે વધાવો... જે કંઈ

સારું તમે તમારી આસપાસ જુવો છો.

ચાલો, આપણે બધા સાથે મળીને જગતને જાણ કરીએ કે આ જગત હકીકતે બહુ જ સારું જગત છે...



કોઈ પણ આકર્ષણને

થોડો વિરામ આપવો જરૂરી છે.

બ્રેક લીધા વિના આપણે

“બ્રેક” થઈ જઈશું .

હૃદયની આરામદાયક ગતિ (resting heart rate તે) તમે સવારે જાગો છો, પણ હજી તમે પથારીમાં હો છો, ત્યારે તમારા હૃદયના ધબકારાને માપતો માપદંડ છે. નીચો હાર્ટ રેટ સૂચવે છે કે બે ધબકારા વચ્ચે તમારું હૃદય પૂરતો આરામ લે છે. ઊંચો હાર્ટ રેટ એમ સૂચવે છે કે આ સંદર્ભમાં તમારું હૃદય વિશ્રામ નથી કરતું. એટલે જેટલો નીચો હાર્ટ રેટ, તેટલું તમારું હૃદય સ્વસ્થ. ટૂંકમાં, આપણે જે હૃદયની પ્રસંશા કરીએ છીએ કે તે આરંભથી અંત સુધી સતત કામ કરે છે, તેને પણ સતત કામ કરવા માટે થોડો આરામ મળવો જરૂરી છે.

આપણી એક કમનસીબ માન્યતા એવી છે કે રજાના દિવસો તો કેવળ પૈસાદારો અને મહત્ત્વના લોકો માટે, અને માત્ર બાળકો માટે છે. આપણે હજી પણ રજાના દિવસોમાં કયાંક જવાને ખર્ચાળ માનીએ છીએ. મોટા ભાગના લોકો માટે, રજાના દિવસો એટલે ધાર્મિક પવિત્ર દિવસો-કામ કરવાના સ્થળે થી જ રજા.

જ્યારે મન અને શરીર તેની સહનશક્તિની હદે પહોંચી જાય છે, ત્યારે કાર્યક્ષમતા ઘટે છે. આપણી ઊર્જાનાં સ્તરને પુનઃ નવપલ્લવિત કરવા દિવસના અંતે આપણે આરામ લઈએ, તો આ રજાના દિવસો આપણા મન, બુદ્ધિ અને લાગણીઓને પુનઃ શકિતમાન બનાવે છે અને પરિણામે ચેતના ઉત્સાહિત થાય છે.

આપણે જો કદાચે રજા પર જઈએ, તો પણ એક જ દિવસમાં અનેક સ્થળોની મુલાકાત લઈ આપણી જાતને થકવી નાખીએ છીએ. એમાં તો પુષ્કળ પ્રવાસ હોય છે, જોવાનું હોય છે, ધાર્મિક સ્થળોની મુલાકાત હોય છે અને અનંત ખરીદી હોય છે. આવા રજાના દિવસો,

આરામનું સાધન બનવાને બદલે, હકીકતે આપણને ખલાસ કરી નાખે છે. જે લોકો તેમના હનીમૂન દરમ્યાન પણ આમ કરતા હોય તેમના વિશે તો શું કહેવું!

પરિવારના સંબંધોને મજબૂત કરવા રજા લેવી એ શ્રેષ્ઠ રોકાણ છે. તે જ રીતે, સંસ્થામાં પણ રજા લેવાથી પરસ્પરના સંબંધો પણ મજબૂત થાય છે. તેમાં એકબીજા સાથે ખલેલ વિના સમયગાળી શકાય છે જેને પરિણામે જે લાગણીઓ દબાઈને પડી હોય છે તેનાથી મુક્ત થવાય છે. તે રોજિંદા જીવનને તોડે છે જે મોટા ભાગના લોકો માટે એક વ્યાવસાયિક કસરત થઈ ગઈ હોય છે. તે માત્ર મનોરંજન જ પૂરું નથી પાડતા, પણ આપણી ચેતનાને પણ નવપલ્લવિત કરે છે.

તમારા મોબાઈલ ફોન, લેપટોપ અને વધારાનાં વસ્ત્રોને ઘેર મૂકી આવો. તમારા આ રજાના દિવસો દરમ્યાન હળવાંફૂલ કપડાં પહેરો. મોડેલ થવાનું ભૂલી જાવ. તમારી રજાપૂરી ન થાય ત્યાં સુધી ઓફિસે ફોન ન કરવાની પ્રતિજ્ઞા લો. ભગવાન ખાતર ત્યાં જઈને તમારી રસોઈ કરવાનું શરૂ ન કરી દો. તમારી જીભને નવી-નવી વાનગીઓનો લાભ આપો. તો તમે પાછા આવશો ત્યારે જાણે આકાશમાં ઊડતા હો તેવી અનુભૂતિ થશે. તમને એ પણ ખ્યાલ આવશે કે ’જગતનો ભાર તમારા માથાં પર ન હતો અને તે તમારા વિના બરાબર ચાલતું હતું.’

રજા મુક્ત થવા માટે છે... રજા વિચારોની ભરમાર અને કામની જડતાને તોડવા માટે છે... રજા નવપલ્લવિત થવા માટે છે... રજા એ નવી તાજી હવા શ્વાસમાં લેવા માટે છે... રજા પાછળ જોવા માટે અને દૂર જોવા માટે છે... રજા તમારા કુટુંબને પૂરો સમય સમર્પિત થવા માટે છે... રજા પૂર્ણ સમયના સાથી થવા માટે, માતા પિતા થવા માટે, પૂર્ણ સમયનાં પુત્ર-પુત્રી થવા માટે છે... રજા તમારી ઉપાધિઓ અને વળગણોથી મુક્ત થવા માટે છે.

કોઈ પણ કાર્ય કરવાની શક્તિ મેળવવા માટે આરામ કરવો પણ જરૂરી છે. રજાના દિવસો ફરજિયાત છે. જો આપણે રજા નહીં લઈએ, તો ભાંગી પડશું. તમે જાણો છો કે ખુદ ભગવાને પણ રજાનો દિવસ રાખ્યો હતો? ’છ દિવસ સુધી ઈશ્વરે સ્વર્ગ અને પૃથ્વી બનાવ્યાં અને પછી સાતમા દિવસે તેણે આરામ કર્યો, અને તે તાજા થઈ ગયા.’ (એકજોડસ : ૩૧:૧૭)



કોઈ પણ આકર્ષણ માટે તેનાથી
થોડો સમય અળગા રહેવું જરૂરી છે .

જ્યારે પણ તમે એક પ્રવૃત્તિથી
બીજી પ્રવૃત્તિ બદલીને પહેલી પ્રવૃત્તિ શરૂ કરો,
ત્યારે તમારી કાર્યક્ષમતા વધે છે .

કોઈ પણ પ્રકારની એકવિધતાને તોડવાની છે.
કોઈ પણ પ્રકારનું પરિવર્તન
તમારા મનને હળવું બનાવે છે.
અને હળવું મન હમેશાં સારી રીતે વિચારી શકે છે .

એટલે જ લોકો હમેશાં પ્રકૃતિના ખોળે
સારી રીતે વિચારી શકે છે,
કારણ કે વ્યક્તિની કાર્યશક્તિને પ્રેરક
જે પણ સર્જનાત્મક શકિત જરૂરી છે,
તે પ્રકૃતિ પૂરી પાડે છે .



વાત સાચા-ખોટાની નથી,

વાત સુસંગતતાની છે .

તમે ૨૦‘×૧૬’નો રૂમ ઈચ્છો છો અને તમારો આર્કિટેકટ વિચારે છે કે ૧૬’×૧૬’નો રૂમ પૂરતો છે. એક વિચાર બીજા વિચારથી ઉત્તમ નથી, પણ મુદ્દો આ બે વચ્ચેનો છે - ‘તમને શું જોઈએ છે’ અને ‘તમે શું મેળવો છો.’ એક આર્કિટેક્ટ તરીકે ‘તમે શું આપવા માગો છો’ અને સામે ‘તમારો ગ્રાહક શું માગે છે‘ તે મુદ્દો છે. આ કંઈ સાચા-ખોટા બાબતે નથી કે સારા-ખરાબ વચ્ચે પણ નથી. કે સારુ કે વધારે સારું વચ્ચે પણ નથી. વાત તો સુસંગતતા અને સહકારની છે.

ચોરસ એ વર્તુળ જેટલું જ સારું છે. એટલે, જ્યારે ચોરસ ખાનામાં ચોરસ ખીલો હોય અને ગોળ ખાનામાં ગોળ ખીલો હોય, તો કોઈ મુશ્કેલી હોતી નથી. મુશ્કેલી તો ત્યારે ઊભી થાય છે જ્યારે આપણે ચોરસખાનામાં ગોળખીલાને બેસાડવાનો પ્રયત્ન કરીએ છીએ. એક દાંત ખોતરવાની સળી જે કરી શકે તે બૂલડોઝર ન કરી શકે. કયારેક શ્રેષ્ઠ પૂરતું નથી. સૂર્યમુખી ખૂબ સુંદર છે, પણ ગુલાબના બાગમાં તે યોગ્ય નથી.

સિસ્ટમથી ચાલતી સંસ્થામાં કામ કરનાર વ્યકિતને કોઈ વિકાસ કરતી સંસ્થામાં લઈ આવો તો તે જબરી અવ્યવસ્થા ઊભી કરશે. વળી, જે સત્તા, પદ અને ચોક્કસ વ્યવસ્થાથી ટેવાયેલા હશે, તે એવા માળખા વગરની સંસ્થામાં કયારેય હળવાશ નહીં અનુભવે. આવા લોકો અનેક મુશ્કેલીઓ ઊભી કરે છે અને છેવટે સંસ્થાને છોડી જાય છે. આવા લોકોની કાર્યક્ષમતાનો અહીં સવાલ નથી. વાત એટલી જ છે કે ગોળ કાણામાં ચોરસ ખીલો ફીટ નહીં થાય.

આપણે હમેશાં લાયકાતો, અનુભવ, પ્રતિભા, કૌશલ્ય, વલણ, કાર્યક્ષમતા, પ્રવૃત્તિ, ઉંમર, જાતિ વગેરે માગીએ છીએ, પણ હકીકતે આપણે આ પ્રશ્નોનો જવાબ શોધવાનો છે, ‘મારી સંસ્થામાં જે પદ્ધતિ ચાલે છે તેના માટે તે સુસંગત છે?’

લગ્ન સમયે આપણે છોકરીનો દેખાવ, કુટુંબ અને શૈક્ષણિક લાયકાતો ધર્મ જ્ઞાતિ વગેરે શોધીએ છીએ, પણ હકીકતે આપણે આ સવાલનો જવાબ શોધવાનો છે, ‘તે આપણા કુટુંબમાં ભળી જશે ખરી?’ તે ભલેને મોટી કંપનીમાં કામ કરતો હોય, ભલેને તે ઉચ્ચ શિક્ષણ લીધેલ હોય, ભલેને તે ૬’×૨’ ઊંચાઈનો હોય, પણ તેને તો ગૃહિણીની જરૂર છે અને તમે તો કારકિર્દી

બનાવવા માગે છો. આ એક વાત સામે બધાં જ પરિબળો વ્યર્થ બની જાય છે. તમે સ્વાદિષ્ટ ખોરાકના શોખીન છો અને તમે એવી પત્નીને પરણ્યા છો જે જ્યારે સારાં ભોજનની વાત કરો, ત્યારે તે પીજા હટ મેનુ કાર્ડનો જ આગ્રહ રાખે છે.

વ્યક્તિગત પ્રતિભા સામૂહિક પ્રતિભા કરતાં તદન અલગ છે. એ સાચું કે પ્યાદાં કરતાં ઘોડો વધારે શક્તિશાળી છે, પણ જ્યારે તમે સફેદ મોહરાથી શેતરંજ રમતા હો, ત્યારે સફેદ પ્યાદું કાળા ઘોડા કરતાં વધારે કિંમતી નથી?

સુસંગતતા હોય તો ૧ + ૧ = ૩ છે. અને તે ન હોય તો ૧ + ૧ = ૦ જ થાય.



યોગ્ય હાથોમાં ઘડાવાનો લાભ

મળવા જેવું વિશેષ કશું જ નથી .

આપણે અનેક વાર એવા લોકોને મળતા હોઈએ છીએ જેઓ પોતે પ્રાદેશિક ભાષાના માધ્યમમાં ભણવા બદલ પોતાના ભાગ્યને દોષ આપે છે. પણ તેઓ જે ભાષા શીખવા માગતા હોય છે તે એક વર્ષના નિયમિત અભ્યાસથી શીખી શકે છે અને પોતાની તે નબળાઈ દૂર કરી શકે છે. કેટલીય વાર લોકો પોતાનો ડ્રાઈવર ન આવે તેને કારણે પડતી તકલીફના કારણે હેરાન થતા જોવા મળે છે. કાર તેમના ગેરેજમાં સામે હોવા છતાં તેનો ઉપયોગ નથી કરી શકતા. એક મહિનાની તાલીમથી તેઓ ડ્રાઈવીંગ શીખી શકે છે અને એ મર્યાદા દૂર કરી શકે છે. જાહેરમાં બોલવું એ મૃત્યુ પછીનો ભય મનાય છે. છતાં, વિધિસર શીખવામાં આવે, તો થોડા જ અઠવાડિયાઓમાં વ્યક્તિ જાહેરમાં બોલવાની કળાને સિદ્ધ કરી શકે છે.

જ્યારે એક નબળાઈ કે મર્યાદા દૂર કરી શકાતી હોય, તો પછી શા માટે તેના માટે હેરાન થવું અને આપણા બાકીના જીવનને પાંગળું કરી નાખવું? થોડો સમય તાલીમને આપો, મર્યાદાને દૂર કરો અને બાકીના જીવનમાં તેના ફાયદા માણો.

વિધિવત અને વ્યવસ્થિત તાલીમ માત્ર આપણી મર્યાદાને દૂર કરવામાં જ મદદ નથી કરતી, પણ આપણે જેમાં ઉત્તમ છીએ તેને વધારે સારું કરવામાં પણ મદદ કરે છે.

કોઈ પણ દોડી શકે છે. પણ, જો તમે એથલીટ બનવા માગતા હો, તો તમારે યોગ્ય, વ્યવસ્થિત તાલીમમાંથી પસાર થવું પડશે. વિધિસરની અને વ્યવસ્થિત તાલીમથી ગમે તેવું લખાણ લેખન બને છે. વિધિસરની અને વ્યવસ્થિત તાલીમથી બોલવું સંભાષણ બને છે. વિધિસરની અને વ્યવસ્થિત તાલીમથી કસરત આરોગ્યનો કાર્યક્રમ બને છે. તમે જો ચેસ રમવા માગતા હો, તો તમે ગમે તેના પાસે શીખી શકો છો. પણ જો તમે તેમાં ચેમ્પીયન બનવા માગતા હો તો તમારે તાલીમ પામેલા કોચ પાસેથી વ્યવસ્થિત તાલીમ લેવી પડશે. યોગ અને ધ્યાન, જો માત્ર સમય પસાર કરવાનાં સાધન ન બનાવવાં હોય તો, તે માટે વ્યવસ્થિત દીક્ષા લેવી પડશે.

દાદીમાના નુસખા જેવું ઉત્તમ કશું નથી, છતાં તે પણ માંદાં પડે છે, ત્યારે શું આપણે તેને ડોક્ટર પાસે નથી લઈ જતા? વિધિસર અને વ્યવસ્થિત તાલીમનો કોઈ જ વિકલ્પ નથી. ઘણી વાર સારું, વધારે સારું અને શ્રેષ્ઠ વચ્ચેનો તફાવત તાલીમની ગુણવત્તા પર રહેલો હોય છે.

મહમદ અલીએ એક વાર કહેલ, ‘હું મારી તાલીમની દરેક ક્ષણને હાડોહાડ ધિક્કારતો હતો, પણ હું કહેતો, ’મારે તે છોડવાની નથી. અત્યારે ભલે દુઃખ ભોગવવું પડે, પણ બાકીનું જીવન મારે ચેમ્પીયન તરીકે જીવવું છે.’

આવડત જ્યારે વ્યવસ્થિત તાલીમમાંથી પસાર થાય છે, ત્યારે તે કૌશલ્ય બને છે. શ્રેષ્ઠ થવાનો બીજો કોઈ જ ઉત્તમ માર્ગ નથી. યોગ્ય હાથોમાં ઘડાવાનો લાભ મળવા જેવું વિશેષ કશું જ નથી.



જેનો સામનો કરવાનો જ છે

તે મોડા કરતા વહેલા કરો .

"તમે તમારા આરોગ્યની તપાસ છેલ્લે ક્યારે કરાવી?" ડોક્ટરે પૂછ્યું. "ના, ડોક્ટર, મેં તો મારા આરોગ્યની તપાસ ક્યારેય કરાવી જ નથી." માણસે જવાબ આપ્યો. "એમ કેમ?" ડોક્ટરે નવાઈથી પૂછ્યું. પછી ઉમેર્યું, "૪૦ પછી, તમારે દર બે વર્ષે તમારા આરોગ્યની તપાસ કરાવતા રહેવું જોઈએ." માણસે કહ્યું, "મને જરૂર નથી, ડોક્ટર. એમ કરીશ તો મારા રિપોર્ટ આવશે કે મારું કોલેસ્ટોરેલ લેવલ ઊંચું છે કે હું ડાયાબિટીક છું... ભગવાન જાણે શું-શું! હું તો તદન સ્વસ્થ છું. એક વાર તપાસ કરાવીશ ને તો તરત જ માંદો થઈ જઈશ."

એ જાણતા હોઈએ કે પલાયનવાદ ક્ષણિક છે, અને એ પણ બરાબર જાણતા હોઈએ કે તમે જીવનમાં કશાથી પણ વારંવાર ભાગી શકતા નથી, તો પછી હજી પણ ભાગવાનો પ્રયત્ન શા માટે કરો છો? શા માટે તમે જે નથી તેની આશા રાખો છો? શા માટે તમારે જે જાણવાની જરૂર છે, તે જાણવા નથી માગતા? જો તમે આંખ બંધ કરી લેશો, તો એને અર્થ એ નથી કે જગત પણ અંધ બની જશે. છેવટે તો જેનો સામનો કરવાનો છે, તે તો કરવો જ પડશે. તો પછી આ 'પછી' શા માટે? શા માટે તે ટાળવું? શા માટે મોડું કરવું? ગઈ કાલે તમે જે નાના તણખાથી બચવાનો પ્રયાસ કર્યો તેનો તમારે આવતી કાલે જંગલની આગ તરીકે સામનો કરવો પડશે.

એ હકીકત છે કે આપણામાંથી મોટા ભાગના લોકો જીવનનાં તથ્યોનો સામનો કરવાની હિંમત નથી ધરાવતા. અને આપણે જીવનનાં તથ્યોનો સામનો કરવાની હિંમત નથી ધરાવતા તેનો સામનો આપણે કરવો જ જોઈએ.

હું માનું છું કે મારો મિત્ર મારાથી દૂર જઈ રહ્યો છે. જો તમે આ તથ્યનો સામનો કરશો, તો જ તે માટે કશુંક કરી શકાશે. હું માનું છું કે અમે માતા-પિતા તરીકે અમારા પુત્ર પર જેટલો પ્રભાવ પાડી શકીએ છીએ, તેના કરતાં તેના મિત્રો તેના પર વધારે પ્રભાવ પાડે છે. ન ગમે તેવી વાત છે, તેમાં શંકા નથી, પણ તેનો સામનો કરશો તોજ કશુંક થઈ શકશે. મને લાગે છે કે મારું લગ્ન જીવન ભંગાણના આરે છે. સાચું, તે એક હૃદયવિદારક હકીકત છે, પણ તે હકીકતનો સામનો કરવાની અનિચ્છા કોઈ જ ઉપાય નહીં કરી શકે. મને લાગે છે કે સ્પર્ધા અમારા માર્કેટના શેરને ખાઈ જાય છે. મને લાગે છે કે મારા થોડા કર્મચારીઓ મારા હરીફ સાથે જોડાવાની તૈયારી કરી

રહ્યા છે. મને લાગે છે કે હું જે રીતે કામ કરું છું તે રીતે માત્ર મિત્રો બને છે એવું નથી. દુશ્મનો પણ બની શકે છે. ભલે મેં તેને અનેક વાર કહ્યું હતું કે તે તેની ભૂલ હતી, મને ખબર છે કે હું ખોટો હતો. આવી યાદી તો અનંત છે...

જો તમે માત્ર હકીકતોનો સામનો કરશો, તો જ તેના વિશે કશુંક કરી શકશો. જો તમે હકીકતને અવગણશો, તો તે વધારે ત્રાસદાયક બનશે અને વારંવાર હેરાન કર્યા કરશે. છેવટે, અત્યારે તો હકીકતનો સામનો કરો. તો તે વિશે કશુંક કરી શકશો. જેને તમે ટાળો છો, તે કંઈ તમારા પાસેથી ચાલ્યું નથી જતું. તે વધારે ગંદું બને છે અને વારંવાર તમારા સામે આવ્યા કરે છે. જે હકીકતોથી તમે ભાગવાનો પ્રયાસ કરો છો, તે તમને 'મેં આમ કર્યું હોત... હું કરી શક્યો હોત... મારે આમ કરવું જોઈતું હતું...' જેવા વિચારો ભવિષ્યમાં હેરાન કર્યા કરશે.

તમે હમેશાં યોગ્ય મેડિકલ સલાહ મેળવી શકો છો, સ્વસ્થ રહેવાનો કાર્યક્રમ અપનાવી શકો છો અને યોગ્ય આહાર લઈ શકો છો. તમે વાતચીત દ્વારા તમારા મિત્ર સાથેના મતભેદો હળવા કરી શકો છો. તમે તમારા સંતાનના ઉત્તમ મિત્ર બનવામાં પહેલ કરી શકો છો. નવી બજારો શોધી શકો છો. કોઈ માર્ગદર્શક શોધી શકો છો જે તમને વધારે ઉચ્ચ સ્થિતિએ લઈ જાય. એક નાનો પણ જબરો શબ્દ 'સોરી' બોલવાની હિંમત કેળવી શકો છો. હમેશાં કશુંક તો કરી જ શકાય છે. જીવનનાં ક્રૂર સત્યનો હિંમતથી સામનો કરો, એ જાણીને કે તે માટે કશુંક તો કરી જ શકાય છે.

જ્યારે પણ કોઈ ઉપાય શોધાયો હશે, ત્યારે તે એટલા માટે શોધાયો હશે કે કોઈ તેનો સામનો કરવા ઈચ્છુક હતું. બધાની શરૂઆત તો હકીકતોનો સામનો કરવાથી જ થાય છે. હકીકતનો સામનો કરીને - જેને તમે હમેશ ટાળતા હતા -પહેલી વાર તમે જીવન સામે સીધી નજરે જોવાનો પ્રયાસ કરો છો. તમારા-મારા જેવા લોકો માટે પલાયનવાદ નથી. જો સત્યનો સામનો કરવાનો જ હોય, તો તેનો સામનો તરત કરો.



જીવન તો શતરંજની રમત જેવું છે
અને તમે આ રમત ઈશ્વર સાથે રમી રહ્યા છો .

તમારી દરેક ચાલ પછી,
તે પોતાની ચાલ ચાલે છે .
તમારી ચાલને તમારી 'પસંદગી' કહેવાય છે
અને તેની ચાલને 'પરિણામ' કહેવાય છે .

તમારી કસોટી થાય છે ...
તમને પડકારવામાં આવે છે ...
તમને ખૂણામાં પણ ધકેલી દેવામાં આવે છે .

છતાં જ્યારે તે જુએ છે કે
તમે તમારી રમત બહુ સારી રીતે રમો છો

તો તે તમને બાજી જીતવા દે છે
અને તેમ કરીને તે પોતે જીતી જાય છે.



કોઈક માટે સર્વોત્તમ ઉપહાર બનો .

મને એવા સંબંધની જરૂરત હોય છે કે જેમાં મારે કોઈ જ ખુલાસા કરવા પડતા નથી. સતત પોતાને વિશે ખુલાસા કરવા જેવી થકવી દેતી કોઈ જ બાબત નથી. માનસિક થાક શારીરિક થાક કરતાં વધારે ચૂસી લે છે. એટલે એવો સંબંધ શોધું છું જેમાં હું વિશ્વાસની સ્વતંત્રતા માણી શકું, જ્યાં મારે બધી જ બાબતોના ખુલાસા ન કરવા પડે.

મારે એવા સંબંધની જરૂર છે જેમાં મને મારો ગુનેગાર ગણવામાં ન આવે. મારું પોતાનું સામર્થ્ય છે. મારી પોતાની મર્યાદાઓ છે. હું એક એવા સંબંધની શોધ છું જેમાં મારી મર્યાદાઓ દર્શાવવી ન પડે અને સતત તે બાબતે અપમાનિત ન કરવામાં આવે. મારે એવા સંબંધની જરૂર છે જેમાં મારી હકારાત્મક બાજુને સતત પ્રોત્સાહન મળે.

મારે એવા સંબંધની જરૂર છે જેમાં મારી આજને મેં ગઈ કાલે જે ભૂલો કરી છે તેના સંદર્ભમાં જોવામાં ન આવે. માનવ હોવાથી.. સંભવ છે કે હું ક્યારેક ભૂલો કરી બેસું. મને એવી વ્યક્તિની જરૂર છે જે મારી આ ભૂલોની યાદી ન બનાવે. હું એક એવા સંબંધની શોધમાં છું જેમાં ગઈ કાલના ઝઘડાઓ અત્યારની વાતચીતને ન અટકાવે... જેમાં ગઈ કાલ ગઈ કાલે જ પૂરી થઈ જાય.

મારે એવા સંબંધોની જરૂર છે જેમાં હમેશ મારે જ પહેલ કરવી ન પડે. મારે એવા સંબંધની જરૂર છે જેમાં મારે કંઈ છૂપાવવું ન પડે. મને એવા સંબંધની જરૂર છે જેમાં સંબંધો બાંધવા અને જાળવવા માટે મારે મારી ગમતી કે ન ગમતી બાબતોમાં ફેરફાર કરવો ન પડે. મારે એવા સંબંધની જરૂર છે જેમાં મારી છાપખરડાય નહીં. મારે એવા સંબંધની જરૂર છે જેમાં મને હું જે નથી તે થવાનું કહેવામાં ન આવે. મારે એવા સંબંધની જરૂર છે જેમાં હું એકલો હોઉં ત્યારે જે પૂર્ણતા અનુભવતો હોઉં તેના કરતાં પણ વધારે પૂર્ણતા અનુભવી શકું.

મારે એક સંબંધની જરૂર છે જેમાં મને એમ લાગે કે જાણે હું ફરી વાર મારી માતાના ગર્ભમાં છું... એવો સંબંધ જેમાં મારું હૃદય હમેશ એવું અનુભવે કે મારો જન્મ હમણાં જ થયો છે.

મારા પ્રિય વાચકો, જો તમારા પાસે આવો સંબંધ હોય, તો તે માટે તમે કૃતજ્ઞ થઈ ઘૂંટણીયે પડી જાવ, કારણ કે જીવનમાં આનાથી વિશેષ કોઈ મહાન ભેટ ન હોઈ શકે. આવો સંબંધ

જીવનનો અણમોલ ઉપહાર છે.

અને જો તમારા પાસે તે ન હોય... તો નિરાશ થવાની જરૂર નથી. શું ઈશ્વરે પર્વતના શિખર પરથી નહોતું કહ્યું, 'બીજા પાસેથી તમે જેવા વર્તનની અપેક્ષા રાખો છો, તેવું વર્તન તમે બીજા સાથે કરો.' તમે બીજા પાસે જેવું વર્તન ઈચ્છો છો, તેવું વર્તન શું તમે બીજા સાથે ન કરી શકો? આપણે બીજાના જીવનમાં મહાન ભેટ બનીએ. કોઈને એવી પૂર્ણતાથી પ્રેમ કરો કે તમે બીજા માટે મહાન ભેટ બની શકો.

લોકો તમારો પ્રેમ તમે તેના સાથે કેવા છો તેના આધારે નથી અનુભવતા, પણ તેઓ તમારા સાથે કેવા થઈ શકે છે તેને આધારે અનુભવે છે. તમારા પ્રેમની હાજરી અને સુગંધમાં તમારા પ્રિયજનોને ખીલવા દો.



તમારી સૌથી કિંમતી જણસ તમે જ છો. તમે તમારો મહત્તમ ઉપયોગ કરો છો ખરા?

જાપાને ૧૯૬૦માં સ્ટીલ ઉત્પાદન ક્ષેત્રે પ્રવેશ કરવાનું નક્કી કર્યું. સ્ટીલ બનાવવામાં જે બે પાયાના કાચા માલની જરૂર હોય છે તે છે કાચું લોખંડ અને કોલસો. તે બેમાંથી કાંઈ પણ જાપાન પાસે નથી. પણ જાપાન જાણતું હતું કે તેણે ક્યાંથી તેની આયાત કરવી જોઈએ- ક્યાંથી મળી શકે. ક્યાં પુષ્કળ પ્રમાણમાં હતાં. અને તે એ પણ જાણતું હતું કે તેણે તૈયાર સ્ટીલની નિકાસ કયાં કરવી-કયાં તેની માંગ ખૂબ હતી. પરિણામ...૧૯૬૦ના ઉતરાર્ધમાં જાપાન વિશ્વમાં સ્ટીલનો સૌથી મોટો નિકાસ કરતો દેશ બન્યો. એક જ દાયકામાં ઔદ્યોગિક ક્રાન્તિ સર્જાઈ ગઈ. કેમ? ઉત્તમ સંસાધન મેનેજમેન્ટ.

ધારો કે એક વસ્તુ બનાવવા માટે દસ રૂપિયાનો ખર્ચ થાય છે અને તેને, એક રૂપિયાના નફાથી, અગીયાર રૂપિયામાં વેચવામાં આવે છે. વધારાનો એક રૂપિયો નરો મેળવવાના કારણે બીજા અગીયાર રૂપિયાનું વેચાણ ઊભું કરે છે. તેનો અર્થ એ થાય છે કે સો ટકા વેચાણ વધારવું જોઈએ. બીજી રીત એ છે કે વસ્તુ નવ રૂપિયે કેમ ઉત્પન્ન કરી શકાય. એનો અર્થ એ કે વધારાના એક રૂપિયાનો નફો એ જ વેચાણથી પણ વધારે સુધારેલ ઉત્પાદન કાર્યક્ષમતાથી મેળવી શકાય છે. ના, હું ગુણવત્તામાં ઘટાડો કરવાનું કે કોઈ કાપકૂપ કરવાનું નથી કહેતો, પણ 'ઉત્તમ સંસાધન મેનેજમેન્ટ'ની વાત કરું છું.

પ્રાથમિક અને મધ્યમ કક્ષાનાં બીઝનેસ યુનીટોમાં તેઓ જે ઉધાર લે છે તે પૈસાનું વ્યાજ તેમના નફાને ખાઈ જાય છે. તમે જ્યારે તેમના કામનું ઓડિટ કરો, ત્યારે ખ્યાલ આવે છે કે સમસ્યા ફંડના અભાવની નથી, પણ તેના બિનકાર્યક્ષમ અને ખૂબ જ ખરાબ ફંડ મેનેજમેન્ટની છે. પૈસાના પ્રવાહને ઊભા કરવામાં બિનકાર્યક્ષમતા અને એ પૈસાના વપરાશના સંચાલનમાં તદન

બેદરકારી જ ઊંચા વ્યાજે ઉધાર લેવાની કટોકટી ઊભી કરે છે. એ જ તેમના નફામાં ગાબડાં પાડે છે. દરેક વર્ષે ટર્નઓવરમાં વધારો થાય છે, પણ તેથી નફામાં વધારો નથી થતો. સમાંતરે ખૂબ સરસ રીતે સંચલિત થતા અને કાર્યક્ષમ રીતે ચાલતા ઉધોગોના મહારથીઓને જુઓ, દર વર્ષે તેઓ ટર્નઓવર અને નફા બન્નેમાં સતત વધારો બતાવે છે. કેમ? ઉત્તમ સંસાધન મેનેજમેન્ટ.

ભારતીયો ફરિયાદ કરે છે કે વસ્તી તેમની જબરી સમસ્યા છે. જગતે તેના વિશે શું કર્યું છે? તેણે આ જ વસ્તીને ઓછા ખર્ચ કાર્યક્ષમ માનવશક્તિના માધ્યમ તરીકે જોયું છે. જગતે પોતાનાં અનેક કાર્યો ભારતમાં આઉટસોર્સ કર્યા છે અને તેમનો નફો વધાર્યો છે. ઉત્તમ સંસાધન મેનેજમેન્ટ. મલ્ટીનેશનલ કંપનીઓને તેમની સંસ્થાઓ દુબઈમાં અને તેની આસપાસ સ્થાપવાની લાલચ આપી દુબઈએ પોતાના તદન સૂકા રણ વિસ્તારને એક આર્થિક કેન્દ્રમાં ફેરવી નાખ્યો છે. ઉત્તમ સંસાધન મેનેજમેન્ટ.

એવું નથી કે તમારા પાસે સમય નથી. સવાલ આ સમય નામનાં એક સંસાધનનું કાર્યક્ષમ રીતે સંચાલન કરવાનો છે. એવું પણ નથી કે તમારી પાસે પૂરતી જગ્યા નથી. સવાલ આ જગ્યાનું કાર્યક્ષમ રીતે સંચાલન કરવાનો છે. એવું નથી કે તમારી પાસે પૂરતા પૈસા નથી, માટે તમે ધનવાન નથી. સવાલ આ પૈસા નામનાં એક સંસાધનનું સંચાલન કરવાનો છે. થોડી કાર્યક્ષમતાનો ઉપયોગ કરવાથી ધનવાન બની શકાશે.

કાચું લોખંડ અને કોલસા વિના પણ જાપાન ૧૯૬૦માં વિશ્વમાં સ્ટીલનો સૌથી મોટો નિકાસ કરનાર દેશ બન્યો. ઘણો અભાવ હોવા છતાં જાપાને કશુંક ઉત્પન્ન કર્યું. તો પછી આપણે માનવું જ રહ્યું કે બધું જ સિદ્ધ કરી શકાય છે. તમારા જીવનમાં કયાંક, કોઈક સંસાધન કાં તો વેડફાય છે અથવા તો તેનું ખૂબ જ બિનકાર્યક્ષમ રીતે સંચાલન થાય છે. શોધી કાઢો કે તે શું છે અને પછી તેમાં સુધારો કરો. અલબત, તમારું સૌથી મોટું સંસાધન તો તમે પોતે જ છો. તમે પોતાનો જ પૂરતો ઉપયોગ કરો છો ખરા?



જીવનમાં કોઈ લક્ષમણ રેખા નથી,
આપણું મન જ એવી રેખા દોરે છે.
જીવન કોઈ સંકુચિત નથી
માણસો જ સંકુચિત મનના થઈ જાય છે .

જીવન તો મુક્ત આકાશ છે ...
તમે ઈચ્છો તેટલું ઉડ્ડયન કરી શકો ...
ત્યાં કોઈ બંધન નથી .

તમારું મન જેટલું વિચારી શકે
તેટલી શક્યતાઓ જીવનમાં છે ...
જીવન પર તમે જેટલી આશા રાખી શકો,
તેટલી સંભાવનાઓ સાર્થક થઈ શકે છે .

જીવન માટે સચોટ શબ્દ છે, "વધુ."



કામ કરો તો પૂરી ભક્તિથી કરો .

અથવા ન કરો .

અવઢવમાં ન રહો .

એક લીંબુ લો અને તેના બે કટકા કરો. તેનો રસ કાઢો. તેમાં જરૂરી માત્રામાં ખાંડ ઉમેરો. થોડું મીઠું ઉમેરો. પછી ગ્લાસને કંડા પાણીથી ભરો અને તેને ખૂબ હલાવો. લીંબુનું શરબત તૈયાર છે. આ સાવ સરળ રીત છે અને છતાં તે જ્યારે બે લોકો દ્વારા તૈયાર કરવામાં આવે છે, ત્યારે સરખો સ્વાદ નથી હોતો. લીંબુ, ખાંડ, મીઠું અને પાણી ઉપરાંત લીંબુનું શરબત બનાવવામાં એક બીજું અદૃશ્ય તત્વ છે-અને તે અદૃશ્ય તત્વ જ તેના સ્વાદને અલગ પાડે છે.

આપણે જે પણ કરીએ, બનાવીએ, ઉત્પન્ન કરીએ, તે દરેકમાં એક અદૃશ્ય તત્વ હોય છે અને આ અદૃશ્ય તત્વ જ સારું અને શ્રેષ્ઠ, સામાન્ય અને અસાધારણ, સારું અને ઉત્તમ વચ્ચે તફાવત સર્જે છે. શું આ કામ પ્રેમ અને આનંદથી કરવામાં આવ્યું હતું કે બેદરકારી અને ઉદાસીનતાથી કરવામાં આવ્યું હતું? જે કામ કરવામાં આવે છે તેમાં આ દિલનું જોડાણ જ આ અદૃશ્ય તત્વ છે. જે કાંઈ કરવામાં આવે તે ૧૦૧ ટકા હૃદયપૂર્વક કરવામાં આવે છે કે નહીં તે મહત્વનો પ્રશ્ન છે.

મેં એક વાર મારી પુત્રીને કહ્યું, ‘કુટ્ટી, કાં તો પ્રેમ અને આનંદથી રસોઈ કરો અથવા તો પછી રસોઈ કરો જ નહીં. મને સ્વાદમાં મોટો તફાવત લાગે છે. જે પણ ભોજન પીરસવામાં આવે છે, તે કાં તો સ્વાદિષ્ટ છે અથવા તો બેસ્વાદ છે. તેમાં તફાવત તે કેટલા ભાવથી કરવામાં આવ્યું હતું તેનો છે.’

ભક્તિએ કંઈ એવો ગુણ નથી જેને માત્ર પૂજાનાં સ્થાનો અને ઈશ્વરના ચરણોમાં ઉપયોગ કરવા માટે જ મર્યાદિત રાખવાનો છે. આપણે જે પણ કરીએ... તેમાં ૧૦૧% હૃદયનું જોડાણ હોય તો તે ભક્તિ જ છે. સમર્પણમાં, તમે એજ આપો છો જે તમારી પાસે હોય અને જે તમે આપી શકો. તે તમે આપો છો. ભક્તિમાં તમે તમારી જાતને અર્પી દો છો. કોઈ પણ કામ જો ભક્તિની પવિત્રતાથી કરવામાં આવે, તો તે પ્રાર્થના બને છે.

ભક્તિની સ્વાભાવિક આડપેદાશ એકાગ્રતા, આનંદ અને પ્રેમ છે. ચોકસાઈ, સુંદરતા, એક તેજસ્વીતા છે. આ બધું માત્ર ભક્તિથી જ સંભવી શકે.

થાક અને ભક્તિ ઉલટા ક્રમમાં પ્રમાણસરનાં છે. માત્ર જ્યારે આપણે દરેક કામ ભક્તિના ભાવથી કરવાનું શરૂ કરીએ છીએ, ત્યારે જ આપણે પ્રકૃતિનો એક વણલખ્યો નિયમ સમજી શકીએ છીએ કે... ‘માણસની ઉત્પતિ થાકવા માટે નહોતી થઈ.’ તમે એવા માણસને જાણતા હો કે જે થાકતો જ ન હોય, તો માનજો કે તેના માટે બધું જ ભક્તિની અભિવ્યક્તિ છે અને તેનાં બધાં જ કર્મો પ્રાર્થના જ છે.

કામ કરો તો પૂરી નિષ્ઠાથી કરો અથવા ન કરો, અવઢવમાં ન રહો.

ઈશ્વરની મરજી વગર
હું કાંઈ ન કરી શકું.

મારા વગર
ઈશ્વર પણ કાંઈ ન કરે.

જો ઈશ્વર અને હું સાથે હોઈએ
તો બધું જ થવું શક્ય છે.



પ્રાર્થનામાં
તમે અસ્તિત્વ સાથે વાતો કરો છો .

ધ્યાનમાં
તમે અસ્તિત્વને સાંભળો છો .

પ્રાર્થનામાં
તમે તમારો અવાજ સાંભળો છો .

ધ્યાનમાં
તમે પરમ નાદને સાંભળો છો .

પ્રાર્થના
અસ્તિત્વ સાથેનો સંવાદ છે .

ધ્યાન
અસ્તિત્વ સાથેનું મિલન છે .



તમારું સામર્થ્ય સુધારો .

તમારી ક્ષમતા વધારો .

એ જ પ્રગતિ છે .

આમ વિચારવાનું બંધ કરો : 'અમે તો આ જ રીતે કર્યું છે. એટલે આ જ એક રીતે કરવામાં આવશે.' પરંપરાને કારણે પરેશાન ન થાવ. બરફ પર કશું નથી ઊગતું. જો આપણે આપણાં મગજને ભૂતકાળથી થીજવી નાખીએ, તો નવા વિચારો આવી નહીં શકે. ગઈગુજરી ભૂલી જાવ અને આગળ વધો. પ્રગતિશીલ વિચારો કરો. કોઈ પણ માનવ પ્રયાસમાં, પછી તે ઉપગ્રહો તૈયાર કરવાના હોય કે બાળકો ઉછેરવાનાં હોય, પૂર્ણતા અશકય છે. તેમાં અનંત સુધારાની શક્યતા હોય છે. સફળ લોકો આ જાણે છે. તેથી જ તેઓ એ પૂછતા નથી, 'શું હું આથી વધારે સારું કરી શકું?' કારણ કે તેઓ જાણે છે કે તેઓ કરી શકે છે. તેથી તેઓ આમ પૂછે છે, 'હું આ કામને કઈ રીતે વધારે સારી રીતે કરી શકું?'

માણસ જ્યાં જાય છે, ત્યાં તેવો થઈ જાય છે. તમે જે પણ કરો તેમાં 'સુધારવા'નું જ વિચારો અને જે પણ કરો તેમાં 'ઉચ્ચ માપદંડ'નો જ વિચાર કરો. માનો કે તે કરી શકાય છે. કશુંક કરી શકાય છે એ માન્યતા જ મનને તેનો ઉપાય શોધવા પ્રેરે છે અને આગળ ધકેલે છે. અને માર્ગ છે જ. અને, વધારે સારો માર્ગ છે. જ્યારે તમે માનો કે તે અશકય છે, તો તમારું મન એ પૂરવાર કરવા મથે છે કે તે શા માટે અશકય છે. પણ જ્યારે તમે એમ માનો, અને હૃદયપૂર્વક માનો, કે કંઈક તો કરી જ શકાય છે, તો તમારું મન તે કરવાના માર્ગ શોધવામાં તમને મદદ કરે છે. તમે જો છૂટ આપશો, તો તમારું મન અવશ્ય માર્ગ શોધી કાઢશે. આપણામાંના ઘણા લોકો આપણી ઈચ્છાઓને પરાજિત કરે છે, કારણ કે આપણે આપણા મનને 'શા માટે નહીં' પર કેન્દ્રિત કરીએ છીએ, પરંતુ ધ્યાન કેન્દ્રિત કરવા લાયક એક માત્ર બાબત જે છે તે છે : કશું પણ કરવાનું કારણ અને તેને કરવાની પદ્ધતિ.

જીવનની દરેક બાબતમાં - કામથી લઈને ઘર કે સામાજિક વિકાસમાં - સફળતાની ફોર્મ્યુલા એક જ છે, 'જે તમે કરી શકતા હો તે વધારે સારી રીતે કરો' (તમારા કામની ગુણવત્તા સુધારો) અને 'જે કરી શકતા હો તે વધારે કરો' (તમે જે કરતા હો તેનો જથ્થો વધારો). ગુણવત્તામાં

વધારો અને જથ્થાનો વ્યાપ.

તમે તમારી જાતને સતત યાદ કરાવતા રહો કે તમે જે વિચારો છો તેના કરતાં તમે ઘણા સારા છો. એટલે તમે અત્યારે જે પણ કામ કરો છો તેના કરતાં ઘણી વધારે સારી રીતે તે કામ કરી શકો છો. તમે પોતાને એ પણ યાદ કરાવ્યા કરો કે તમે જે કાર્ય કરી રહ્યા છો એ તમે કરી શકો એટલું વધારે તમે નથી કરી રહ્યા, એટલે તમે અત્યારે જે કરો છો તે બધું જ વધારે સારી રીતે કરી શકો.

સામર્થ્ય એટલે જે કરી રહ્યા છો તે વધારે સારી રીતે કરી શકવાની શક્તિ, ક્ષમતા એટલે જેટલું કરી રહ્યા છો તેનાથી વધારે કરી શકવું.

તમે વધારે કુશળ બનો અને તમારી ક્ષમતા વધારો, એ જ પ્રગતિ છે.



મને જો એટલી ખબર હોત કે પરિણામ આટલું સુખદ આવશે ...

અકસ્માતમાં તેનો પગ ભાંગ્યો. તેને કારણે તેની ગતિશીલતા અટકી ગઈ અને તેને મહિનાઓ સુધી પથારીમાં પડયા રહેવું પડ્યું. તે એક જાણીતી મલ્ટીનેશનલ કંપનીમાં બહુ મહત્વનો હોદો ધરાવતો હતો, જે હવે તેના માટે ભૂતકાળની બાબત બની ગઈ હતી. તેની વૃદ્ધ માતા, તેની સંભાળ લેતાં હતાં. ભયાનક દિવસો કહી શકાય નહીં...! ના, જરા પણ નહીં! હવે તેની પાસે પુષ્કળ સમય હતો. તેણે સમજણ ભરેલો નિર્ણય કર્યો. તેણે બધો જ સમય વાચનને આપી દીધો. તેણે પુસ્તકોમાં દર્શાવેલા મહાન લોકોના વિચારોમાં રહેલ શાશ્વત ડહાપણથી તેના અંતરાત્માને પોષ્યો. આ જ સમય દરમ્યાન તેણે આધ્યાત્મિક સંવાદ સાધ્યો અને તેને ખ્યાલ આવ્યો કે તેણે પોતાના જીવનને હેતુપૂર્વક જીવવું જોઈએ. તેના જીવનનું રૂપાંતર થઈ ગયું... અને તે હમેશ માટે બદલાઈ ગયો. આજે તે હેતુમય જીવન જીવે છે. આજે તેનું જીવન આધ્યાત્મિક છે. આજે તેના જીવનને બે ભાગમાં વહેંચી શકાય છે- ફ્રેકચર પહેલાંનું જીવન અને ફ્રેકચર પછીનું જીવન. તેની ડાયરીના એક પાનામાં તેણે લખ્યું, ‘મને જો એ ખબર હોત કે પરિણામ આટલું સુખદ આવશે, તો હું શરૂઆતથી જ સુખ પામ્યો હોત.’

હું તમને પૂછું છું, ‘શું પ્રેમાળ માતા-પિતા કયારેય બાળકને એવી વાર્તા વાંચવા આપશે ખરાં જેનો અંત આનંદભર્યો ન હોય?’

જેણે તપ કર્યું, તેને આપણે મહાત્મા તરીકે ઓળખીએ છીએ. તેણે ખૂબ જ તકલીફોનો સામનો કર્યો અને ગરીબ લોકોની મદદ કરી, એટલે જ શાળાની તે શિક્ષિકા ‘માતા’ તરીકે આદર મેળવતી હતી. શુળી પર ચડ્યા, એટલે જ તે ઈશે મસીહા બની ગયા છે. ભલે જેલમાં જન્મ્યા, પણ તે પ્રેરણાના અવતાર તરીકે જીવ્યા. એટલે એવું લાગે છે કે અંત હમેશ સુંદર જ હોય છે. આપણી મર્યાદિત કલ્પના અને મર્યાદિત વિચારોથી જે પર છે, તે તો અસીમ છે. ખૂબ વિશાળ છે.

ચડતી અને પડતી વિનાની જિંદગી શું કામની? રહસ્ય અને આશ્ચર્યો વિનાની જિંદગી શું કામની? તમે તેને તકલીફભર્યો કે કસોટીભર્યો સમય માની લો. પણ એવો સમય આવતો જ હોય છે જ્યારે દરેક વ્યક્તિ તેને થતી તકલીફ માટે પૂછે છે ‘હું જ શા માટે?’ પણ તે કૃપા પાત્ર બને ત્યારે તે શું કયારેય એમ પૂછશે, ‘શા માટે હું જો’

ઇયળ પતંગિયું બનવા એટલી બધી ઉત્સુક હતી કે તે પાંખ ઊગાડવા કોસેટામાં ચાલી ગઈ. તમે અદ્ભુત રંગો સાથે બહાર આવો એટલા માટે કયારેક જીવન તમને કોસેટામાં પૂરી દે છે. વાંસ એટલા માટે કાપવામાં આવ્યો જેથી તે બંસરી બની શકે. પથ્થરને એટલા માટે ઘસવામાં આવ્યો જેથી તે મૂર્તિ બની શકે. સોનાને એટલા માટે તપાવવામાં આવ્યું જેથી તે ઘરેણું બની શકે. તમારી પણ કસોટી એટલા માટે કરવામાં આવે છે જેથી તમે સર્જનાત્મક બની શકો. ભવિષ્ય ખૂબ ઉજવળ છે એ વાત પર તમારે શ્રદ્ધા રાખવી. તમારે તે માનવું જ પડશે. તમારી શ્રદ્ધાને કસવામાં આવશે, પણ તેના વળતરરૂપે એક ગુણવત્તાયુક્ત જીવન ભેટમાં મળે છે.

તમે જે બની શકો છો તે બનવા તમારે જીવનમાં જે તકલીફ ભોગવવી પડે તે માટે તમારે હમેશાં તૈયાર રહેવું જોઈએ.



ફેંકી દો તમારા લેબલ .

તમે જ પૂરતા છો ...

પૂરતા કરતા પણ ઘણા વધારે .

જો તમારી પત્નીને કહેશો કે 'શા માટે તું તારાં આરોગ્યની સંભાળ નથી લેતી?' તો તમારી પત્ની તેને પ્રેમ માનશે. પણ જો તમે તેને કહો કે, 'એક પતિ તરીકે મને તારાં આરોગ્યની સંભાળ લેવાનું કહેવાનો હક છે.' તો તે એમ માનશે કે તમે તેના પર અધિકાર જમાવવાનો પ્રયાસ કરો છો. તમે તમારા પતિને સમયસર ભોજન લેવાનું કહો, તો તે તમારી કદર કરશે તેને બદલે જો તમે તેને એમ કહો કે, 'મેં પણ મારા પિતાને તમારી જેમ કામ કરતા જોયા છે પણ તે તમારા જેવા નથી. તમે સમયસર કેમ જમી નથી લેતા?' તો તમારે તેનું ઉતરેલું મો જોવું પડશે.

લોકો લેબલને સહન નથી કરી શકતા. તેઓ લેબલ સાથે તેમનો અહંકાર જોડી દે છે. આ લેબલ મનના દરવાજા બંધ કરી નાખે છે. કોઈ પણ લેબલ હેઠળ જે પણ કહેવામાં આવે છે, તે સ્વીકારવામાં નથી આવતું.

કોઈને એમ કહો કે, 'લીલાં પાનવાળાં શાકભાજી તમારા માટે ઉત્તમ છે.' તો તે લેશે. તેના બદલે તેને કહો કે, 'એક ચૂસ્ત શાકાહારી તરીકે હું તમને કહું છું કે તમારા લીલાં પાનવાળાં શાકભાજી લેવાં જ જોઈએ' તો તરત તે તમારી સાથે દલીલો કરવાનું શરૂ કરી દેશે. 'શાકાહારી'નું લેબલ સમસ્યા બને છે.

જો કોઈને તમે એમ કહો કે, 'તેને માફ કર. જે તને હેરાન કરે તેના પ્રત્યે પણ પ્રેમ રાખ,' તે કદાચ તમારી વાત પર ધ્યાન આપે. પણ જો તમે તેને એમ કહો કે, 'એક સાચા ખ્રિસ્તી તરીકે માફ કરવા અને દુશ્મનને પણ પ્રેમ કરવાની વિનંતિ કરું છું' 'ખ્રિસ્તી' લેબલ સમસ્યા બને છે.

જો કોઈને એમ કહો કે, 'હું ઈચ્છું કે આપણાં એરપોર્ટ વધારે વ્યવસ્થિત હોવાં જોઈએ' તે તમારા અભિપ્રાયને ટેકો આપશે. પણ તેને કહો, 'સિંગાપોરમાં રહ્યા પછી હું જાણું છું કે વસ્તુઓ વ્યવસ્થિત કેવી રીતે રખાય. હું ઈચ્છું કે આપણાં એરપોર્ટ પણ વધારે વ્યવસ્થિત હોય' તરત તમને વિદેશી વસ્તુઓના ચાહક મનાશે.

તેને તમારી રોટરીના સભ્ય બનવું ગમતું નથી. કોઈ બ્રાહ્મણ વિરોધી છે તો કોઈ આસામના લોકોનો વિશ્વાસ નથી કરતું. ‘બધા મારવાડીઓ આવા જ હોય’ તેવા સામાન્યીકરણ કરવા તે તો નરી મૂર્ખતા છે.

આ જ માણસની નબળાઈ છે. માણસ જ્યારે કોઈ લેબલનો સામનો કરે છે, ત્યારે તેને કોઈ ઓછપનો અનુભવ થાય છે. એટલે તે મહત્તમ શક્તિથી તેનો બચાવ કરે છે. સમજાતું નથી, પણ આ લેબલના કારણે માણસ લઘુતાગ્રંથિથી પીડાય છે. તેને તમારી સાથે કોઈ વાંધો નથી. પણ તમે જેનું પ્રતિનિધિત્વ કરો છો- ખુરશી, પદ, ધર્મ વગેરે... સામે વાંધો છે.

આપણે આવાં લેબલની જરૂર શા માટે છે? શું પદ તમને ભવ્ય બનાવે છે કે તમે પદને ભવ્ય બનાવો છો? ખુરશીને તમારી જરૂર છે કે પછી તમને ખુરશીની જરૂર છે? જો માત્ર લેબલ જ તમારી ઓળખ આપતાં હોય, તો તમે તેના વિના રહી ન શકો. જે કેવળ લેબલના સામર્થ્ય પર જ જીવતા હોય, તે ગાઢ સંબંધો ક્યાયરેય ન બનાવી શકે. પણ જો તમે લેબલને કંઈક વિશેષ આપી શકતા હોવ તો પછી તમારે તેની જરૂર નથી. તે જ ગાઢ સંબંધ થવાની શરૂઆત છે.

‘મહારાજ, મને તમારા શિષ્ય તરીકે સ્વીકારો, ‘સાધકે આજીજી કરતાં કહ્યું. ‘તું મને કહે કે તું કોણ છો? ’ મહારાજે પ્રશ્ન કર્યો. ‘રામચન્દ્રરાવ’ ‘તે તો તારું નામ છે તે કાઢીને કહે કે તું કોણ છો?’ મહારાજે ફરી સવાલ પૂછ્યો. ‘હું એક બીઝનેસમેન છું’ ‘આ તો તારો ધંધો છે. તેને દૂર કરીને કહે કે તું કોણ છો? ’હું પુરુષ છું‘ ’તે તો તારી જાતિ છે. તે હટાવ અને કહે કે તું કોણ છો‘ ‘મહારાજ, હું નથી જાણતો કે હું કોણ છું’ ‘હવે બરાબર. આ જ સાધક થવાની શરૂઆત છે. તું જ્યારે બધાં જ લેબલ હટાવી લે છે અને જ્યારે તું શુદ્ધ થઈને આવે છે, ત્યારે તે જ પળ સાધક થવાની પળ છે. તારો ધંધો પાદરીને કામ આવે, પણ તેનું ભગવાનને કોઈ જ મૂલ્ય નથી’ મહારાજે કહ્યું.

તમે તમારાં લેબલ દૂર કરી બીજાને મદદ કરો. તમે પૂરતા છો... બસ, તમે જ. કેવળ શુદ્ધ તમે- એટલે કે બધી જ શરૂઆતનું બિંદુ. જ્યારે તમે, માત્ર તમે, તમારા માટે પૂરતા છો, ત્યારે તમે મુક્ત છો. તેમાં જ સાચી મુક્તિ છે.



લોખંડના એક સળિયાની કીંમત
રૂ. ૨૫૦ હોય છે ...

તેમાંથી જો ઘોડાની નાળ બનાવાય,
તો તેની કીંમત રૂ. ૧, ૦૦૦ થાય;

તેની જો સોય બનાવાય,
તો તે રૂ. ૧૦,૦૦૦ની થાય;

તેમાંથી જો ઘડિયાળની સ્પ્રીંગ તૈયાર થાય,
તો તેની કિંમત રૂ. ૧,૦૦,૦૦૦ થઈ જાય .

તમારું પોતાનું મૂલ્ય
તમે શું છો તેનાથી નક્કી નથી થતું .
પણ તમે પોતાને શું બનાવવાની ક્ષમતા ધરાવો છો
તેના આધારે નક્કી થાય છે .



નાણાંને કોઈ યાદ નથી હોતી, પણ અનુભવને હોય છે .

ભણવા પાછળ તમે કુલ કેટલો ખર્ચ કર્યો તેની તમને ખબર ન હોય, પણ અભ્યાસકાળની સ્મૃતિઓ તમારા મનમાં કાયમ રહે છે. થોડા વર્ષ પછી તમે હોસ્પિટલમાં સારવાર કરાવી હતી તેના જે પૈસા ચૂકવ્યા હતા, તેની રકમ ભૂલી જશો, પણ તમારી માતાનું જીવન તમે બચાવી શક્યા અથવા તમારાં જન્મેલ બાળક સાથે જે સમય ગાળ્યો, તેની મીઠી યાદ હમેશ વાગોળ્યા કરશો. તમને તમારાં હનીમૂનનો ખર્ચ યાદ નહીં રહે, પણ તમારા જીવનસાથી સાથે જે આનંદ ભોગવ્યો તેની પળેપળની ઘટનાઓ યાદ રહેશે. ખર્ચેલા પૈસા યાદ ન રહે, અનુભૂતિ યાદ રહી જાય છે.

સારો સમય અને ખરાબ સમય, સમૃદ્ધિનો સમય અને ગરીબીનો સમય, જ્યારે ભાવિ ઉજ્જવળ લાગતું હતું તે સમય અને એ સમય જ્યારે તમને એ પણ ખબર ન હતી કે આવતી કાલ કેવી હશે... જીવન એક યા બીજી રીતે દરેક માટે ચડતી અને પડતી જેવું રહેતું હોય છે. સારા દિવસો પછી અને ખરાબ દિવસો પછી જે શેષ રહે છે તે છે એ દિવસોના અનુભવોની સ્મૃતિઓ. કયારેક પાકીટ ભરપૂર, કયારેક ખિસ્સું ખાલી પણ હતું...! તમારા પાસે પૂરતું હતું, છતાં તમે ગુસ્સે થતા હતાં. કયારેક તમારી પાસે પૂરતું ન હોય, છતાં તમે સ્મિત કરતા હતા. આજે ભૂતકાળમાં ડોકિયું કરતાં કોઈ સાથે વિતાવેલા સારા દિવસો માટે તમારું હૃદય ભરાઈ આવે એવું બને અને કયારેક તમે એકાંતમાં રડ્યા હતા તે યાદ કરીને તમને હસવું પણ આવે. સમગ્રપણે જોઈએ તો જીવને તમને એટલા અનુભવો આપ્યા છે કે તમે તમારો પોતાનો ઈતિહાસ સર્જી શકો અને એક માત્ર તમે જ આ અનુભવોને સારી રીતે યાદ રાખી શકો.

કોઈની મદદ વગર જ્યારે તમે પહેલી વાર જાતે સાઈકલ ચલાવી હતી...

પહેલી વાર જ્યારે તેણે 'હા' કહી હતી અને તે પણ તમે પ્રસ્તાવ મૂક્યો તે પછી બે વર્ષે...

તમારા બાળકનું એ પહેલી વારનું રડવું... તેણે ભરેલું પહેલું પગલું...તેણે બોલેલ પહેલો શબ્દ... તે પહેલું ચૂંબન...

તમારા માતા-પિતા માટે તમે લાવ્યા હતા તે પહેલી ભેટ અને તમારી પુત્રીએ તમને આપી હતી તે પહેલી ભેટ...

પહેલી વાર તમારું જાહેર મંચ પર જવાનું... તાળીઓનો એ પહેલો ગડગડાટ... એ પહેલું ઈનામ...

આ યાદી તો અનંત છે... અનુભવો, અનંત યાદ સાથે ...

એ વાત સાચી છે કે કોઈ પણ ભૌતિક બાબત માટે પૈસા ખર્ચવા પડે છે. પણ એ વાત પણ એટલી જ સાચી છે કે અનુભવ મેળવવા માટે કરેલ ખર્ચ ભૂલાઈ જશે, પણ એ અનુભવ કયારેય નહીં ભૂલાય...

એટલે ભલેને આર્થિક મંદી આવે! આવવા દો. પણ તેને કારણે તમારા જીવનની ગુણવત્તામાં મંદી ન આવવી જોઈએ. ભલે તમે તમારા માતા-પિતાને યાત્રાએ ન લઈ જઈ શકો, પણ મંદિરે તો લઈ જઈ શકો છો. તમે તમારાં બાળક સાથે ઘર પાસેના બગીચામાં રમી શકો છો, ભલે તે કોઈ આંતરરાષ્ટ્રીય સ્થળ ન હોય. ખોળામાં સૂવા માટે કે તમારાં પ્રિયજનને તમારા ખોળામાં લેવાનો કશો જ ખર્ચ નથી. કર્મચારીઓને તાલીમ આપવાનો, નેતૃત્વ ઉપલબ્ધ કરાવવાનો અને તેઓ તૈયાર થઈ જાય તે અદભૂત સમય માટે કમર કસવાનો આ સારો અવસર છે. અને હા! તમારું આરોગ્ય, તમારા જ્ઞાનનો વિકાસ અને આધ્યાત્મિક ઉન્નતિ-આ બધાં કંઈ આર્થિક બાબતો પર આધારિત નથી.

સમય તો પસાર થઈ જશે... આર્થિક સ્થિતિ પણ ફરી સારી થઈ જશે... પૈસો એકત્રિત થઈ જશે... અને આ બધામાં હું તમને તમે કશું ન કર્યું અને દુઃખી જ રહ્યા તે જોવાનું નથી કહેતો. મંદીને કારણે તમે પૈસા ગુમાવો પણ તેને કારણે તમારે અનુભવો ગુમાવવાની જરૂર નથી. તમારી પાસે જે છે તેનાથી જો તમે ખુશ ન હો, તો પછી ભલેને તમારી પાસે ગમે તેટલું આવે, તો પણ સુખી નહીં થઈ શકો.

જીવન જીવવાની કળાનું તમારું સૂત્ર આ હોવું જોઈએ : ‘મારી પાસે શું છે અને કેટલું છે તેના પર મારા સુખનો અનુભવ આધારિત નથી.’



જન્મ સમયે તમારું જીવન કોરો કેન્વાસ હતું .
તમારી ક્ષમતા રંગો છે .
તમારી પસંદગીઓ કેન્વાસ પરના લસરકા .

મૃત્યુની પળે આ કેનવાસ
કાં તો એક અમૂલ્ય ઉત્તમ ચિત્ર હશે
અથવા તો બેદરકારી થી ભરેલો થપેડો અને ગરબડ .

એ જ દિવસે નક્કી થશે
કે તમારું જીવન દોરવામાં
તમે કેવા ઉત્તમ ચિત્રકાર હતા .



લાડ તમને નબળા બનાવે છે .

પ્રેમ તમને સર્જે છે .

એવું લાગે છે કે 'પ્રેમ પામવાની જરૂર' કરતાં 'લાડ મેળવવાની જરૂરત'ની લાલસા વધારે છે. એ બે વચ્ચે શું તફાવત છે? મોટા ભાગના લોકો માટે, પ્રેમ પામવાનો અર્થ એવો જ હોય છે કે તેમનાં સ્નેહીઓ હમેશ તેમના પ્રત્યે નરમ રહે, તેમને કોઈ વાતની 'ના' ન કહે, કદી પણ તેમની ફરિયાદ કે ટીકા ન કરે, કદી પણ તેમને હેરાન ન કરે. એટલે કે તેમને તે જેવા પણ છે તેવા તેમને રહેવા દે અને તેમને બદલાવવાની ઈચ્છા કયારેય ન દર્શાવે. લાડ એટલેમાત્ર હું જે રીતે ઈચ્છું તે જ રીતે મને પ્રેમ કરો.

પ્રેમ જે લાડ લડાવે તે પ્રેમ નથી. પ્રેમ એ છે જે કૈંક બદલાવ લાવે. લાડ તમને નબળા બનાવે છે. પ્રેમ તો તમને સર્જે છે.

કોઈ પણ વ્યકિત પૂર્ણ નથી. સુધરવાની અનંત સંભાવનાઓ છે. તમને જે ચાહે છે, તેને બાદ કરતાં કોઈને પડી ન હોય કે તમે સુધરો છો કે નથી સુધરતા. સહનશકિતના નામે કરાતા લાડ તમને અપૂર્ણ જ રાખશે. પણ તમારા અહંને ઠેસ પહોંચાડવાના જોખમે પણ પ્રેમ તમને તમારામાં પરિવર્તન લાવવા સૂચનો કરશે. લાડ તમારા અહમને પોષે છે. પ્રેમ તમને પોષે છે, તમને પ્રભાવિત કરે છે.

કોઈ વ્યક્તિ હમેશાં સાચી ન હોઈ શકે. સ્વીકારના નામે લાડ જે યોગ્ય નથી તેને પણ યોગ્ય કહેશે. પ્રેમ તો એક અરીસા જેમ કામ કરશે અને તમને તમારું જ દર્શન કરાવશે- નહીં કે તમે તમને જેવા જોવા માગો છો તેવા. તે તો તમે હકીકતે જેવા છો તેવા જ બતાવશે. લાડ તો એક દેખાડો છે, એક મહોરું છે જે સારું દેખાડવાનો અને સુંદર દેખાવાનો પ્રયાસ કરે છે. પ્રેમ તો ગેરસમજનો ભોગ બનવાનું જોખમ લેશે છતાં તમારો ઉત્તમ આલોચક બનશે.

મોટા ભાગના લોકોની પ્રેરણાશક્તિ ઘણી જ નીચી હોય છે. તમને આગળ વધારવા ધક્કો મારવા તમારી બહાર કોઈની જરૂર હોય છે. લાડ તમને તમારા ઓછી ક્ષમતાવાળા અને આરામભર્યા ક્ષેત્રમાં જ છોડવાનું પાપ કરશે. પ્રેમ એક મિત્રનું સર્જન કરવા મૈત્રીનું જોખમ લેવાની પણ હિંમત કરશે. 'તમે જીવનને મહતમ આપો-" એ માગણી હકીકતે પ્રેમની તીવ્ર અભિવ્યક્તિ છે. તમે જેવા છો તેવા રહેવા ન દેવાય. જે પરિવર્તન નથી પામતું, તે કયારેય નથી

વિકસતું. આળસભરી ઊંઘમાંથી કોઈકને જગાડવાનો કોલ એ શુદ્ધ અને શ્રેષ્ઠ પ્રેમ છે.

લાડ એ નશા જેવો છે. તે તમને મજા પડે તેવી સાંજ આપે છે. પણ તેનાથી તમારામાં કશું જ પરિવર્તન નહીં આવે. પ્રેમ એ ધ્યાન જેવો છે. એમાં એવું લાગે છે કે કશું જ નથી બનતું, અને છતાં તમારી અંદર બધું જ બદલાઈ જાય છે. તમે હમેશ પ્રેમ મેળવવાની અને સર્જક થવાની અપેક્ષા રાખો, નહીં કે લાડ મેળવવાની અને સ્થગિત થઈ જવાની.

મને અતિપ્રિય, હું તમને કહું છું : 'મારો પ્રેમ તમે ઈચ્છો છો તેવી રીતે કદાચ નહીં મળે. અલબત, મારો પ્રેમ હેતુસભર છે. તે તમારું સર્જન કરશે.'



સ્વીકાર = હકારાત્મક ભાવના

જ્યારે કોઈ કશુંક એ રીતે કરે જે રીતે હું ઇચ્છતો ન હોઉં અને તેનો હું સ્વીકાર ન કરી શકું, તો હું ગુસ્સે થાઉં છું. પણ જો કોઈ કશુંક એ રીતે કરે જે રીતે હું ઈચ્છતો ન હોઉં, પણ તેનો હું સ્વીકાર કરી શકું, તો હું સહિષ્ણુ રહું છું.

જ્યારે કોઈની પાસે મારી પાસે નથી તેવું કશુંક હોય, અથવા તો તે એવાં પરિણામો લઈ આવે જે હું ન લઈ આવી શકતો હોઉં, અને તેનો હું સ્વીકાર ન કરી શકું, તો હું ઈર્ષ્યાળુ બનું છું. પણ જો હું તેનો સ્વીકાર કરું, તો મને તેમાંથી પ્રેરણા મળે છે.

જ્યારે મારા સામે કોઈ અનિશ્ચિતતા આવે અને મને ખબર ન પડે કે મારે તે કેમ હેન્ડલ કરવી, અને જો હું તેનો સ્વીકાર ન કરું, તો તેને કારણે મારામાં ભય જન્મે છે. પણ જ્યારે મારી સામે કોઈ અનિશ્ચિતતા આવે અને મને ખબર ન પડે કે મારે તે કેમ હેન્ડલ કરવી, પણ જો હું તેનો સ્વીકાર કરી શકું, તો મારામાં સાહસ પ્રગટે છે.

જ્યારે કોઈકે કશુંક એવું કર્યું છે જેના કારણે મને માનસિક રીતે ખલેલ પહોંચી છે અને તેનો હું સ્વીકાર નથી કરી શકતો, તો મારામાં ધિક્કાર જન્મે છે. પણ જ્યારે કોઈકે કશુંક એવું કર્યું છે જેના કારણે મને માનસિક રીતે ખલેલ પહોંચી છે પણ તેનો હું સ્વીકાર કરી શકું છું, તો તે મને તેને માફ કરવામાં મદદ કરે છે.

જ્યારે હું કોઈ વિશે વિચારું પરંતુ તે મારી સામે ન હોય તે વાત હું સ્વીકારી ન શકું ત્યારે હું કહું છું 'મને તારી ખોટ વર્તાય છે.' જ્યારે હું કોઈ વિષે વિચારું પણ તે મારી સામે ન હોય, અને હું એ બાબતને સ્વીકારી શકું, તો હું એમ કહું "હું તારા વિષે વિચારું છું "

આમ, લાગણીનું સૂત્ર બહુ જ સરળ છે.

કશુંક + સ્વીકાર = હકારાત્મક લાગણી.

કશુંક + અસ્વીકાર = નકારાત્મક લાગણી.

એટલે, 'કશુંક' કે 'કોઈ' મને હકારાત્મકતા કે નકારાત્મકતાની અનુભૂતિ નથી કરાવતું, પણ આ 'કશાક' કે 'કોઈ' નો મારો 'સ્વીકાર' કે 'અસ્વીકાર' જ મને હકારાત્મકતા કે નકારાત્મકતાની અનુભૂતિ કરાવે છે. વાત વિશ્વની નથી, પણ વિશ્વ પ્રત્યે મારી પ્રતિક્રિયા (સ્વીકાર કે અસ્વીકાર)ની ગુણવત્તાની છે, જે મારી લાગણીઓનો સ્વભાવ નક્કી કરે છે.

હવે પછી જ્યારે પણ મને કોઈ નકારાત્મક લાગણીથી ખલેલ પહોંચે, તો મને કોણ કે શું ખલેલ પહોંચાડે છે એ પૂછવાને બદલે હું એ તપાસીશ કે હું કોનો કે શેનો પ્રતિકાર કરી રહ્યો છું (સ્વીકાર નથી કરી રહ્યો). હું આ પ્રતિકાર (અસ્વીકાર)ને સ્વીકારમાં પલટાવીશ તો મારી નકારાત્મક લાગણીઓ આપોઆપ હકારાત્મક લાગણીમાં ફેરવાઈ જશે.

"કશાક" કે "કોઈ"ને દોષ દેવાનું બંધ કરી "સ્વીકાર" સાથે જીવનને મીઠો ટહુકો કરવાની જવાબદારી લેવાની શરૂઆત થાય ત્યારે ભાવનાઓના મેનેજમેન્ટની શરૂઆત થાય.



જ્ઞાન તમારા ભૂતકાળની આલોચના માટે નહીં, પણ ભવિષ્યનું સર્જન કરવા માટે છે.

નિષ્ફળતાનાં ઢગલાબંધ પ્રકરણો અને ૧૯ વર્ષનું અતિસાધારણ જીવન જીવ્યા પછી મેં મારા મિત્ર વિજયરાઘવનનું કહેવું સાંભળ્યું : "તમે સ્પ્રીંગને જેટલી પણ વધારે દબાવશો, તેટલી જ તે દબાશે. જેવી તમે તેને મુક્ત કરશો ને વધારે ઝડપથી ઉછળશે. તારું જીવન ૧૯ વર્ષ દરમ્યાન નિષ્ફળતાઓથી ભરેલ છે તેમાં શું વાંધો? ફરીથી ઝડપથી પ્રગતિ કરવાનું નક્કી કર. તારી કથા ફરીથી લખ."આ મારું પ્રથમ જાગરણ હતું અને ત્યાર પછી મેં કયારેય જીવનમાં પાછળ નથી જોયું... એવી જરૂર જ ન પડી. મને આનંદ છે કે મેં વિજયરાઘવનને એવું ન કહ્યું, "અરે, તમે મારા જીવનમાં આ સંદેશ સાથે પાંચ વર્ષ પહેલા આવ્યા હોત તો!"

મહત્વનું એ છે કે તમે જ્યારે જાણો છો ત્યારે તમે કયાં જુઓ છો - તમારા ભૂતકાળ તરફ કે ભવિષ્ય તરફ?

હું એમ પણ કહી શકું છું કે, ‘મારુ અંગ્રેજી સારુ નથી’ અથવા તો ‘હું મારું અંગ્રેજી વધારે સારું બનાવવા માગું છું.’ તમે આજ પર ઊભા રહો અને ભૂતકાળ તરફ ન જોતાં ભવિષ્યકાળ સામે જુઓ. જ્ઞાનના એ બિંદુએ તમે પાછળ ન જુઓ, આગળ જુઓ. જે લોકો આમ બોલે છે કે ‘જો આમ હોત...’, તેના પાયામાં એવા લોકો છે જેઓ, જ્ઞાનના એ બિંદુએ, તેમના ભૂતકાળ તરફ જોઈ રહ્યા છે. તમને તમારા ભવિષ્યકાળ માટે જાગૃત કરવામાં આવે છે, તમારા ભૂતકાળને જાગૃત કરવાનો વ્યર્થ પ્રયાસ ન કરો.

કોઈ પણ જ્ઞાન કદી પણ તમને મોડું નથી થયું... તે જ્યારે તમને જરૂર હોય ત્યારે જ મળે છે... તમે જ્યારે તૈયાર હો છો ત્યારે જ મળે છે. વિજયરાઘવન પાસેથી આ જ સંદેશ જો થોડા વર્ષો પહેલાં મળ્યો હોત, તો તેનો મારા પર પ્રભાવ પડ્યો ન હોત. ઉપરવાળાના સમયપત્રકને કદી ન પડકારો.

જયારે મોહનદાસ કરમચંદ ગાંધીએ આગળ જોયું, ત્યારે જ તે મહાત્મા ગાંધી બન્યા. જયારે

નરેન્દ્ર આગળ જુએ છે, ત્યારે જ સ્વામી વિવેકાનંદ નામની ઘટના બને છે. આપણું ભાવિ આપણા ભૂતકાળ જેવું નથી. આવતીકાલ તરફ જોવાનું આપણું સૌથી મોટું પ્રેરકબળ એ બાબતની સભાનતા છે કે "આપણું શ્રેષ્ઠ તો હજી બાકી જ છે." જ્ઞાનના દરેક અંશ સાથે, દરેક નવા સાક્ષાત્કાર સાથે, દરેક નવી ગાઢ જાગૃતિ સાથે, આપણે આપણાં ઈચ્છિત ભવિષ્યને સર્જવા આગળ વધીએ.

તમને જે જ્ઞાન મળ્યું છે તે ભૂતકાળના વિશ્લેષણ માટે નથી. તે તો તમને તમારાં ભવિષ્યને સર્જવા માટે આપવામાં આવે છે.

આગળ જુઓ... તમને ખબર નથી કે તમે શું થવાના છો. ભવિષ્યમાં તમે જે વ્યક્તિ બનવાના છો, તે ક્યાંક તમારી કયારની રાહ જોઈ રહી છે. જાઓ... જાઓ અને તમે જે વ્યક્તિ બનવાના છો તેને મળો.

● ● ●

ગુણવત્તા એ જ અદૃશ્ય વિગત છે .

એક પ્રખ્યાત વક્તાને તેની ગંદો કારમાંથી બહાર નીકળતાં જોઈ મને સખત આઘાત લાગ્યો... તે એટલી ગંદી હતી કે હું તેને મારા ડાબા હાથમાં પહેરેલ મોજાંથી સ્પર્શવાની પણ હિંમત ન કરું... કાર કચરાપેટી જેવી હતી.... અને વક્તા "જીવનની ગુણવત્તા" પર પ્રવચન આપવાના હતા. હં..., મેં આધ્યાત્મિક સત્સંગ અને પ્રવચનમાંથી શિષ્યોને તેમની આંખોના ચીપડા લૂછતાં બહાર આવતા જોયા છે... જે સાબિત કરે છે કે જે લોકો પોતાના શરીરની સ્વચ્છતાની પણ પરવા નથી કરતા તેઓ પોતાના આત્માને સ્વચ્છ કરવા પ્રયાસ કરી રહ્યા છે...! કેવું ભયાનક અજ્ઞાન! અરે, તેઓ નહાતા પણ નથી, પણ તેઓ પોતાના ગુઢની કૃપાથી પોતાના જીવનને સ્નાન કરાવવા માગે છે. મેં દાઢી કર્યા વિનાના, બૂટ પાલીસ કર્યા વિનાના, બહુ જ ખરાબ રીતે ટાઈ પહેરેલા સેલ્સમેન જોયા છે... જેઓ પાછા પોતાનાં ઉત્પાદન અને સેવાઓ 'વિશ્વ કક્ષાની ગુણવત્તા ધરાવે છે' એવું મોટેથી કહેતા હોય છે.

આપણે એ જાણી લેવું જોઈએ કે ગુણવત્તાની શરૂઆત અંદરથી થાય છે અને પછી જ તે બહાર કામ કરી શકે છે. આપણે જે ગુણવત્તા આપીએ છીએ તેનો આધાર આપણી પાસે કેવી ગુણવત્તા છે તેના પર છે. આપણી પાસે જે ગુણવત્તા છે તે આપણે જે કરીએ છીએ તેના પર આધારિત છે. અને આપણે જે કરીએ છીએ તેની ગુણવત્તાની આધાર આપણે શું છીએ તેના પર છે.

ગુણવત્તાની સભાનતા એટલે બીજા રાખે તેના કરતા પોતાની જાત પાસેથી વધારે અપેક્ષા રાખવી ગુણવત્તાની સભાનતા એટલે જગતે તમારા માટે જે ધારાધોરણો પ્રસ્થાપિત કર્યા છે તેના કરતા વધારે ઊંચા ધોરણો તમે તમારા પોતાના માટે નક્કી કરો તે ગુણવત્તાની સભાનતા એટલે એ માન્યતા કે સઘળું સુધારી શકાય છે અને સુધારવું જ જોઈએ.

ગુણવત્તા એટલે તમારા પગનાં મોજાંમાં કાણું ન હોય... તમારા દરવાજામાં અવાજ ન થતો હોય... તમારાં ઘરનાં બધાં જ ઘડિયાળ એક સરખો સમય બતાવતાં હોય... તમારી બારીના પડદા ફાટેલા ન હોય... પંખા ગંદા ન હોય... દિવાલ પર જાળાં ન હોય... નળ લીક ન થતા હોય... ઘંટડી વાગે એટલે પાંચ સેકન્ડમાં જ ફોન ઉપડે... દિવાલ પરનો રંગ ઉખડતો ન હોય... સ્ટાફ વોશરૂમ એટલો સ્વચ્છ હોય કે તેમાં તમે જમીન પર સૂઈ શકો... દરવાજાના નકૂચા કામ કરતા હોય...

ગુણવત્તા... જેની હાજરીની ભાગ્યે જ નોંધ લેવાતી હોય, પણ તેની ગેરહાજરીની નોંધ એક પળમાં લેવાઈ જાય. જ્યાં ખીજાઓ નોંધ લેવાની પણ દરકાર ન કરે તેવી બાબતોમાં રહેલી

વિસ્તૃત શ્રેષ્ઠતા એટલે ગુણવત્તા. ફૂલ તો ફૂલ છે... પછી તેની સુગંધ હોય કે ન હોય. છતાં સુગંધનું હોવું કે ન હોવું જબરો તફાવત સર્જે છે. ગુણવત્તા એ એવી અદૃશ્ય વિગત છે. ...જેની હાજરી જ તફાવત સર્જે છે.



બધા પાસે પોતાની

દરેક બાબતના ખુલાસા છે

અને દરેક પોતાની જ વાત સાચી માને છે .

મારી મિત્રને ખાતરી જ હતી કે હું ખોટો હતો. વળી તેની પાસે ખુલાસો હતો કે તે એમ કેમ વિચારની હતી. મેં જે કર્યું હતું તે શા માટે કર્યું હતું તેની સ્પષ્ટતા કરી. શા માટે હું ખોટો ન હતો તેનો પણ મારી પાસે ખુલાસો હતો. તેની પાસે પણ તેનો ખુલાસો હતો કે શા માટે તે માનતી હતી કે મારો ખુલાસો ગળે ઉતરે તેવો ન હતો. તેણે વધારે સમજાવ્યું કે શા માટે હું ખોટો હતો. મેં તેને સમજાવવાનો પ્રયાસ કર્યો કે તેણે કઈ રીતે મારા ખુલાસાને સાચી રીતે સમજવાનો પ્રયાસ કર્યો ન હતો. મેં તેને આગળ એવું પણ સમજાવ્યું કે હું કેમ સાચો હતો. તે મને ખોટો ઠેરવવામાં અડગ હતી અને હું મારી જાતને સાચી ઠેરવવા અડગ હતો. અમારા બન્ને પાસે અમારા અભિપ્રાયોને સાચા ઠેરવવાના પૂરતા ખુલાસા હતા.

તે મારી ટીકા કરતા ઈ-મેઈલ મોકલે છે અને હું તે આક્ષેપોને નકારતા ઈ-મેઈલ મોકલું છું. તે પોતાના ખુલાસાને ફરી સમજાવવા જવાબ આપે છે અને આપણે શા માટે સંમત ન થઈ શકીએ તેના હું પણ ખુલાસા મોકલું છું.

મને બે વાત સ્પષ્ટ સમજાય છે... દરેક પાસે પોતાની દરેક બાબતના ખુલાસા હોય છે અને,મહત્વની વાત એ છે કે, દરેક માને છે કે પોતાની જ વાત સાચી છે.

મહાત્મા ગાંધીની હત્યા કરવા માટે નાથુરામ ગોડસે પાસે પૂરતા ખુલાસા હતા. ઓસામા બિન લાદેન પાસે તેણે વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર હુમલો શા માટે કર્યો તેના ખુલાસા હતા. અભિનેતાઓ પાસે પોતે પડદા પર શા માટે ધૂમ્રપાન કરે છે તેના પોતાના ખુલાસા હોય છે. મારી પતી પાસે તે સંભારમાં મીઠું નાખવાનું શા માટે ભૂલી ગઈ તેના ખુલાસા હોય છે અને મારી પાસે પણ ખુલાસા હોય છે કે મારો ગુસ્સો કેમ યોગ્ય છે.

દરેક પાસે ખુલાસા હોય છે અને દરેક પોતાની વાતને સાચી માને છે. હકીકતે, દરેક બાબત માટે દલીલો કરવામાં અને મારી વાત પર મક્કમ રહેવામાં જ મેં મારું જીવન વિતાવ્યું છે.આથી

મને મનમાં બહુ દુ:ખ થાય છે.

હું મારી જાતને કહી રહ્યો છું કે જીવનના ક્ષુલ્લક મુદ્દાઓ બાબતે હું બીજી વ્યક્તિઓને તેઓને જે માનવું હોય તે સભાનતાપૂર્વક માનવાની છૂટ આપીશ અને તેમ કરી મારી પુષ્કળ ઊર્જા, સમય મહેનત અને સ્પેસ બચાવીશ. દરેક બાબત માટે સમજૂતી આપવાની વૃત્તિને અટકાવી અને બીજાને જે માનવું હોય તે માનવા દેવાથી આપણને પુષ્કળ સ્વતંત્રતા મળે છે. અલબત્ત, જીવનના બધા જ ક્ષુલ્લક મુદ્દાઓ પર અને, સદ્દભાગ્યે, લગભગ નેવુ ટકાથી વધારે મુદ્દાઓ ક્ષુલ્લક જ હોય છે.

આ બાબતે શું તમારો જુદો અભિપ્રાય છે? તો તમને તેનો હક છે. તે બાબતે મારે કશું જ નથી કહેવાનું. તમે તમારી માન્યતા પર મક્કમ રહી શકો છો.

•••

'દસ મિનિટ વહેલા' નો અર્થ છે

હું દસ વર્ષ વધારે જીવી શકીશ .

પ્લેનની ફ્લાઈટ પકડવાના બે માર્ગ છે. જો તમે મોટે ભાગે પ્લેનમાં મુસાફરી કરતા હો, તો સંભવ છે કે તમે આ સામાન્ય કક્ષામાં આવો છો. ટ્રાફિકની ભીડભાડની ગતિમાં તાણ અનુભવવી, ડ્રાઈવરને જરા વધારે ઝડપથી હાંકવા આગ્રહ કર્યા કરવો, સિગ્નલોને અવગણીને આગળ વધવાના વિચાર કરવા, વારંવાર તમારી ઘડિયાળ જોયા કરવી અને એરપોર્ટમાં ઉતાવળે ધસી જવું. સામાન ચકાસવાથી માંડીને સિક્યોરિટી ચેક-અપની લાઈનમાં એવું સ્પષ્ટીકરણ આપીને કે તમને ફ્લાઈટ માટે થોડું મોડું થઈ રહ્યું છે તેથી લાઈન તોડીને આગળ વધવું. શરૂઆતમાં ઝડપથી ચાલવું અને પછી પહોંચવા દોડવું. ચહેરો તાણયુકત હોવા છતાં એટેન્ડેન્ટ તમને તમારી તકલીફ સમયે આગળ જવા દે તે માટે ચહેરો હસતો રાખવો... છેવટે માંડ-માંડ વિમાનમાં પહોંચવું.

બીજો માર્ગ છે એરપોર્ટ જવા માટે દસ મિનિટ વહેલા નીકળવું.

દરેક ઘરમાં સવારની શરૂઆત બે રીતે કરી શકાય છે. પહેલી રીત છે ત્રીજું વિશ્વયુદ્ધ શરૂ કરવું. બધાજ દોડાદોડી કરતા હોય... બધા જ બીજાને કામ સોંપતા હોય... ફોન સતત વાગતો હોય અને દરેક ઈચ્છે કે તે બીજું કોઈ ઉપાડે. કોઈ દરવાજા પર આવ્યું છે અને બધા ઢોંગ કરે કે તેમણે ઘંટડી નથી સાંભળી. શાળાની બસ તદન નજીક રસ્તા પર આવી ગઈ છે અને અરે, લંચબોકસ કયાં છે... આ રહ્યું... અરે, વોટર બોટલ લઈ લે, સ્કૂલ બેગ બરાબર બંધ નથી થઈ... બસમાં ચડી જા... તારા બૂટની દોરી તો બાંધ... જાણે રોકેટ ઊડવાનું હોય તેવી ધમાલ હોય... ૧૦... ૯... ૮... હં...!

બીજી રીત છે દસ મિનિટ વહેલા ઉઠવું.

ઉતાવળ એ બધાં વ્યસનોમાં સૌથી ભયંકર વ્યસન છે. તે આપણે જે નિર્ણયો લેવા નથી માગતા તે લેવાની ફરજ પાડે છે. એ આપણે જે રીતે નથી વર્તવા માગતા, તે રીતે જ વર્તન કરવાની ફરજ પાડે છે. તે પરિસ્થિતિનો જ વાંક છે, આપણો નહીં એમ માની પોતાને છેતરે છે. અવ્યવસ્થિત કામ અને બેદરકારીભર્યા નિર્ણયો માટે ઉતાવળ એ બહાનુ બની જાય છે. એ એક એવું વાતાવરણ ઊભું કરે છે જેમાં આપણે જે કાંઈ કરીએ છીએ – ફ્લાઈટ પકડવા લાઈન

તોડવાથી માંડીને મૂર્ખની જેમ દોડવા સુધી - તેને સાચી ઠેરવવાનો આપણે નબળો પ્રયાસ કરીએ છીએ.

મુશ્કેલી ભરેલા નિર્ણયો કયારેક સારા નિર્ણયો હોય છે. "દસ મિનિટ વહેલા"નો નિર્ણય શરૂઆતમાં કદાચ મૂર્ખાઈ જેવો લાગે, પણ તે વર્તમાનમાં જે માનસિક તાણ છે તેનો રોગનિવારક ઉપાય છે. "દસ મિનિટ વહેલા". આજે લોકો જે તાણ સંબંધી સમસ્યાઓનો સામનો કરે છે, તેની આ મહત્વની દવા છે. "દસ મિનિટ વહેલા" ની પદ્ધતિ તમને કયારેય કટોકટીની સામનો ન કરવો પડે તે બાબતને સુનિશ્ચિત કરશે.

"દસ મિનિટ વહેલા"નો અર્થ થાય છે કે મારા હૃદયના દસ ધબકારા ધીમા પડશે... એટલે હું દસ વર્ષ વધારે જીવી શકીશ.

• • •

સ્વપ્નાં એ તમે જ્યાં છો

અને તમે જ્યાં હશો .

તે બે વચ્ચેનો અવકાશ છે .

માર્ટીન લ્યૂથર કીંગ જૂનીયરે એક ઐતિહાસિક પ્રવચન કર્યું જેમાં તેણે કહ્યું, "મારું એક સ્વપ્નું છે કે એક દિવસ આ રાષ્ટ્ર ઉભું થશે અને પોતાની માન્યતાના ખરા અર્થને સાર્થક કરી બતાવશે 'અમે એ સત્યને સિદ્ધાંત માનીએ છીએ કે બધા મનુષ્યોને સરખા બનાવવામાં આવ્યા છે' મારું એક સ્વપ્ન છે કે જ્યોર્જિયાના લાલ ડુંગર પર પહેલાનાં ગુલામોના પુત્રો અને પહેલાનાં ગુલામોના માલિકોના પુત્રો ભાઈચારાના ટેબલ પર સાથે બેસવા શક્તિમાન થશે. મારું એક સ્વપ્ન છે કે મારાં ચાર નાનાં બાળકો એક દિવસ એવાં રાષ્ટ્રમાં રહેશે જ્યાં તેમના વિશેનો નિર્ણય તેમની ચામડીના રંગથી નહીં પણ તેમના ચારિત્ર્યથી થશે. આ શ્રદ્ધા સાથે આપણે સાથે કામ કરવા, સાથે પ્રાર્થના કરવા, સાથે સંઘર્ષ કરવા, સાથે જેલ જવા, સ્વતંત્રતા માટે સાથે ઉભા રહેવા, શક્તિમાન બનીશું, એ સભાનતા સાથે કે એક દિવસ આપણે મુક્ત હોઈશું. અને અમેરિકાએ જો મહાન રાષ્ટ્ર થવું હોય, આ સ્વપ્ન સાચું પડવું જ જોઈએ." ચાર દાયકા પછી અમેરિકાનાં રાષ્ટ્રે તેના સૌ પ્રથમ બરાક ઓબામાને તેના સૌપ્રથમ અફ્રો-અમેરિકન રાષ્ટ્ર પ્રમુખ ચૂંટી ઈતિહાસ સર્જ્યો.

અહીં મહત્વની બાબત એ સમજવાની છે કે આ સ્વપ્નું સામાજિક ચેતનામાં જયારે ઉત્તમ સમય હતો ત્યારે નહીં, પણ જ્યારે ખરાબ સમય ચાલતો હતો, જયારે કાળા લોકોને મતનો અધિકાર પણ ન હતો, ત્યારે જોવામાં આવ્યું હતું.

ધીરુભાઈ અંબાણીએ ડિજીટલ ભારતનું સ્વપ્નું જોયું, જયાં ભારતના સાધારણ માનવીને પણ માહિતી અને સંદેશ વ્યવહારની તેને પોષાય તે રીતે સગવડ મળી રહે, જે તેને નિરક્ષરતા અને અજ્ઞાનની અગવડમાંથી મુક્ત કરે. અને ભારતમાં તે સ્વપ્ન સાકાર બન્યું. મહત્વની વાત એ છે કે આ સ્વપ્નનો છોડ રિલાયન્સના બૌદ્ધિકોમાં ૧૯૯૯માં રોપવામાં આવ્યો ત્યારે ભારતની પાયાની સંદેશા વ્યવહારની વ્યવસ્થા તદ્દન નબળી હતી. દરેક વસ્તુ, સેવા અને ઉત્પાદનો મોંઘાં બનતાં હતાં તે જોઈ રતન ટાટાએ એક લાખ રૂપિયાની કારનું સ્વપ્નું જોયું અને 'નેનો'ના માધ્યમથી

તેમણે પોતાનું એ સ્વપ્ન વાસ્તવિકતામાં ફેરવી નાખ્યું.

મહાત્મા ગાંધીએ જ્યારે આખો દેશ ગુલામીમાં સબડતો હતો અને ત્રણસો વર્ષોથી વિદેશી સતાધારીઓની સાંકળમાં જકડાયેલ હતો, ત્યારે સ્વતંત્ર ભારતનું સ્વપ્નું જોયું. ભારત કોઈ વિશ્વ કક્ષાનું વિમાન તૈયાર કરી શકતું ન હતું, ત્યારે 'ભારતના મિસાઈલ મેન' તરીકે ઓળખાતા એ.પી.જે. અબ્દુલ કલામે સ્વપ્નું જોયું, "૩૦૦૦ વર્ષના ભારતના ઈતિહાસમાં, ૬૦૦ વર્ષ બાદ કરતાં, ભારત પર બીજાઓએ જ રાજ્ય કર્યું હતું. જો તમારે વિકાસ કરવો હોય, તો દેશમાં શાંતિ હોવી જોઈએ. અને શાંતિ કેવળ સામર્થ્યથી જ મળે છે." મિસાઈલ જેવાં શાસ્ત્રો દેશનાં સામર્થ્યને વધારવા જ વિકસાવવામાં આવ્યાં. ભારતે અવકાશમાં અને ચન્દ્ર પર પોતાની હાજરી નોંધાવી છે.

આપણે બધા જાણીએ છીએ કે સ્વપ્નાં તો જોવાં જ જોઈએ. અહીં મહત્વનું એ છે કે આ બધા સ્વપ્નદૃષ્ટાઓએ તેમના શ્રેષ્ઠ સમય દરમ્યાન નહીં, પણ તકલીફભર્યા દિવસો દરમ્યાન, સૌથી મુશ્કેલભર્યા દિવસો દરમ્યાન જ, આ સ્વપ્નાંઓને જોયાં અને સાકાર કર્યાં હતાં. એ દિવસો દરમ્યાન જ્યારે સામૂહિક જાગૃતિ ઉત્સાહભરી અને હકારાત્મક ન હતી. છતાં, તેમણે સ્વપ્નાં જોયાં, અને માત્ર તેમનાં સ્વપ્નાંનાં જોર પર સંસ્થાઓ, રાષ્ટ્રો અને માનવજાત સમગ્ર રીતે તેમના પડખે ઊભાં રહ્યાં.

તમારે મુશ્કેલભર્યા સમયનો સામનો કરવો પડે. તમારે કઠોર સમય સામે સંઘર્ષ પણ કરવો પડે. છતાં, તમારે સ્વપ્નાં તો જોવાં જ જોઈએ. સ્વપ્નાં એ તમે જયાં છો અને તમારે જ્યાં પહોંચવાનું છે તે બે વચ્ચેનો અવકાશ છે. "શું હું કરી શકીશ?" પ્રશ્ન કયારેય છે જ નહિ. મહાન સ્વપ્નદૃષ્ટાઓનાં સ્વપ્નાં હમેશ પૂરાં થાય છે. માણસનું મન જે કંઈ વિચારે અને જે ઈચ્છે, તે સિદ્ધ કરી શકે છે. ભગવાન તમને સિદ્ધ કરવાની શક્તિ વિના કોઈ પણ વિચાર નથી આપતો. સ્વપ્નદૃષ્ટા માટે, પ્રશ્ન કેવળ આ જ હોય છે, "હું કયારે કરીશ?"

જે કાર્ય પાણી કરી શકે, તે પેટ્રોલ ન કરી શકે.
જે ત્રાંબુ કરી શકે, તે સોનું ન કરી શકે.

કીડીનું ઓછું વજન જ તેને સક્રિય રાખે છે,
વૃક્ષનું ભારે વજન જ તેને મૂળિયાં સાથે જોડી રાખે છે.

દરેક વસ્તુ અને દરેક વ્યક્તિ
એક ચોકક્સ હેતુ સિદ્ધ કરવા માટે
વિશિષ્ટપણે રચવામાં આવ્યા છે.

હું મારા સિવાય બીજો કેમ થઈ શકું,
ભલેને મારામાં કોઈ નબળાઈ હોય?
શા માટે હું અન્ય બનવાનો સંઘર્ષ કરું,
ભલેને બીજાનું સામર્થ્ય મને આકર્ષિત કરતું હોય?

હું અહીં "હું" તરીકે રહેવા માટે જ છું.

•••

અવિરત અને સતત સ્વ-સુધાર

એજ માત્ર એક માર્ગ .

હું શાળામાં પણ નિબંધ કે લેખનમાં ક્યારેય પણ સારો ન હતો. જો કે, એક વક્તા તરીકે સૌથી અઘરા વિષયને પણ સરળ રીતે રજૂ કરવામાં હું વીરલ અને શ્રેષ્ઠ હતો. હું જીવનનાં સૌથી કઠીન કોયડા જેવી બાબતોને સમજી શકું છું અને તેમને બધા સમજે તેવી ભાષામાં રજૂ પણ કરી શકું છું. મારી પાસે જીવન જીવવાનાં પાયાનાં મૂલ્યો છે. એટલે મેં લેખનને અજમાવી જોવાનો નિર્ણય કર્યો. પણ મારાં લખાણ કોણ પ્રકાશિત કરશે? એટલે મેં એક સામયિક પ્રકાશિત કરવાનું નક્કી કર્યું. આ રીતે "ફ્રોઝન થોટ્સ" અસ્તિત્વમાં આવ્યું.

પહેલી વાર મેં વર્ષ ૨૦૦૦માં "ફ્રોઝન થોટ્સ" માટે લખ્યું, મારે કબૂલ કરવું જોઈએ કે મને મારો લેખ વાંચવાની જરા પણ મજા ન આવી. તરત જ મને ખ્યાલ આવી ગયો કે મારું અંગ્રેજી વ્યાકરણ પણ સારું ન હતું. એક વાચકે ફ્રોઝન થોટ્સનો પહેલો અંક મારા સામે ફેંક્યો અને બૂમ મારીને કહ્યું, "વાક્ય રચના તદ્દન અણઘડ અને નકામી છે. ભાષા પણ અવ્યવસ્થિત છે. વ્યાકરણ પણ નકામું છે. સડેલી રમૂજો છે. જોડણીની પુષ્કળ ભૂલો છે અને રંગોની પસંદગી પણ બેકાર છે. આ મેગેઝીન તો મારા પગ પાસે રાખવા લાયક પણ નથી." અપમાન પ્રેરણાનું સારું માધ્યમ બની શકે છે. અને મારા માટે તો એવું જ બન્યું. તમે જો મારા સામે છરો ફેંકો, તો હું તેને હેન્ડલથી પકડીશ, નહીં કે તેની ધારથી. પછી તે છરો મારા શસ્ત્રાગારમાં નવું શસ્ત્ર બનશે. જયારે તમે જે પરિસ્થિતિનો સામનો કરો છો તેના કરતાં તમારી પાસે સાધનો વધારે હોય, ત્યારે કોઈ પણ પરિસ્થિતિ એક તક બને છે. મેં પણ આમાં તક જોઈ. તમને મળતી તકને ઝડપી લેવાની જાગૃતિ તમારામાં હોય તો તેને સદ્ભાગ્ય માનવામાં આવે છે.

મારું નસીબ મેં જાતે જ લખવાનો નિર્ણય લીધો. એટલે આ મુદ્દાઓનો ઉકેલ લાવવા મેં એક ટીમ બનાવી. જો તમે પૂરતા બુદ્ધિશાળીઓને તમારી આસપાસ એકઠા કરવાનું જાણતા હો, તો તમારે તમારી બુદ્ધિનો બહુ ઉપયોગ કરવાની જરૂર નથી હોતી. મે મારી આસપાસ એક બુદ્ધિશાળી ટીમ બનાવી. જે તે વિષયના ઊંડાણમાં લોકોને દોરી જવા તમારે તે વિષય વિષે જાણવું જરૂરી છે. આથી મેં મારા લેખન પર કામ કરવાનું શરૂ કર્યું. વ્યાકરણના નિયમો શીખવાના શરૂ કર્યા. ડિજાઈન અને ટેક્નોલોજી શીખવાનું પણ શરૂ કર્યું-મારી જવાબદારી માટે નિષ્ણાત બનવા જે જરૂરી હતું તે બધું જ મેં કર્યું.

હું એમ નથી કહેવા માગતો કે મેગેઝીનનું સંપાદન, પ્રકાશન અને વેચાણ બહુ જ મુશ્કેલ કામ છે, પણ મને તો તે મુશ્કેલ જ લાગ્યું, કારણ કે મારી પાસે આ જવાબદારીઓ નીભાવવા માટે પૂરતી બાબતો ન હતી. તમારી પાસે જે સાધનો હોય તેના કરતાં તમે જે પરિસ્થિતિનો સામનો કરતા હો તે વધારે મોટી હોય, ત્યારે પરિસ્થિતિ એક પડકાર બને છે. મારી તકલીફ એ હતી કે મારી સામે તો પડકાર જ હતો. મેં જે પદ સ્વીકાર્યું હતું તે માટે હું સજજ ન હતો. એટલે, મારે તો મારી જાતને સતત અને અનંત સુધારણા માટે તૈયાર કરવી પડતી હતી. એટલે મારે જે બાબતોમાં સુધરવાનું હતું તે બધામાં હું વધારે સુધરતો ગયો.

કોઈ જવાબદારી કાયમી નથી હોતી... તે ખૂબ જ ગતિશીલ હોય છે. એટલે તમારા વ્યક્તિગત વિકાસે તેની સાથે તાલ મીલાવવો પડે છે. સંપાદક બનવું એ કંઈ મને આપેલ કોઈ મુકુટ ન હતો, પણ એ તો એક જવાબદારી હતી જે મેં જ પસંદ કરી હતી. આજે, “ફ્રોઝન થોટ્સ” ૬૫ દેશોમાં અને ભારતનાં ૪૫૦ સ્થળોમાં વૈશ્વિક વાચકો ધરાવે છે. આજે એ વિચારીને આનંદ થાય કે કોઈ પણ તેની નકલને ફેંકતું નથી. એ જાણવાથી તો વધારે તૃપ્તિ થાય છે કે આ “અપ્રેષિત પત્ર” પુસ્તક જે તમે વાંચી રહ્યા છો, એ આ ‘ફ્રોઝન થોટ્સ’ના ગર્ભમાંથી જ જન્મ્યું છે.

આજનો પડકાર એ છે કે વ્યક્તિ જે હાથમાં લે છે તે વ્યક્તિ કરતાં વધારે ઝડપથી વિકસે છે. પોતાની ભૂમિકાના વિકાસની વધતી ગતિ સાથે વ્યક્તિ તાલ મેળવે છે, ત્યારે કાર્યક્ષમતા અને અસરકારકતા આપોઆપ આવે છે. પોતાની જાતમાં એકધારો સુધારો કરતા રહેવું એ જ એકમાત્ર ઉપાય છે.



કોઈ હમેશાં સફળ ન થાય,
તેમ નિષ્ફળ પણ ન રહે.

સફળતા નિષ્ફળતાનો અંત છે અને
નિષ્ફળતા સફળ બનવાનાં પગથિયાં છે.
કોઈ નિષ્ફળતા કાયમ નથી ટકતી,
તેમ જ કોઈ સફળતા પણ કાયમી નથી.

આજની સફળતા અને આજની નિષ્ફળતા
એ લાંબી જીવન યાત્રાનાં એક પછી એક
ભરવામાં આવતાં પગલાં છે. જીવન એક રમત છે.
જો તમે આ રમત-રમતા રહેશો,
તો તમે જીતશો જ.

આગળ જવાના રસ્તે પીછેહટ ન કરો,
છેક સુધી ચાલો, ચાલતા જ રહો,
સફળ થશો, જીવન જીવી જાણશો.



ક્યારે મેં છેલ્લે કશુંક પહેલી વાર કર્યું?

મોટા ભાગના લોકો માટે જીવન એક ઘરેડમાં ચાલતી કવાયત જ છે. સવારે જાગવું. ઊઠવા પહેલાં થોડી મિનિટો પથારીમાં પડ્યા રહેવું. એ જ રીતે બ્રશ કરવું, એ જ કોફી પીવી, એ જ છાપાં વાંચવાં, નિશ્ચિત સમયે સ્નાન કરવું, ઉતાવળે નાસ્તો કરવો, કામે જવા માટે ભાગવું, એ જ ઓફિસ, એ જ કામ, ગપ્પાં મારવાં અને લંચ, એ જ વાતો, ઘેર જવાનો એ જ રસ્તો, એ જ મેગા સીરિયલો, એ જ દલીલો, એમ જ રાત્રે ઠાંસીને જમવું, એ જ પથારી, થાકીને સૂઈ જવું અને બીજા દિવસે ફરી એ જ ઘટમાળ.

જીવનને રૂટિન બનાવવાની જરૂર નથી. જીવનને કંટાળાજનક બનાવવાની જરૂર નથી. જીવન વાર્ષિક ઋતુચક્રની જેમ વારંવાર જીવવા માટે નથી. જીવનને જીવનભર જેલ બનાવવાની પણ જરૂર નથી. માત્ર જીવતા રહેવા કરતાં જીવન કાંઈક વધારે છે.

દરેક વર્ષે તમારી ક્ષમતામાં કાંઈક વધારો કરો અને જુઓ કે જીવન કેવું જીવંત બની જાય છે. તમારા જીવનમાં એવો તબક્કો ક્યારેય ન આવવો જોઈએ જેમાં તમે સક્રિય ન હો. પછી તે સંગીતના પાઠ હોય, વાદ્ય વગાડવાનું હોય, નૃત્યના વર્ગો હોય, વૈકલ્પિક ચિકિત્સા હોય, આરોગ્યનો નવો કાર્યક્રમ હોય, યોગ હોય, નવી ભાષા હોય, વધારાનું નવું વ્યાકરણ હોય, સર્જનાત્મક લખાણ હોય, જાહેર વક્તવ્ય હોય, રસોઈના વર્ગો હોય, ચિત્રકામ હોય, લખવાની કળા હોય, નવી કળા હોય, ડ્રાઈવીંગ હોય, તરવું હોય, નવી રમત હોય, ટેક્નીકલ શિક્ષણ હોય, આધ્યાત્મિક અભ્યાસનો વર્ગ હોય, બાગકામ હોય, પશુ-પક્ષીઓનો ઉછેર હોય, માછલીઘર રાખવાનું હોય, ફોટોગ્રાફી હોય, સાંસ્કૃતિક બાબત હોય... આ યાદી અનંત છે. ગમે તે પસંદ કરો અને કોઈ પણ પ્રવૃત્તિમાં સક્રિય રહો. હમેશાં જીવનના સંશોધક બની રહો. પ્રયોગો કરતા રહો. પ્રયત્ન કરતા રહો. તમારી જિજ્ઞાસા અને ઉત્સુકતાને પોષતા રહો. આગળ જે પ્રયાસ ન કર્યો હોત તે માટે સતત પ્રયાસ કરતા રહો. કાંઈક નવું કરતા રહો. જે પહેરતાં શરમાતા હો તે વસ્ત્રો પહેરો. નવી હેરસ્ટાઈલ રાખો. અસામાન્ય સ્થળોની મુલાકાત લો. અરે ભાઈ! એકાદ દિવસ રસોડું પણ સંભાળોને! રવિવારે પતિઓ ભેગા થઈ પત્નીઓને જમાડે. એક દિવસ આંખે પાટા બાંધીને રહો. એક દિવસ મૌન પાળો. એક દિવસ જાહેર વાહન વ્યવહારનો જ ઉપયોગ કરો. કામના સ્થળે તમારી ભૂમિકા બદલાવો-એક દિવસ પાર્ટીમાં એમ.ડી. થાવ તો કેવું? ફરી, યાદી ખૂબ લાંબી છે. ચાલુ રાખો.

તમારી સફળતાઓ, સિદ્ધિઓ અને પ્રાપ્તિઓ ઉપરાંત જીવનને જીવંત રાખવા આ પ્રશ્નનો જવાબ આપ્યા કરો : છેલ્લે મેં ક્યારે કશુંક પહેલી વાર કર્યું?

જીવનને ઉત્સવ તરીકે માણો. તમારા જીવનના દરેક દિવસે તમારું અસ્તિત્વ નોંધાવો જીવનને વિશાળ બનાવો. તેમાં પળેપળ પ્રસન્નતા ભરો. જીવંત રહેવા ઉત્સુક રહો.



જીવનનો મર્યાદિત ઉપયોગ
તેને લંબાવશે
અને અમર્યાદિત ઉપયોગ
તેને ટૂંકાવશે .

એક ઘટના સામાન્ય રીતે જોવા મળે છે કે સંસ્થાઓ બહુ જ ઝડપથી વિકસે છે અને પછી તે ગતિ કરતાં પણ વધારે તેનું પતન થાય છે. જે લોકોએ આવી કંપનીઓમાં પૈસા રોકીને સ્ટોક માર્કેટમાં પોતાના હાથ બાળ્યા હોય અને એવા બીજા અનેક લોકો કે જેમણે આવી નાણાકીય કંપનીઓમાં પોતાના બધા જ પૈસા ગુમાવ્યા હોય તેમને પૂછો. તેમની પાસે તમને કહેવા માટે કરુણ કથાઓ હશે.

અલબત્ત, એવું પણ જોવા મળે છે કે કેટલીક સંસ્થાઓ પોતાનો પાયો મજબૂત કરવા, બીઝનેસ મોડેલ ઊભાં કરવા, તેમના પાયાના હકો મેળવવા, સિસ્ટમ અને આંતરમાળખું ગોઠવવા માટે પૂરતો સમય લે છે. આ સંસ્થાઓ ભલે તેમની શરૂઆતની પ્રગતિમાં ધીમી હોય છે, પણ વર્ષો દરમ્યાન ગુણાકારમાં પ્રગતિ કરે છે. જે લોકોએ આવી ટેક્નીકલી મજબૂત કંપનીઓમાં રોકાણ કરી મિલકત એકઠી કરી હોય તેમને પૂછી જુઓ... તેમની પાસે તમને કહેવા સફળતાની વાતો હશે.

પેલી કહેવત છે ને કે : રોમ કંઈ એક દિવસમાં બંધાયું ન હતું. જો એવું થયું હોત તો તે બીજા જ દિવસે ધસી પડયું હોત.

સંબંધોમાં પણ મારું અવલોકન એવું રહ્યું છે કે જે સંબંધોમાં લોકો ટૂંકા ગાળામાં એકબીજાનું વળગણ અનુભવતા હોય છે, તે બહુ જ થોડા સમયમાં કોઈ નાની ગેરસમજ, નાના બનાવ, એક દલીલના કારણે છૂટા પડી જાય છે. જે સંબંધો લાંબા સમય સુધી વિશ્વાસ, શક્તિ, પારદર્શકતા અને નિકટતાને કારણે મજબૂત બને છે, તેવા સંબંધો જ સમયની કસોટીએ ટકી

રહેવાની શક્તિ અને ઊંડાણ વિકસાવી શકે છે.

શેમાં વધારે સ્થિરતા છે-એ શંકુ કે જે પાયા પર ઊભો છે કે ઉંધો શંકુ? પાયો ઠીક કરવામાં સમય લાગે છે. પાછળથી ગરબડને સુધારવામાં સમય બગાડવા બદલે શરૂઆતમાં પાયાને યોગ્ય કરવા પાછળ પૂરતો સમય આપો.

તમે કહેશો : "મને ખાવાનું ગમે છે." આ કારણથી જ ઓછું ખાઓ. તો પછી તમે ખાવા માટે લાંબું જીવશો. તમે કહો છો : "મને ઊંઘવાનું ગમે છે." એ જ કારણથી ઓછું સૂવો. તો તમે સૂવા માટે લાંબું જીવશો. તમે કહો છો : "હું તેને ખૂબ ચાહું છું." એ જ કારણથી, તેને સ્વતંત્રતા આપો. તમે કહો છો : "મારે ટોચ પર જવું છે." એ જ કારણથી પાયાને મજબૂત બનાવવા પૂરતો સમય આપો. તો એ જ પાયો તમને ટોચ પર ટકવામાં મદદ કરશે.

જીવનનો મર્યાદિત ઉપયોગ તેને લંબાવશે અને અમર્યાદિત ઉપયોગ તેને ટૂંકાવરો.



જ્યાં શ્રેષ્ઠતા છે,

ત્યાં ખુલાસાની જરૂર નથી .

શ્રેષ્ઠતા એ પોતે જ એક ખુલાસો છે. જયાં પણ શ્રેષ્ઠતા છે, ત્યાં ખુલાસાની જરૂર જ નથી હોતી. જયાં ખુલાસાની જરૂર પડે છે, ત્યાં તમે ભાગ્યે જ શ્રેષ્ઠતા જોઈ શકો છો.

જે બરાબર છે, તે બરાબર જ છે અને જે બરાબર નથી, તે બરાબર નથી જ. જો કે, જે બરાબર નથી તેના ખુલાસા, બહાનાં, દલીલો, કારણો વગેરે આપવાની આપણને ટેવ છે પણ થોભો. એક વખત જો તમે જે બરાબર નથી તેને બરાબર ઠેરવવા તમારા મનનો ઉપયોગ કરવાની વૃત્તિ કેળવશો, તો તમે તમારા વિનાશનું જ બટન દાબો છો. જે મન શ્રેષ્ઠતાના અભાવને સાચો ઠેરવવાની તાલીમ લે છે, તે હમેશ સમાધાન કરવાનું જ શીખે છે- તેને સમાધાનો સાથે જ રહેવાની ટેવ પડે છે.

જો તમે સોમાંથી અઠ્યાસી ગુણ મેળવ્યા છે, તો એ હકીકત છે કે તમને બાર ગુણ ઓછા મળ્યા છે. પછી ભલેને તમે ગમે તેટલા ખુલાસા આપો, તમે બાર ગુણ જેટલા દૂર જ છો. ગમે તેટલી દલીલો બારનો વિકલ્પ નથી આપી શકતી. તમે જાણો છો કે ૮૮ માત્ર ૮૮ જ છે, છતાં તમે ૮૮ને ૧૦૦ ઠેરવવાનો પ્રયાસ કરી રહ્યા છો.

એક કહેવત છે કે : 'હજાર વાર જો જૂઠ કહેવાય, તો તે સત્ય બની જાય છે.' બીજાઓ માટે તે કદાચ સાચું હોય, પણ તમને તો તે ખબર જ છે કે તે જૂઠ જ છે. તમે બિલાડીને કેટલો વખત સિંહ તરીકે દેખાડી શકો? તમે તથ્ય ને જાતથી છૂપાવી ન શકો કે જાતને તથ્યથી છુપાવી ન શકો. સમજાવટ કયારેય મર્યાદાનો વિકલ્પ ન બની શકે.

તમારું ધ્યેય ચાલીસ લાખ હતું અને તમે ત્રીસ લાખ જ કર્યા, તેનો અર્થ એ કે તમે તમારા ધ્યેયથી દૂર રહ્યા. તમારી મુલાકાત અગીયાર વાગ્યે હતી અને તમે સવા અગીયારે પહોંચ્યા, તો તમે મોડા છો. તમે ગમે તે કહો, પણ તથ્ય તો એ જ રહે છે કે તમે તમારું ધ્યેય પૂરું નથી કરી શક્યા અને તમે નિયમિતતાને માન નથી આપતા.

શ્રેષ્ઠતાના અભાવે પોતાને આશ્વાસન આપવાની રીત તમને જીવનમાં ખૂબ જ નુકશાન પહોંચાડશે. વારંવાર તે તમને તમારા ધ્યેયથી પાછળ જ રાખશે અને પછી તમે જે કરી શકવા શક્તિમાન છો તેનાથી તમે દૂર જ રહેશો. જાગો. જે બરાબર નથી તે બરાબર નથી જ. ૬:૦૧

એ ૬:૦૦ નથી જ. સોમવાર માત્ર સોમવાર જ છે!

'મર્યાદા દૂર કરવી' શક્ય છે. ચોકસાઈ શક્ય છે. અવિશ્રાંત શ્રેષ્ઠતા શક્ય છે. એની શરૂઆત શ્રેષ્ઠથી ઓછું સ્વીકારવાની ના પાડવાના વલણથી થાય છે. જીવનમાં મજાની વાત એ છે કે જો તમે શ્રેષ્ઠથી ઓછાંની ના પાડશો, તો તમને શ્રેષ્ઠ જ મળશે.

શ્રેષ્ઠતાનો અભાવ ખટકવો જોઈએ. અને જે ખટકે છે, તે શીખવે છે. જે શીખવે છે, તે સર્જે છે. જાતને સર્જવા દો. શ્રેષ્ઠતા સર્જો. તમારા કામને બોલવા દો. તમે તેના માટે ન બોલો.



માહિતી વિશ્વાસ અને સંબંધોનો આધાર બની ચૂકી છે .

"મેં મારાં માતા-પિતા પર કયારેય શંકા નથી કરી. તેમણે મને જે પણ કરવાનું કહ્યું છે તે કર્યું જ છે. મને મારાં માતા-પિતા પ્રત્યે આંધળો વિશ્વાસ છે. પણ મારો પુત્ર એવો નથી. જ્યારે પણ હું તેને કશુંક કરવાનું કહું છું, મારે તેના 'શા માટે, કેવી રીતે, શું અને શા માટે નહીં'ના જવાબ આપવા પડે છે. આજની પેઢીનાં બાળકો વડીલોનું સન્માન નથી જાળવતાં." એક પ્રૌઢ વ્યક્તિની આ ફરિયાદ છે.

પણ આ સાચું નથી. માત્ર સંબંધોની રીત બદલાઈ છે. આગળ સંબંધોનો આધાર લાગણી હતી. આજે સંબંધોનો આધાર માહિતી છે.

થોડા વર્ષો પહેલાં જો બોસ ટીમના સભ્યને કામ કરવાનું કહેતા, તો તરત 'થઈ જશે' એવો સહજ જવાબ મળતો. આજે ટીમનો સભ્ય તે શરૂ કરતા પહેલાં બોસને 'તે શા માટે કરવાનું છે?' વગેરે પૂછે છે. તેનો અર્થ એ નથી થતો કે આજની ટીમના સભ્યો સન્માનમાં નથી માનતા, પણ તેમને પૂરતી માહિતી જોઈએ છે. એ અર્થમાં, હવે સંબંધોમાં આંધળું સમર્પણ નથી રહ્યું. પણ હું તે છતાં માનું છું કે તેને કારણે સંબંધોની ગુણવત્તામાં કોઈ ફેરફાર નથી થયો. તે ઘટ્યા નથી. માત્ર આજના બુદ્ધિશાળીઓ કહે છે કે, 'નિર્ણય લેવા કાં તો મને પૂરતી માહિતી આપો અથવા જે નિર્ણય લેવાયો છે અને જેનું મારે પાલન કરવાનું છે તે વિશે બધી માહિતી આપો.'

તમારા પિતાએ તમને પાણી લાવવા કહ્યું હોત તો તમે તરત જ પાણી લઈ આવત, પણ તમારો પુત્ર પાણી લાવતાં પહેલાં તમને થોડા પ્રશ્નો પૂછવાનો. મહત્વની બાબત એ છે કે તે પણ તેને પૂરતી માહિતી મળશે પછી પાણી તો લઈ જ આવશે. આ અર્થમાં મા-બાપ અને બાળકના સંબંધો કંઈ બગડ્યા નથી. માત્ર તેની રીત બદલાઈ છે. જયારે તમારા પિતા માતાને કહેતા કે આજે બપોરે ત્રણ લોકો તેમની સાથે જમશે, તો તેણે 'ભલે' એવો જવાબ આપ્યો હોત. પણ આજે તમે તમારી પત્નીને આ જ બાબત કહો, તો તે પૂછવાની કે કોણ આવવાનું છે કે તેમને શું ભાવશે કે તેઓ ક્યાં સુધી રોકાશે. અલબત, તે પણ જમવાનું તો તૈયાર જ રાખશે. એ અર્થમાં લગ્ન સંબંધોમાંનો પ્રેમ ઘટ્યો નથી. માત્ર સંબંધની રીત બદલાઈ છે. સંબંધોનો આધાર લાગણીમાંથી માહિતીમાં પરિવર્તિત થયો છે.

એક શિક્ષક તરીકે મારો મત છે કે અધ્યાત્મના પ્રદેશમાં પણ સમર્પણની ગુણવત્તામાં ફેરફાર નથી થયો. પરિવર્તન જે આવ્યું છે તે છે – અંધ સમર્પણ ને બદલે હવે સમર્પણ પૂરતા સવાલ જવાબ પછી થાય છે. પણ તો પછી અર્જુનમાં પણ શું ફર્ક હતો?

સંબંધોની ગુણવત્તા નથી બદલાઈ, પણ માહિતી અને વાત કરવાની માંગ વધી છે. વાતચીત અને માહિતીની આપલે સંબંધ માટે ખૂબ મહત્વનાં બન્યાં છે. સમજૂતી જરૂરી બની છે અને ખુલાસા ફરજિયાત. આ પરિવર્તન નથી સારું કે નથી ખરાબ. તે માત્ર નવી ઘટના છે. બદલાતાં જગતમાં, આવાં પરિવર્તનોની તો અપેક્ષા રાખવાની જ છે. હવે માત્ર 'કરો' એમ કહેવાથી નહીં ચાલે. પૂરતી સમજ આપવી પડશે. પછી 'કરો' તેમ કહો, અને તે કરવામાં આવશે.

હવે વિશ્વાસ એ જ સંબંધોનો આધાર છે. પણ તેને માની નથી લેવાતો. માહિતી એ વિશ્વાસનો આધાર બની છે, અને તેથી તે જ સંબંધોનો આધાર છે.



બધા જ સંબંધો સપાટી પર જ રહે.
અંદર તો તમે એકલા જ છો.

હજારો લોકો તમારી આસપાસ ઊભા હોય :
છતાં, તમારો એક અંશ તો હમેશ એકલો જ છે.
અરે, જયારે તમે તમારા પ્રિયજનને પણ
આલિંગન કરતા હો, ત્યારે પણ તમારો
એક અંશ તો એકલો જ હોય છે.

તમે આ જગતમાં એકલા જ આવ્યા છો.
અને એકલા જ જવાના છો.

મુક્તિ એ જાણવાથી મેળે છે કે "અસ્તિત્વની એકલતા"
એ જ તમારો મૂળભૂત સ્વભાવ છે.

આ ખાલીપા સાથે સંધાન સધાશે
તો બીજા તમારા પર આધાર રાખશે,
નહીતો તમારે બીજા પર આધારિત થવું પડશે.

• • •

જેને જગત નિષ્ફળતા કહે છે,

તેને હું જીવનનો નવો વળાંક કહું છું .

હું સત્તર વર્ષનો હતો, ત્યારે મને ઈજનેર થવાની મહત્વાકાંક્ષા હતી, પણ મને બારમામાં જે માર્ક્સ મળ્યા, તેને કારણે હું માત્ર ગણિતમાં ગ્રેજ્યુએશન કરી શક્યો. પણ માત્ર ગ્રેજ્યુએશન તો ઉજ્જવળ કારકિર્દી માટે પૂરતું નથી. એટલે મારે વધારાનો કમ્પ્યુટર પ્રોગ્રામીંગનો કોર્સ કરવો પડ્યો. હું શું ઈચ્છતો હતો અને શું બન્યું તે તદ્દન અલગ બાબત હતી. પણ તેથી શું? ૨૫ વર્ષની ઉંમરે મેં મારી સોફ્ટવેરની કન્સલ્ટન્સી શરૂ કરી અને મારી પાસે અનેક ઈજનેરો અને એમ.સી.એ. કર્મચારીઓ કામ કરવા લાગ્યા. સત્તરે જયારે હું મારી ધારેલી વાત પૂરી ન કરી શક્યો, ત્યારે જગતે મને નિષ્ફળ કહ્યો. પણ, હકીકતે, આ અણધાર્યાં પરિણામે જ મને સફળતા તરફ દોર્યો.

મારાં બધાં જ લાંબા ગાળાનાં ધ્યેયો માત્ર ઈન્ફર્મેશન ટેક્નોલોજી સાથે જ સંકળાયેલ હતાં, અને છતાં, તદ્દન અણધાર્યાં કારણોને લઈને, હું જયારે ૩૦ વર્ષનો હતો ત્યારે મેં એલ્મા મેટર સ્થાપી અને પછી ૩૫ વર્ષનો થયો ત્યારે ફ્રોઝન થોટ્સ... હું મારાં ધ્યેયોની દિશામાં આગળ વધી ન શકયો, પણ જીવન તો મને મારા જીવનનો મૂળ હેતુ પ્રગટ કરવા અણધારી દિશામાં જ દોરી ગયું.

યુગોસ્લોવિયાનાં એગનેસ ગોન્જા બોયાઝુ કલકતાની કોન્વેન્ટ સ્કૂલમાં ભણાવવા માટે ભારતમાં આવ્યાં– કોઈ પણ હેતુ વિના. અને મધર ટેરેસાનું કરુણામય હૈયું લોકોને અજાણતાં જ જોવા મળ્યું. 'ધ નેશનલ હેરાલ્ડ' ના સંપાદન વિભાગના બાલકૃષ્ણ મેનન, જે હમેશ એમ માનતા હતા કે સાધુઓ એક મોટું જુઠ્ઠાણું છે. એક લેખ લખવા માટે સ્વામી શિવાનંદને મળ્યા– અજાણતાં જ, અને જગતને સ્વામી ચિન્મયાનંદ પ્રાપ્ત થયા. અમેરિકાની શોધ, ક્રિસ્ટોફર કોલંબસ માટે, અણધાર્યું કલ્પનાતીત પરિણામ જ હતું ને!

જે લોકો પોતાનું લક્ષ્ય નક્કી કરી તેને સિદ્ધ કર્યું હોય તેની તુલનામાં જે લોકોએ અણધાર્યા પરિણામોને લીધે અભૂતપૂર્વ ઉંચાઈઓ સર કરી હોય તેમણે વિશ્વને વધારે વ્યાપક રીતે પ્રભાવિત કર્યું છે.

એટલે, તમે જે ઈચ્છતા હો તે તમારા બધા જ પ્રયત્નો પછી જો તમને ન મળે, અથવા તમે

ઈચ્છતા હો તે પરિણામો ન આવે, અથવા તમારી પસંદગીનાં પરિણામો ન આવે, તો હતાશ થવાની કે દુઃખી થવાની જરૂર નથી.

અણધાર્યાં પરિણામો એ તમે જે વિચારેલી નથી તે શક્યતાઓ બનાવવાની જીવનની રીત છે. અણધાર્યાં પરિણામો અસ્તિત્વને તમને કહેવાની રીત છે કે તેનું તમારા જીવન માટે જુદું જ આયોજન છે... એવું આયોજન જે તમે ધાર્યું હતું તેના કરતાં ખૂબ વિશાળ. કયારેક ઈશ્વર પોતાના આયોજનનો અમલ કરવા તમારા આયોજનમાં ગરબડ કરી નાખે છે.

જગત જેને નિષ્ફળતા કહે છે, તેને હું જીવનનો નવો વળાંક કહું છું.



નકારાત્મક વાત થોડા શબ્દોમાં કહો પણ હકારાત્મક વાત વિગતવાર કહો .

આપણું અર્ધચેતન મન લાગણીનું ઊંડાણ ઈચ્છે છે. અર્ધચેતનની પસંદગી કયારેય હકારાત્મક કે નકારાત્મક લાગણીઓ વચ્ચે નથી હોતી, પણ છીછરી અને ઊંડાણભરી લાગણીઓ વચ્ચે હોય છે. પણ નકારાત્મક લાગણીઓ હકારાત્મક લાગણીઓ કરતાં હંમેશા વધારે આકર્ષે છે, એટલે મોટા ભાગના લોકો સહજ રીતે નકારાત્મક લાગણીઓમાં ઊંડા ઊતરે છે. તેના સામે તેઓ હકારાત્મક લાગણીઓ અનુભવવામાં ખૂબ જ છીછરા હોય છે. તમારો પોતાનો જ દાખલો લો અને વિચારો!

બાળક ઘરમાં આનંદથી રમે છે. બાકીના બધા પોતપોતાના કાર્યોમાં વ્યસ્ત છે. બાળકની પ્રસન્નતા કયારેય ગહન ધ્યાનાકર્ષણનું કારણ નથી બનતી. પણ જ્યારે બાળકને ઈજા થાય છે, ત્યારે કુટુંબના દરેક સભ્ય દોડતા બાળક પાસે આવે છે અને કહે છે, ‘શું થયું?’ ત્યારે અજાણતાં, આપણે બાળકના અજ્ઞાત મનમાં એ વિચાર અને માન્યતા રોપીએ છીએ કે તેનું રડવું તેની પ્રસન્નતા કરતાં વધારે ધ્યાન ખેંચશે. તેથી ભવિષ્યમાં તે યુવાન થશે ત્યારે પણ જ્યારે તેને પોતાના તરફ કોઈનું ધ્યાન ખેંચવું હશે, તો તે કોઈ પ્રકારના રૂદનનો આશ્રય લેશે– આંસુ કે ડિપ્રેશન કે ધમાલ... પ્રકાર અનેક છે! તેની લાગણીઓ તેને ખૂબ વાસ્તવિક લાગશે, જો કે બીજા તેની અસંગતતા જોઈ શકશે. આ પસંદગી અજ્ઞાત મનની છે, નહીં કે જાગૃત મનની. તેને એ ખ્યાલ પણ નહીં આવે કે તેનામાં (અર્ધચેતનમાં) કશુંક તેની લાગણીઓને જ માત્ર પસંદ નથી કરતું, પણ લાગણીઓને સુસંગત જીવનની પરિસ્થિતિઓ પણ શોધે છે. ગાઢ લાગણીઓની અવ્યક્ત તલપ તેને આ કરવા દોરે છે.

ગાઢ ધિક્કાર અને છીછરા પ્રેમ વચ્ચે તમારું અજાગૃત મન હંમેશા ધિક્કારને જ પસંદ કરશે. એટલે જ તમે વર્ષો સુધી ધિક્કાર અને અપમાનને યાદ રાખો છો. અને છતાં, દર થોડા દિવસોએ તમને પ્રેમની પુનઃ અભિવ્યક્તિની જરૂર પડે છે. નહીં તો તમે દુ:ખી થઈ જાઓ છો. વિચિત્રતા તો જુવો! તમારા ધિક્કારને જીવંત રાખવો હોય ત્યારે તમે સ્વાવલંબી છો, પણ તમારા પ્રેમને ચાલુ રાખવા માટે તમે બાહ્ય મદદની અપેક્ષા રાખો છો. આનો ઉપાય છે ગાઢ પ્રેમ અનુભવતા શીખવું. તમારી પ્રેમની અભિવ્યક્તિ અને પ્રદર્શનને તીવ્ર બનાવો.પ્રેમમાં ડૂબી જાવ. પ્રેમને અમર કરી દો. ખાસ તો, ધિકકાર અને અપમાનને ક્ષમાથી શાંત કરો અને તેને છીછરો કરો. તો સમય જતાં, તમારું અજાગૃત મન – તેના ઊંડાણને કારણે – આપોઆપ

ધિક્કારને બદલે પ્રેમને જ પસંદ કરશે. હવે તે જીવનની પરિસ્થિતિઓને પણ પ્રેમને અનુકૂળ જ શોધશે.

તમારી નિષ્ફળતાઓમાંથી શીખો અને પછી તેને છોડી દો. તે બાબતે વધારે પડતા લાગણીશીલ ન થાઓ. તમારા અર્ધચેતન મનને ન બગાડો. તમારી સફળતાને માણો. તમારા દરેક કોષને તેમાં જોડો. તમારા અર્ધજાગૃત મનને લાડ કરો. માંદગીને એક ઘટનાથી વધારે મહત્વ ન આપો. અરે, તેને બદલે બધાને તમારા આરોગ્ય અને ફીટનેસને વિશે સતત કહો. તમારા અર્ધજાગૃત મનને તમારી પસંદગીઓ વિશે જાણવા દો.

ઉપાય સરળ છે. નકારાત્મક વાક્યો ભલે બે બોલો અને પછી ઓછામાં ઓછાં પાંચ વાક્યો હકારાત્મકતા વિશે કહો. નકારાત્મક લાગણીઓનું નિયંત્રણ કરો અને હકારાત્મક લાગણીઓનું પૂર લાવો. આ જ પરિવર્તન છે– જૂના અર્ધચેતનને નવા પરિવેશમાં બદલાવવું.

કોઈકે કહ્યું છે કે દુ:ખી હૃદય ઉત્તમ કાવ્યો સર્જે છે. એટલે જ, લાગે છે કે, ઈશ્વરે પણ આ સુંદર જગત સર્જ્યું ત્યારે તે ખૂબ દુ:ખી હશે. ઓહ! તો પછી તેણે મારા ઈશ્વરને નથી જોયો. આનંદનું ઊંડાણ અનુભવવાનું શીખો. તો પછી તમારે કાવ્ય લખવાની જરૂર જ નહીં રહે. તે આપોઆપ તમારા દ્વારા જ સર્જાશે. તમારું જીવન જ કાવ્ય બની જશે.



આપણે જુઠ શા માટે બોલીએ છીએ?

આપણે જુઠ્ઠું બોલીએ છીએ, કારણ કે તે
આપણને અણગમતી પરિસ્થિતિથી
ભાગી છૂટવામાં મદદ કરે છે.

જુઠ એવો અભિશાપ છે
જે આપણામાં 'પલાયનવાદનું વલણ' કેળવે છે.
પ્રામાણિકતાનું વરદાન એવું છે કે
જે આપણામાં 'સામનો કરવાનું વલણ' કેળવે છે.

તમે જો શ્રેષ્ઠ બનવા માગતા હો,
તો તમારે જીવનમાં દરેક બાબતમાં
'સામનો કરવાનું વલણ' કેળવવાની જરૂર છે.

અને આવો અભિગમ કેવી રીતે કેળવાય?
પ્રમાણિક્તા!



શું તમારી પાસે સાચા સવાલો છે?

સાધકે પૂછ્યું, "સારા લોકોને હંમેશા અશુભનો સામનો કેમ કરવો પડે છે?" પાદરીએ જવાબ આપ્યો, "જો સવાલ જ ખોટો હોય, તો તમે મારા પાસેથી જવાબની અપેક્ષા શા માટે રાખો છો? સવાલ આવો હોવો જોઈતો હતો, 'જ્યારે કશુંક અશુભ બને છે ત્યારે સારા લોકોને શું થાય છે?' અને જવાબ હશે, 'તેઓ વધારે સારા બને છે'."

આપણી બુદ્ધિ નહીં, પણ આપણી બુદ્ધિની દિશા આપણી પ્રગતિની ઝડપ નક્કી કરે છે. જો આપણે સાચા પ્રશ્નો કેમ પૂછવા એ જાણીએ, તો આપણી બુદ્ધિને દિશા આપી શકીએ છીએ. તમારી બધી તકલીફો માટે પૂછો : 'શા માટે હું જો' અને તમારી બુદ્ધિનો જવાબ સાંભળો. તમારા જીવનમાં જે શુભ છે તે માટે એમ પૂછો : 'શા માટે હુ?' અને ફરી તમારી બુદ્ધિનો જવાબ સાંભળો. તે બે જવાબ વચ્ચેનો તફાવત નોંધો. પ્રશ્નની તાકાતનો અનુભવ કરો. પ્રશ્નો પાસે જબરી તાકાત હોય છે. એક યોગ્ય સમયે પૂછાયેલ યોગ્ય પ્રશ્ન આપણી બુદ્ધિની દિશા ફેરવી શકે છે, અને તેમ કરીને તે આપણા જીવનની દિશા ફેરવી નાખે છે.

'મને જ આવું શા માટે થાય છે?' આ સવાલ તમારી દિશાને આત્મદયાની દિશામાં લઈ જાય છે. એ જ પરિસ્થિતિમાં પૂછો : 'આમાંથી હું શું શીખી શકું?' અને તે તમને ઉચ્ચ પરિપક્વતા તરફ લઈ જાય છે. 'તે મને શા માટે સમજતી નથી?' આ પ્રશ્ન તમારી બુદ્ધિને બીજાઓને દોષિત ઠેરવવાની મનોદશામાં લઈ જાય છે અને તમે શિકાર બન્યા છો એવો અનુભવ કરાવે છે. તેના બદલે આમ પૂછવાનો પ્રયત્ન કરો કે 'તે મને સમજે તે માટે મારે કયો અભિગમ અપનાવવો જોઈએ?' અને અનુભવ થશે કે પરિસ્થિતિ હવે તમારા કાબૂમાં છે. તે તમને વધારે સગવડભરી અને જવાબદાર સ્થિતિમાં મૂકશે.

જો તમે મુશ્કેલી અનુભવતા હો, જો તમે જે ગતિથી પ્રગતિ કરી શકતા હો તે રીતે પ્રગતિ ન કરતા હો, જો તમે એ દિશામાં જતા હો જે તમને તમારા ધ્યેય તરફ ન લઈ જતી હોય, જો તમે એવા મુદ્દાઓનો સામનો કરતા હો જે વારંવાર સામે આવતા હોય, તો તમારે માનવું કે તમે સાચા પ્રશ્નો નથી પૂછતા. એટલે કે તમે તમારી બુદ્ધિને યોગ્ય દિશામાં નથી લઈ જતા.

'હવે શું કરવું જોઈએ?', 'હું જે કરું છું તે વધારે સારી રીતે કેમ કરી શકું?', 'સૌથી વધારે

ખરાબ શું થઈ શકે?' જેવા સાદા સવાલો તમારી જીવન જોવાની દૃષ્ટિને પાયાથી બદલાવી શકે. કોઈ પણ ગમે તે પ્રશ્ન પૂછે તેનો જવાબ આપવા આપણી બુદ્ધિ સક્ષમ છે. એટલે તમે સવાલ પસંદ કરો અને તમારી બુદ્ધિને રચનાત્મક દિશામાં લઈ જાઓ.

આણ્વિક ચૂંબકીય તરંગોના શોધક, ભૌતિકશાસ્ત્રી અને નોબેલ ઈનામ વિજેતા ઈઝીડોર આઈઝેક રબી કહે છે, "મારાં માતાએ અજાણતાં મને વિજ્ઞાની બનાવી દીધો. બ્રૂકલીનની બીજી બધી યહુદી માતાઓ તેનાં બાળકને સ્કૂલેથી આવ્યા પછી પૂછતી, 'તું આજે શું શીખ્યો?' પણ મારી મા મને તે ન પૂછતી. તે આમ પૂછતી, 'ઈઝી, આજે તેં શાળામાં સાચા પ્રશ્નો પૂછ્યા?' સાચો સવાલ પૂછવાના તફાવતે મને વિજ્ઞાની બનાવ્યો."

એક માણસે પૂછ્યું, 'સફરજન જમીન પર શા માટે પડે છે?' અને ત્યારથી જગત જે હતું તે ન રહ્યું. હકીકતે, બધી જ શોધો આ પ્રશ્ન સાથે શરૂ થઈ. અર્જુને તેના પ્રશ્નો દ્વારા કૃષ્ણની બુદ્ધિને દિશા આપી જેને આપણે ભગવદ્ગીતા કહીએ છીએ.

તમારા પાસે યોગ્ય જવાબો ન હોય તો કાંઈ વાંધો નથી. જરૂરી એ છે કે શું તમારા પાસે સાચા પ્રશ્નો છે? તમારી બુદ્ધિ રાહ જુએ છે... સાચો પ્રશ્ન પૂછો તો તમને સાચો જવાબ મળશે.



ભલે બીજા બધા તમારા પર વિશ્વાસ ન કરે,
તમારે તો તમારામાં વિશ્વાસ રાખવો જ પડશે.
ભલે બીજા બધા માને કે તમે નહીં કરી શકો,
તમારે તો માનવું જ પડશે કે તમે કરી શક્શો,
જો તમે ખુદને પ્રેમ કરી શક્શો,
તો જ તમે તમારી જાત પર શ્રદ્ધા રાખી શકશો.

તો, ભલે કોઈ તમને ન ચાહે,
તમારે તો તમને ચાહવું જ પડશે.
હકીકતે, તમે જયારે
તમને ચાહવાનું શીખી જશો,
તો વિશ્વ પણ તમને ચાહવાનું શરૂ કરશે.

ટૂંકમાં, જગત તમારી સામે કેવી રીતે જુએ છે
એનાથી તમને માત્ર થોડો જ ફર્ક પડશે,
પણ તમે તમારી જાતને જે રીતે જુઓ છો
એજ સૌથી મોટો ફર્ક પાડશે.



બધા જોઈ રહ્યા છે .

ક્યાં સુધી આપણે એમ કહીને આપણી જાતને આશ્વાસન આપ્યા કરશું કે 'ધૂમ્રપાન કરવાની અને તમાકુ ખાવાની ટેવને બાદ કરતાં મારા પિતા ઉત્તમ વ્યક્તિ છે.' આપણે ક્યાં સુધી એમ કહીને આપણી જાતને સંતોષ આપ્યા કરશું કે આપણે શિક્ષકના ચારિત્ર્ય સાથે શું લાગે–વળગે. એ તેમની અંગત જિંદગી છે. આપણે તો તેની પાસે ભણવા સાથે નિસબત છે અને ત્યાં વાત પૂરી કરવી જોઈએ.

શું સાચું છે અને શું ખોટું છે તે નક્કી કરનાર હું કોઈ ન્યાયાધીશ નથી. મને એ પણ ખબર છે કે સહુ માટે એકસરખી રીતે કશું જ સાચું કે ખોટું નથી હોતું. બીજાની પસંદગી કરવાની સ્વતંત્રતામાં ખલેલ પહોંચાડનાર હું કોણ છું? પણ પોતાની જાતને આ હિંમતભર્યો સવાલ પૂછો : 'હું જેને બરાબર માનું છું તેને મારાં બાળકો સ્વીકારશે તેથી મને આનંદ થશે? હું ક્યારેય એમ કહી શકીશ કે મારી આ ટેવો માટે મને ગૌરવ છે? શું મારું ચારિત્ર્ય અનુકરણ કરવા જેવું છે? આંશિક રીતે નહીં, પણ સમગ્ર રીતે મારું જીવન નવી પેઢી માટે દાખલારૂપ છે કે ચેતવણીરૂપ છે?"

આપણાં બાળકો આપણને સતત જોઈ રહ્યાં છે. તેઓ જે સાંભળે છે તેના કરતાં જે જુએ છે તેમાંથી વધારે શીખે છે. નીતિ વિજ્ઞાન કદી પુસ્તકથી નથી શીખી શકાતું, પણ આપણી આસપાસ જેઓ છે તેમને જોઈને જ શીખાય છે. જગત તમારા વર્તનથી તમારી વાત માનશે અને તમને અનુસરશે.

સાચી વાત એ છે કે માસ્ટર મૌનને પામે, ત્યારે તેઓ ધ્યાનના મુખ્ય હેતુને પામે છે અને તેથી તેમને સાધનાની કોઈ જરૂરિયાત રહેતી નથી, પણ અજ્ઞાન વ્યક્તિ દલીલ કરશે : 'જ્યારે માસ્ટર જ પોતે નિયમિત ધ્યાન કરતા નથી, તો પછી મારે પણ કરવાની જરૂર નથી.' એટલે જ ભગવદ્‌ગીતા આપણને યાદ અપાવે છે કે 'શ્રેષ્ઠ લોકો જે કરે છે, તેને જ બીજા અનુસરે છે. જે માપદંડ તે નક્કી કરે છે, તેને જ જગત અનુસરે છે.' આપણે ગમે તે માનતા હોઈએ,પણ બીજાને પ્રેરણા આપવા માટે અમુક વસ્તુ તો આપણે કરવી જ જોઈએ. એ આપણી સામાજિક જવાબદારી છે. આપણે યોગ્ય રોલ મોડેલ થવાનું છે. જે કરવાનું છે, તે કરવાનું જ છે અને જે નથી કરવાનું, તેને થતું અટકાવી દેવાનું છે.

એક શિક્ષક તરીકે, બોસ તરીકે, ઉદ્યોગના પ્રણેતા તરીકે, માતા–પિતા તરીકે, કુટુંબના વડા તરીકે, સરકારી ઓફિસના વડા તરીકે... મારે, તમારે, બધાએ એવી રીતે રહેવાનું છે જેથી બીજા તેને માપદંડ માનીને અનુસરી શકે. જે રીત તમે બીજા માટે ઈચ્છતા હો, તે જ રીતે તમે

પણ વિચારો, વાતો કરો, કામ કરો, જીવો. જે આપણે કરતા ન હોઈએ તે કામ બીજા કોઈ કરે તેવી અપેક્ષા ન રાખવી જોઈએ.

સમય જતાં તમારી આસપાસનું જગત તમારી જ કાર્બન કોપી બનતું હોય છે. અને તો પછી તમારે જેની ડુપ્લીકેટ થઇ શકે તેવી માસ્ટર કોપી બનવાની જરૂર છે.

માર્ક ટ્વેઈને કહ્યું છે, "કોઈ નથી જોતું એમ માનીને નૃત્ય કરો."

હું તમને એમ કહેવા ઈચ્છીશ, "એવી રીતે જીવો જાણે કે બધા જોઈ રહ્યા છે."



પુસ્તકિયા જ્ઞાન કરતાં શિક્ષણ કશુંક વધારે છે .

સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે, 'શિક્ષણ માત્ર એવી માહિતી અને જ્ઞાનનો જથ્થો નથી કે જેને તમે તમારા મગજમાં સંગ્રહી રખાયું હોય અને ત્યાં તે આજીવન અપાચ્ય રહી ધમાલ મચાવ્યા કરે. આપણે જીવન ઘડતર કરનાર, મનુષ્ય બનાવનાર, ચારિત્ર્ય બનાવનાર વિચારોને આત્મસાત કરવા જ જોઇએ. જો તમે પાંચ વિચારો પચાવ્યા હોય અને તેને ચારિત્ર્ય અને જીવન બનાવ્યા હોય, તો જેણે આખી લાયબ્રેરી ગોખી લીધી છે તેના કરતાં તમારા પાસે વધારે શિક્ષણ છે. આપણને એવા શિક્ષણની જરૂર છે કે જેને કારણે ચારિત્ર્ય ઘડાય, બળ વધે, બુદ્ધિ વિશાળ થાય અને જેના કારણે વ્યક્તિ પોતાના પગ પર ઊભી રહી શકે."

કોઈ પણ કારણસર આપણે પુસ્તકિયા જ્ઞાનને શિક્ષણ માની લીધું છે. માતા–પિતાથી માંડીને શિક્ષકો સુધી બધાનું ધ્યાન કેવળ પુસ્તકિયા જ્ઞાન તરફ વધારે ઢળતું રહ્યું છે. જો બાળક જીવનના વિજ્ઞાનને જ ન સમજે તો પછી વિજ્ઞાન જાણીને શું કરશે? આપણે બાળકોને ઈતિહાસ વાંચતાં અને યાદ કરતાં શીખવીએ છીએ, પણ આપણે તેમને ઇતિહાસ સર્જતાં નથી શીખવતા.

બાળક પોતાની પહેલી, બીજી અને ત્રીજી ભાષાને શું કરશે, જો તેની વાતચીત કરવાની કળાનો વિકાસ નહીં થયો હોય?

મારી વાતમાં ગેરસમજ ન કરતા. મારો કહેવાનો અર્થ એ નથી કે પુસ્તકિયું જ્ઞાન મહત્વ નથી ધરાવતું. હું તો એ બાબત પર ભાર મૂકવા માગું છું કે કેવળ પુસ્તકિયું જ્ઞાન જ પૂર્ણ શિક્ષણ નથી. તે બાળકના વિકાસનો એક ભાગ છે, નહીં કે એક માત્ર ભાગ. તે જીવનમાં ચોક્કસ મદદ કરશે, પણ માત્ર પુસ્તકિયું જ્ઞાન એ જ જીવન નથી. જીવનમાં બીજું ઘણું છે. એ જરૂરી નથી કે દરેક બાબતમાં પ્રથમ નંબર આવનારનો જીવનમાં પણ પ્રથમ નંબર આવે જ. એ જ રીતે છેલ્લે બાંકડે બેસનારા પણ કંઈ જીવનમાં છેલ્લે રહેતા નથી. હકીકતે, આપણે જોઈએ છીએ કે '૯૮% ગુણ મેળવનાર વ્યક્તિ સાધારણ સમજ ધરાવતો હોય છે અને તે જીવનભર જીવનની પૂરેપૂરી સમજ ધરાવતા '૭૨% ગુણ મેળવનારના હાથ નીચે કામ કરતો હોય છે.

સંબંધો જ જીવનના તાણાવાણા છે. સારી વાતચીત જ સંબંધોનો પ્રાણ છે. સફળતા એટલે

નેતૃત્વ–તમે કાં તો દોરશો અથવા તો દોરાશો. જ્યાં તમે કામ કરો છો ત્યાં તમારું ભવિષ્ય નક્કી થાય છે. એટલે, મૂળે તો, સમય સંચાલનકળા જ જીવન સંચાલનકળા છે. તમે કાં તો આધારિત થઈ શકો અથવા તો આધાર બની શકો. અને તે તમારી પોતાની છબી પર આધારિત છે. એક દુઃખદ બાબત એ છે કે અહીં જણાવેલ કોઈ પણ જીવન–જરૂરી બાબતોને આપણી શિક્ષણ વ્યવસ્થામાં કોઈ પણ સ્થાન આપવામાં આવ્યું નથી.

એટલે, માતા–પિતા, શિક્ષકો અને બાળકોના ભવિષ્યના બીજા વડીલો, મહેરબાની કરીને આપણે બાળકોને માત્ર પાઠયક્રમમાં જ પૂરી ન રાખીએ. તેમને જીવન જીવતાં પણ શીખવીએ. અલબત, પુસ્તકોનું મહત્વ પણ તેમને સમજાવીએ. આપણે માત્ર તેમના માર્ક્સ જ ન ગણીએ, પણ તેમના જીવનની પણ ગણના કરીએ.



સુખનો કોઈ માર્ગ નથી .

સુખ પોતે જ માર્ગ છે .

જ્યારે કોઈ પણ કામ પસંદગી કરીને કરવામાં આવે છે, ત્યારે તે કામ કરવું તમને ગમે છે. અને જ્યારે તે કામ પૂરું થાય છે, ત્યારે તમને આનંદનો અનુભવ થાય છે. તે તમને તૃપ્તિ આપે છે, તો પછી તમે તેને ફરી ફરી કરવા આતુર રહો છો.

તેને બદલે, જો કામને માત્ર ફરજ તરીકે લેવામાં આવે, તો તમે જે કરવા માગો છો, તેને પરાણે કરો છો. અને જયારે તે પૂરું થાય છે, ત્યારે તમને માત્ર હાશકારો થાય છે. જે તમને હાશકારો આપે, તેને તમે ભવિષ્યમાં ટાળવાનો પ્રયત્ન કરશો. કદાચે તે તમારે ફરીથી કરવું પડશે, તો પણ તમે તે અનિચ્છાએ કરશો.

જે લોકો દરેક બાબત ગમતાં કામ તરીકે કરે છે, તેઓ જીવનમાં હમેશ તૃપ્ત હોય છે અને તેથી તેઓ વધારેને વધારે જીવન ઈચ્છે છે. જે લોકો માત્ર ફરજ તરીકે દરેક કાર્ય કરે છે, તેઓ જીવનમાં થાકી જાય છે અને સતત જીવનથી છૂટકારો મેળવવાના જ વિચારો કરે છે.

અરે, લોકો પોતાના દૈનિક કાર્યો કરવામાં પણ અનિચ્છા બતાવે છે... તેઓ રસોઈ કરવામાં અનિચ્છા બતાવે છે... એટલે જ શું પહેલેથી રાંધી રાખેલ ફૂડ, ફાસ્ટ ફૂડ, ફ્રોઝન ફૂડ અને તૈયાર મળતા ખોરાકે આપણા રસોડામાં આક્રમણ નથી કર્યું?

લોકો શાંતિથી બેસીને પોતાનું ભોજન લેવા પણ તૈયાર નથી... એટલે જ નાસ્તો ટાળવાનું અને લંચ લેવાનો સમય મેળવવાનું મુશ્કેલ બનવું એ સામાન્ય થઈ ગયું છે? બાળકોને શાળાએ જવાનું જેટલું પસંદ નથી તેના કરતાં પણ મોટા લોકોને તેમનાં કામે જવાનું ઓછું પસંદ છે... નહીં તો સોમવારે હૃદય રોગના હુમલાના જે બનાવો વધતા જાય છે તેનો બીજો કયો ખુલાસો આપી શકો?

જીવનમાં જે કાંઈ જરૂરી છે તેને જો ફરજ તરીકે જ જોવામાં આવે, અને દરેક બાબત જો માત્ર હાશકારો અનુભવવા જ કરવામાં આવે, તો પછી આપણે આપણા જીવનની ગુણવત્તામાં વધારો કેવી રીતે કરી શકીએ?

મારી વિનંતિ છે કે આપણે જે પણ કરીએ, તે ઉત્સવની જેમ કરવું જોઈએ. આપણે ‘મારે આ

કરવું જ પડશે’ કે ‘મારે કરવું જોઈએ’ વૃત્તિને ‘મારે આ કરવું જ છે’ની વૃત્તિમાં પલટાવી જોઈએ. આપણું દરેક કાર્ય આપણું ગમતું બનાવીને તેને તૃપ્તિ અને આનંદથી છલકાવી દેવાય. જો કોઈ કાર્ય કરવાનું જ હોય તો તેને ઉત્સવની જેમ ઉજવીને માણવું જોઈએ.

શિષ્યે પૂછ્યું, “માસ્ટર, બુદ્ધત્વ પહેલાં અને બુદ્ધત્વ પછી પણ તમે તો માત્ર કૂવામાંથી પાણી જ ભરો છો અને લાકડાં કાપ્યા કરો છો. તમારાં કાર્યોમાં કોઈ જ તફાવત નથી દેખાતો.” માસ્ટરે જવાબ આપ્યો, "ઓહ! મારાં કાર્યોમાં કશો જ ફર્ક નથી થયો, પણ જે ગુણવત્તાથી હું કામ કરું છું, તેમાં ફેરફાર થયો છે.”

કન્ફ્યુશ્યસે યોગ્ય જ કહ્યું છે, “જે કામ તમને ગમતું હોય, તે જ કામ શરૂ કરો. તો પછી તમારે જીવનમાં એક પણ દિવસ કામ નહીં કરવું પડે.”

સુખનો કોઈ જ માર્ગ નથી. સુખ પોતે જ માર્ગ છે.



મનુષ્યો મારા કાર્યોને મૂલવે છે,

ઈશ્વર મારા ઈરાદાને .

એક છોકરો અને એક છોકરી એક બીજાને ભેટ્યાં. થોડા વખત પછી એક વાર મને જયારે તેમની સાથે વાત કરવાની તક મળી, તો છોકરાએ કહ્યું 'તેને ભેટતી વખતે મને બહેન મળી હોય તેવી અનુભૂતિ થઈ.' છોકરીએ કહ્યું 'મને લાગે છે કે તે જ મારા જીવનનો સાથી છે.' બન્ને જણે કરેલું કાર્ય સમાન હતું, પણ ભાવ જુદો હતો.

જયારે કોઈ યુદ્ધમાં કોઈને મારે છે, તો તે રાષ્ટ્રીય હીરો બને છે. પણ જ્યારે કોઈ પોતાના દેશમાં જ કોઈને મારે છે, તો તે ખૂની કહેવાય છે. ખૂન એ ગુનો છે. કોર્ટના હુકમથી ખૂનીને ફાંસીએ લટકાવવો એ જલ્લાદની ફરજ છે. જ્યારે કોઈ દેશ માટે પોતાનું જીવન આપી દે છે, તો તે શહીદ બને છે. પણ જ્યારે કોઈ આત્મહત્યા કરી પોતાના જીવનનો અંત આણે છે, તો તેને કાયર કહેવાય છે. ચોર ચપ્પુનો ઉપયોગ કરે છે. સર્જન પણ ચપ્પુનો ઉપયોગ કરે છે.

કાર્યમાં કોઈ જ પાપ નથી. પાપ તો હંમેશા કાર્ય પાછળ રહેલા ઈરાદામાં હોય છે.

આ સમજાય તો સંબંધમાં હળવાશ આવે છે. તો પછી ક્ષમા આપવાનું સરળ બને છે. તે તમને પરિસ્થિતિ પ્રમાણે જીવવામાં મદદ કરે છે. સૌથી મહત્વનું એ છે કે તે તમને તમારી આસપાસના લોકોને યોગ્ય દષ્ટિકોણથી જોવા માટે સક્ષમ બનાવે છે. વ્યક્તિગત રીતે, મને તેણે મારી આસપાસના લગભગ બધા જ લોકોને હકારાત્મક રીતે જોવામાં મદદ કરી છે. અલબત, તેમનાં કાર્યો યોગ્ય ન હતાં, પણ હું એ જોઈ શકતો હતો કે તેમનાં કાર્યો પાછળના ઈરાદા હમેશાં ખોટા ન હતા.

અલબત, મારે એ બાબતમાં જાગૃત રહેવાની જરૂર છે કે મારી આસપાસનું જગત તો કેવળ મને મારાં કાર્યોથી જ માપતું રહેશે. એટલે જ તમે તમારાં કાર્યો દ્વારા જે પરિણામો લાવો છો, તે ઉત્તમ ઈરાદા પર હમેશ જીત મેળવે છે. એટલે જ ભલે તમે જાણતા હો કે લોકો તમને ચાહે છે, છતાં તમારે તેમની પાસેથી સાંભળવું પડશે. અને આથીજ, આપણે એવા લોકોને પણ ખુલાસાઓ આપવા પડે છે જેમના વિષે આપણે એવું માનીએ છીએ કે તેઓ આપણને તેમના હાથની હથેળી કરતા પણ વધારે સારી રીતે જાણે છે.

આપણે જગતને એ સમજથી જોવું જોઈએ કે 'કોઈ પણ કામમાં પાપ નથી, પાપ હમેશ કામ

પાછળ રહેલ ઈરાદામાં હોય છે', આપણે એ બાબતમાં પણ જાગૃત રહેવાનું છે કે જગત તો આપણને કેવળ આપણા કામથી જ જાણે છે... આપણા ઈરાદા ભલે ગમે તેવા હોય.

ભલે ઈશ્વર તો આપણને લાભ કે નુકશાન આપણા ઈરાદાઓને આધારે આપે, પણ માણસ તો આપણને આપણાં કાર્યોને આધારે જ ઈનામ આપશે કે રાજા કરશે. તો શું આપણે બન્ને બાજુ ઉત્તમ રહી ઈશ્વર અને માણસ બન્નેને જીતવાની જરૂર નથી? ઉત્તમ ઈરાદાના સાથે કરેલું અસરકારક કાર્ય જ પૂર્ણ વ્યક્તિ બનવાનો એક માત્ર માર્ગ છે.

• • •

જેનો તમે ઉપયોગ નથી કરતા, તેને તમે ગુમાવો છો .

મેં એવા લોકોને જોયા છે જેઓ શ્રેષ્ઠ જાહેર વક્તાઓ હતા, પણ પાછળથી એ જ સ્ટેજ પર પોતાનો પ્રભાવ પાથરવા માટે પરસેવો પાડતા હોય, કારણ કે તેમણે જાહેર પ્રવચન આપવાની ટેવ રહી ન હતી. મેં એવી ઉત્તમ શિક્ષિત બહેનો જોઈ છે, જેઓ ગૃહિણી બન્યા પછી, ઘરની ચાર દિવાલમાં ગોંધાઈ ગઈ અને બોલવામાં તકલીફ અનુભવતી હતી. મેં એવા ઉત્તમ ગાયકો પણ જોયા છે જેમણે, પ્રેક્ટિસ કરવાનું છોડી દીધું હતું તેથી, તેમની પાસે ગાવાની જે ક્ષમતા હતી તે હંમેશા માટે ગુમાવી બેઠા હતા.

એવું કેમ હશે કે હું મારા જમણા હાથની જેમ ડાબા હાથનો બરાબર ઉપયોગ નથી કરી શકતો? સાદી વાત છે, મેં મારા જમણા હાથનો ડાબા હાથ કરતાં વધારે ઉપયોગ કર્યો છે. તમે જે સ્નાયુઓનો વધારે ઉપયોગ કરો છો, તે વિકસે છે અને જેનો ઉપયોગ નથી કરતા, તે નબળાં પડી જાય છે. મોટા ભાગની કાર્ડિયાક સમસ્યાઓ હૃદય તેની મહત્તમ કક્ષાએ કામ નથી કરતું તેના પરિણામ હોય છે. એવું જ શરીરના બધા ભાગો માટે છે... માનવ શરીર સમયાંતરે થાકી જવા જ સર્જાયું છે, પણ આપણે ઉપયોગ ન કરીને, આ શરીરને કટાવા દઈ ઝડપથી થકવી દઈએ છીએ.

જો તમે તેનો ઉપયોગ ન કરો, તો તમે તેને ગુમાવો છો.

ન વપરાયેલા પૈસાનું મૂલ્ય ઘટી જાય છે. તેની વપરાશ ક્ષમતા ઘટી જાય છે. ન વપરાયેલ શક્તિ નકામી થઈ જાય છે. ન વપરાયેલ મશીનરી કટાય છે. ન વપરાયેલ સમય મૃત્યુ પામે છે. ન વપરાયેલ જ્ઞાન ભારરૂપ બને છે. જેનો ઉપયોગ ન થાય, તે બગડી જાય છે.

આ બાબત મને નાણાંને લગતી બાઈબલની એક બોધકથા યાદ અપાવે છે જેને “પેરેબલ ઓફ ટેલેન્ટ્સ” કહે છે. (એ વખતે “ટેલેન્ટ” શબ્દનો અર્થ ક્ષમતા નહીં પણ મહત્તમ સંપત્તિનો એક માપદંડ એમ હતો અને તે સંપત્તિ કંઈ પણ હોઈ શકે. બીજો અર્થ એક પ્રકારનું ચાંદીનું વજન એવું પણ થતો હતો અહીં આ કથામાં નાણાંનો અર્થ અભિપ્રેત છે.) આ કથા મુજબ શેઠ, પ્રવાસમાં જતા પહેલાં, તેના ત્રણ નોકરોને બોલાવે છે અને તેમને જુદા જુદા પ્રકારના નાણાં આપે છે. શેઠ પાછા ફરે છે પછી પહેલો નોકર કહે છે કે તેણે તેને મળેલાં પાંચ પ્રકારના

નાણાંમાં બીજા પાંચ પ્રકારના નાણાંનો વધારો કર્યો છે. બીજો નોકર કહે છે કે તેણે તેને મળેલા બે પ્રકારના નાણાંમાં બીજા બે પ્રકારના નાણાંનો ઉમેરો કર્યો છે. શેઠ ખુશ થયા અને તેમણે બન્નેને કહ્યું, "તમે થોડી વસ્તુઓ માટે વફાદાર હતા. એટલે હું તમને ઘણી વસ્તુઓની જવાબદારી સોંપું છું.' ત્રીજા નોકરે જે એક જ પ્રકારનું નાણું મળ્યું હતું તેને જેમનું તેમ ઉપયોગ કર્યા વિના જ પાછું આપ્યું. શેઠે કહ્યું, તેની પાસેથી આ નાણું લઈલો અને જેની પાસે દસ પ્રકારના નાણાં છે તેને આપી દો.

મેથ્યુ ૨૫:૨૯ કહે છે : 'જેની પાસે છે તેને વધારે આપવામાં આવશે અને તેની પાસે પુષ્કળ થશે. પણ જેની પાસે નથી, તેની પાસેથી જે છે તે પણ લઈ લેવાશે.'

જીવનની કરુણતા અંતિમ મૃત્યુ નથી, પણ જયારે તમે જીવતા હો છો ત્યારે તમારામાં જે ક્ષમતાઓ વણવપરાયેલ રહે છે તે મૃત્યુ છે. આપણે શ્વાસ લઈએ છીએ ત્યાં સુધી તો મૃત્યુ ન પામીએ.

જે છે તેનો ઉપયોગ કરો નહીં તો તેને ગુમાવી બેસશો.



મને તમારા મિત્રો બતાવો અને હું તમને કહી દઈશ કે તમે કોણ છો .

ગઈ કાલે સવારે જ એક નાની છોકરી પોતાના જીવનનાં ધ્યેય, તેના ભાવિ જીવનનાં આયોજન, હેતુઓ અને સિદ્ધિઓ વિશે વાત કરતી હતી, ત્યારે તે દોડતાં ઝરણાની જેમ ચંચળ હતી. તે પોતાનો સમય અને શક્તિના ઉપયોગ બાબતે તદ્દન સ્પષ્ટ હતી. બીજી સવારે, જો કે એ કંઈ બહુ આશ્ચર્યજનક ન હતું, તેણે જે ફિલ્મો જોઈ ન હતી, લાંબા સમયથી જે પેસ્ટ્રી ખાધી ન હતી અને તે કેટલા લાંબા સમયથી વિન્ડો–શોપિંગને મિસ કરી રહી હતી તેની જ વાતો કરી રહી હતી. તેની વાત કરતી હતી. વાત શું સાચું છે કે શું ખોટું છે તેની નથી, પણ ૨૪ કલાકમાં જે પરિવર્તન આવ્યું તેની છે. આગલા દિવસે તે જે લોકોની સોબતમાં હતી અને એના પછીના દિવસે જે લોકોને મળી તેના લીધે આ પરિવર્તન આવ્યું હતું.

જે લોકોની તમે સંગત રાખો છો તે બેધારી તલવાર જેવી છે... તેની પાસે તમને વિકસાવવાની અને ખલાસ કરવાની બન્ને તાકાત છે. આપણે આપણી આસપાસ જે લોકોની સંગત રાખતા હોઈએ છીએ, તેમનો આપણા વિચારો, લાગણીઓ, બીજા તરફ જોવાની રીત, આપણી પોતાની સામે જોવાની રીત, આપણે જે વર્તમાન અને ભવિષ્ય સર્જીએ છીએ– તે બધા પર પ્રભાવ પડતો હોય છે. અલબત, એવા થોડા લોકો હોય છે કે જેઓ પ્રતિકૂળ પરિસ્થિતિ છતાં આગળ વધ્યા હોય છે... પણ આપણે અપવાદની ચર્ચા નથી કરતા. મોટા ભાગનાં માનવ મન તો તેમની પરિસ્થિતિઓ દ્વારા જ ઘડાતાં હોય છે... તેમના કારણે જ ઘડાતા હોય છે.

તમારી આજ કેવળ તમારી ગઈ કાલના કારણે જ નક્કી થતી નથી. તમારી આજ ઘણી વાર તમે તમારી ગઈ કાલ જે લોકો સાથે પસાર કરી તેને આધારે પણ નકકી થાય છે. તમારી આવતી કાલ પણ તમે તમારી આજ જે લોકોને આપશો તેને આધારે નક્કી થશે.

એક દેવળના એક સભ્ય, જે સર્વીસમાં નિયમિત આવતા હતા, અચાનક આવતા બંધ થઈ ગયા. થોડા અઠવાડિયા પછી, પાદરીએ તેની મુલાકાત લેવાનું નક્કી કર્યું. તે સાંજ ઠંડકભરી હતી. પાદરીએ તે માણસને ઘરમાં એકલો જોયો. તે સગડી પાસે બેસી તાપતો હતો. પેલાએ પાદરીનું સ્વાગત કર્યું અને તેને સગડી પાસેથી ખુરશી પાસે લઈ ગયો. પછી શાંત ઊભો રહ્યો. પાદરી આરામથી બેઠા, પણ કશું ન બોલ્યા. થોડી પળો પછી પાદરીએ ચીપીયો હાથમાં લીધો અને એક બળતો કોલસો તેમાં લીધો અને બાજુમાં મૂકી દીધો. પછી તે ખુરશી પર બેસી રહ્યા

અને કશું જ ન બોલ્યા. પેલો યજમાન તેમને સ્તબ્ધ થઈ જોતો રહ્યો. પેલા બળતા કોલસાનો પ્રકાશ ધીમે-ધીમે ઘટતો ગયો અને થોડી વાર પછી તે ઠંડો થઈ ગયો અને ખલાસ થઈ ગયો. શરૂઆતના આવકાર પછી એક શબ્દ પણ બોલાયો ન હતો. પાદરી જવાની તૈયારી કરવા લાગ્યા તે પહેલાં તેણે તે ઠંડો અને મૃત કોલસો ચીપીયાથી લીધો અને કરી તેને આગની વચ્ચે મૂક્યો. તરત જ તે ફરી પ્રકાશથી પ્રજ્જવલિત થઈ ગયો આસપાસના કોલસાઓ સાથે બળવા લાગ્યો. પાદરી જતા હતા, ત્યારે પેલાએ કહ્યું "તમારી મુલાકાત માટે ખૂબ–ખૂબ આભાર. ખાસ કરીને પેલા તેજસ્વી ઉપદેશ માટે. હું આવતા રવિવારે ફરી દેવળમાં આવીશ."

જે ડાહ્યા લોકો સાથે ફરે છે, તે પણ ડાહ્યા થાય છે, પણ મૂર્ખની મૈત્રી તેમને નુકશાન જ કરશે. –પ્રોવર્બ્સ : ૧૩:૨૦.

એમ કહેવાય છે કે જે બાળક દત્તક લેવાય છે તે પણ સમય જતાં તે જે કુટુંબમાં આવ્યું હોય છે તેના જેવું જ થઈ જાય છે. સાચું... આપણે પણ જે કંપનીમાં રહીએ છીએ, તેના જેવા જ થઈ જઈએ છીએ. આપણે કરી શકીએ તેટલો વિકાસ જો ન કરી શકીએ, અને આપણે જે સન્માન અને મધુરતાથી જીવી શકીએ તેમ હોવા છતાં તે પ્રમાણે ન જીવી શકતા હોઈએ, તો આપણે એક હિંમતભર્યો નિર્ણય લેવો પડશે... આપણે જે સંસ્થામાં કામ કરતા હોઈએ, આપણે જે લોકોની સંગત કરતા હોઈએ કે જે કુટુંબમાં આપણે રહેતા હોઈએ, જો તે આપણને વિકાસમાં મદદરૂપ ન થતાં હોય, તો આપણે બીજા સ્થળે જવું પડશે જ્યાં આપણે વિકસી શકીએ. આ ખૂબ અઘરો નિર્ણય છે, પણ બહુ જ જરૂરી છે. કચરાના ઢગલા પર બીજને સડવા દેવાનો શું અર્થ છે?



અસાધારણ લોકો એ એવા સાધારણ લોકો છે
જેમણે બધું જ કામ અસાધારણ ઉત્સાહથી કર્યું.

ઉત્તમ જીવનનું રહસ્ય તમારું ધ્યેય શોધી કાઢવું તે છે.
એવું ધ્યેય કે જે આપણાં જીવન કરતાં વિશાળ હોય.
જેને તમે તમારી અંતિમ પળ સુધી
તમારા દરેક શ્વાસથી સીંચી શકો.

તમે એ સમયે ઈતિહાસ રચો છો
જયારે તમારી પાસે રોજ સવારે થોડા વહેલા
ઉઠવા માટે અને રોજ રાત્રે થોડું વધારે જાગવા માટે
કોઈ ખાસ ધ્યેય હોય અને તે ધ્યેયને પામવા
તમે અંત સુધી પ્રયત્ન કરતા હો.

દરેક બાબત કે તમામ બાબતોને
કૈંક "વધારે" આપો અને અસાધારણ જીવન જીવો.



જે વિચારનો સમય પાકી ગયો છે, તેના કરતાં વધારે કાંઈ પણ શક્તિશાળી નથી .

એક માણસ જમીનથી સો ફીટ ઊંચા માંચડા પર અદ્ધર લટકી રહ્યો છે. તે તેની દૈનિક આવક માટે દિવાલને રંગી રહ્યો છે– તે જ તેનો ‘કમાવાનો ખ્યાલ’ છે. તેના એક સાથીએ આ રંગકામની કળાને જરા વધારે સજ્જ કરી છે અને તે કોન્ટ્રાકટર તરીકે કામ કરે છે– આ ‘કમાવાનો બીજો ખ્યાલ’ છે. એકે ડ્રાઈવીંગ શીખી લીધું છે અને તે એક બીઝનેસમેનના બંગલામાં ડ્રાઈવર તરીકે કામ કરે છે. તે સારા પગાર માટે ચૌદ કલાક કામ કરે છે– તે તેનો ‘કમાવાનો ખ્યાલ’ છે. જે ચતુર છે તે એક કોર્પોરેટ કચેરીમાં ડ્રાઈવર તરીકે કામ કરે છે અને પગાર સાથે બીજા ફાયદા પણ મેળવે છે– આ પણ ફરી બીજો ‘કમાવાનો ખ્યાલ’ છે. કોઈ રસોઈ કરવાની આવડતનો ઉપયોગ એક ઘરમાં રસોઈયા તરીકે કામ કરીને કરે છે અને માસિક આવક મેળવે છે. તો બીજો રસ્તાના છેડે એક હોટેલ ખોલે છે અને દરરોજ નફો મેળવે છે– આ બન્ને પોતપોતાના, થોડા જુદી રીતના, ‘કમાવાના ખ્યાલો’ છે. એ વાત પર ધ્યાન આપો કે અહીં જે દર્શાવ્યા છે તે સહુના પોતપોતાના ‘કમાવાના ખ્યાલો’ છે જેમાં કોઇ શિક્ષણ કે રોકાણની જરૂર નથી.

તમારો ‘કમાવાનો ખ્યાલ’ કદાચ સેલ્સમેન બનવાનો હોય, તો બીજાનો સોફ્ટવેર પ્રોફેશનલ બનવાનો હોય, કોઈ બહેનનો કમાવાનો ખ્યાલ કદાચ ઉધોગ સાહસિક થવાનો હોય, તો બીજાનો કુટુંબના ધંધામાં જોડાવાનો હોય... એવા પણ લોકો હોય જેઓ માનતા હોય કે કમાવા માટે આ જગતમાં કોઈ તક જ નથી.

આપણે એ જાણવું જોઈએ કે જે આજે વિરાટ ઔધોગિક સાહસો છે તેઓ પણ એક વખત તો એક વિચાર જ હતાં. દરેક ક્રાન્તિ અને દરેક સામાજિક સંસ્થા એક સમયે કેવળ વિચાર હતી. અરે, આ પુસ્તક પણ તમે હાથમાં લીધું છે, તે પણ એક સમયે તો માત્ર વિચાર જ હતો.

જે વિચાર સક્રિયપણે સફળ થઈ ગયો છે તેના કરતાં શક્તિશાળી કશું જ નથી.

જો કે, આ વિચાર કરોડોની ભૂખ મટાડશે કે માત્ર તમારા છ ઈંચનાં જઠરની જ ભૂખ મટાડશે? આ વિચાર માંડ–માંડ તમારું ખિસ્સું જ ભરશે કે કરોડો કમાવી આપશે? એ બધાનો આધાર એ વ્યક્તિની મનઃસ્થિતિ પર છે જેના મનમાં વિચાર જન્મ્યો છે અને તે તેને અમલમાં કેવી રીતે મૂકે છે અને તે કેટલે અંશે સફળ થાય છે તેના પર છે.

પણ પાયાની વાત એ કે... તમે અને તમારો વિચાર મળીને... તમારું વિશ્વ બદલી શકે છે.



મારાં પ્રિયજનો સાથે,

હું એવો જ છું જેવો હું હંમેશા હતો .

'સૌથી મોટી પ્રાપ્તિ એ છે કે તમે તમારું જીવન સિદ્ધિઓથી ભરી દો અને પછી એમ કહી શકવા યોગ્ય બની શકો,' મારી સિદ્ધિએ અને તેનાં પરિણામોએ મારાં મૂળ સ્વભાવને દૂષિત નથી કર્યો. મૂલતઃ હું એજ છું જે હું પહેલેથી જ હતો'. "જીવનનો એક સૌથી મોટો આનંદ છે બધા લોકો કરતાં જરા ઉચ્ચ કક્ષાનું જીવવું અને છતાં તેમનામાંના જ એક થઈને રહેવું, બહારની કોઈ જ બાબત તમારી અંદરના મૂળ સત્વને સ્પર્શી શકવી ન જોઈએ." વાર્ષિક આધ્યાત્મિક શિબિરના અંતે મેં કૈંક આમ કહ્યું હતું.

થોડા કલાકો પછી અમે મુંબઈના એરપોર્ટ પર આવી પહોંચ્યા. અમારી સાથે લગલભગ ૩૦ લોકો હતા. ઘણા વર્ષો બાદ મારો જૂનો મિત્ર મળી ગયો. લગભગ એક દાયકા પછી અમે મળ્યા હતા અને તેને મારા જીવનમાં જે ફેરફાર થયા હતા તેની તેને ખબર ન હતી. અમે આધ્યાત્મિક શિબિરમાંથી પાછા વળતા હતા તે સાંભળીને તેને એક ગાંડો વિચાર આવી ગયો. તેણે કહ્યું, "મને સલામ કર અને સાબિત કર કે તું મારો એ જ જૂનો મિત્ર છે." બીજા લોકો વિશે હું સભાન ન હોવાથી મેં તો તેને એ જ પળે સલામ ભરી. મારા 30 મિત્રોને મારા પ્રત્યે કેટલો સદ્ભાવ અને પ્રેમ છે તે હું જાણતો હતો. એટલે તેમના ચહેરા પર જે દુઃખ અને પીડા થઈ તે જોઈ મને નવાઈ ન લાગી. અલબત, મારા જૂના મિત્ર માટે તે પળ એક વિજયની પળ હતી. તેને કેવળ તેના જૂના મિત્રની જરૂર હતી, કોઈ આધ્યાત્મિક વ્યક્તિની નહીં. તેમના ચહેરા પર જે આનંદ મેં જોયો તે જ આ સૂચવતો હતો.

એક દિવસે મારો પુત્ર મારી પાસે આવ્યો અને તેણે તેને જમવા માટે બહાર લઈ જવા મને કહ્યું. મેં તેને કહ્યું કે તે મારા માટે શક્ય ન હતું કારણ કે મારે સાંજ પહેલાં ફ્રોઝન થોટ્સ માટેની કોલમનો નિયમિત લેખ લખવાનું બાકી હતું. એક પળ પણ થોભ્યા વિના તેણે કહ્યું "તમે લોકોને કાલે જગાડજો. આજે મને જમવા માટે લઈ જાઓ."

તમારાં માતા–પિતાને પુત્ર જોઈએ છે, નહીં કે મેનેજમેન્ટ ગુઢ. તમારા સાથીને તમારી બધી જ મર્યાદાઓ સાથે તમે પસંદ છો, તેને એક પણ મર્યાદા વિનાની કોઈ પૂર્ણ વ્યક્તિની જરૂર નથી. તમારાં બાળકોને એક પિતાની જરૂર છે, નહીં કે રાષ્ટ્રપિતાની.

આપણાં બે જબરાં પાત્રો–સુપરમેન અને સ્પાઈડરમેને આપણને આ નથી શીખવ્યું? આ બન્ને હીરો બીજા બધા જેવા જ મર્યાદાવાળા હીરો હતા. તેમને જે છોકરીઓ ગમતી હતી તેને પ્રેમ વ્યક્ત કરવામાં પણ તેઓ ખચકાતા હતા. છતાં, જયારે એવી પરિસ્થિતિ ઊભી થઈ, ત્યારે તેઓ અદ્‌ભુત કામ કરતા હતા.

હું મારો યુનિફોર્મ પહેરીશ અને મારા વ્યાવસાયિક જગતમાં અદ્‌ભુત કામ કરીશ. પણ હું હંમેશા યાદ રાખીશ કે મારે ક્યારે મારો આ યુનિફોર્મ ઉતારી નાખવો જોઈએ. છેવટે તો, ઘરમાં સૌને એક સામાન્ય વ્યક્તિની જરૂર હોય છે, નહીં કે કોઈ મહાન વ્યક્તિની.

મારાં પ્રિયજનો સાથે, હું કાયમ એવો જ છું જેવો હું પહેલાં હતો.



જ્યારે અહં જાય

ત્યારે સઘળું પ્રાપ્ત થાય .

જ્યારે કોઈ સાઈકલ શીખે છે, ત્યારે સૌથી મહત્વનો પહેલો રોમાંચ એ હોય છે કે સાઈકલ ચાલતી હોય ત્યારે તેને છુટ્ટે હાથે ચલાવવી. આ ક્રિયા કરતાં પણ, બીજા લોકો તમને આમ કરતા જુએ છે એ હકીકત વધારે મહત્વની હોય છે. હકીકતે, આપણી આંખ ચારે બાજુ આતુરતાપૂર્વક એ જોતી હોય છે કે બીજા કોઈએ તમારું આ કૃત્ય જોયું કે નહીં. કિશોર વયમાં બસ કે ટ્રેનના પાટિયાં પર ઊભા રહેવું એ એક જબરી હિંમતનું પગલું મનાય છે. એમાં ઈચ્છા આવું કામ કરવાની નથી હોતી, પણ બીજાનું ધ્યાન ખેંચવાની હોય છે.

દરેક વ્યક્તિ જીવનના આ તબક્કામાંથી પસાર થાય છે જયારે અહં કેવળ બીજાનું ધ્યાન ખેંચવા કે સ્વીકૃતિ મેળવવા વ્યક્તિને ગમે તે અને બધું જ કરવા પ્રેરે છે. આ તબક્કામાં સારું એ સારું માત્ર એટલા માટે જ હોય છે જ્યારે તે ધ્યાન ખેંચે, અને ખરાબ પણ સારું હોય છે જો તે ધ્યાન ખેંચી શકે, અને વક્રોક્તિ તો એ છે કે જો ધ્યાન ન ખેંચી શકે તો સારું પણ ખરાબ છે. મળી રહેલા ધ્યાન પર અહં ટકી રહે છે. પણ વ્યક્તિએ એ તબક્કામાંથી બહાર પણ નીકળી જ જવું જોઈએ.

અહંનો સ્વભાવ જ એવો છે કે તેને પોષણની જરૂર રહેતી હોય છે, અને આથી જ તે કાયમી ભિખારી છે. અહંની સમસ્યા એ છે કે જયારે પણ તેને પોષવામાં આવે છે, ત્યારે વ્યક્તિ ગુરુતાગ્રંથિથી પીડાય છે. અને જ્યારે અહં ભૂખ્યો રહે છે, ત્યારે વ્યક્તિ લઘુતાગ્રંથિથી પીડાય છે. બન્ને રીતે તે તમારી શાંતિને હરી લે છે.

જ્યારે અહં પ્રવેશે છે, ત્યારે બીજું બધું ચાલ્યું જાય છે. જ્યારે અહં ચાલ્યો જાય છે, ત્યારે બીજું બધું આવી જાય છે.

પોતાનો અહં પોષવા કેટલા મૂલ્યવાન સંબંધોનો ભોગ લેવાતો હોય છે? તમે અહંને છોડીને સંબંધને બચાવી શક્યા હોત, પણ તમે તો અહંને બચાવ્યો અને સંબંધને ગુમાવી દીધો. સંબંધ ગુમાવવાના સંદર્ભમાં અહંકારની જરા પણ કિંમત નથી.

તમે તમારા અહંકારને પોષવાની મથામણ કરતા હતા, ત્યારે તમે કેટલી મૂલ્યવાન તકો ગુમાવી દીધી? દરેક પળ મહત્વની છે, દરેક સ્થિતિ કઠીન છે, દરેક સંબંધ તાણયુક્ત છે... અહંથી

ભરેલ હૃદય હંમેશા આગ પર ચાલે છે. અહં અને શાંતિ વચ્ચે ક્યારે જોડાણ ન થઈ શકે.

એક માંસનો ટુકડો લઈ જતા કાગડાએ જોયું કે તેના પાછળ અનેક પક્ષીઓ પડ્યાં હતાં. તેણે માંસનો ટુકડો ફેંકી દીધો અને બધાં જ પક્ષીઓ માંસના ટુકડા પાછળ ગયાં. હવે, આકાશમાં એકલા ઊડતાં, કાગડો બોલ્યો, "એ માંસનો ટુકડો ગુમાવવાના કારણે મને આકાશની સ્વતંત્રતા મળી છે."

અહં છોડવાથી ભરપૂર સ્વતંત્રતા મળે છે.



આનંદપૂર્વક

અસંતુષ્ટ રહો .

તેણે હંમેશા તેના પિતાની તેમની શિસ્ત માટે પ્રસંશા કરી છે. હવે તે પરણી ગઈ છે. તે પોતાનો પતિ પણ શિસ્તબદ્ધ રહે તેમ ઈચ્છે છે. તે માને છે કે તે જ એક મુખ્ય ગુણ છે. શિસ્તમાં, તેનો પતિ ક્યારેય પાસ નથી થતો. તેથી તે તેના પ્રત્યે અસંતોષ અનુભવે છે. તે પતિથી અસંતોષી છે અને પતિ તેનાથી નિરાશ છે.

“મારી મા હંમેશા પ્રમાણિક અને નિખાલસ રહી છે. તારી સમસ્યા એ છે કે તું તારા જીવન વિશે મને કશું જ કહેતો નથી.” પતિ તેની પત્નીને ફરિયાદ કરતાં કહે છે. “તારા ભાઈના હસ્તાક્ષર જો. કેવા સુંદર છે – કલાત્મક – અને તારા જો,” માતા પુત્રીને ઠપકો આપે છે. “મારી આ પહેલાંની સંસ્થામાં અમે આવી રીતે કયારેય કામ ન કરતા,” નવો જનરલ મેનેજર બડબડે છે. “અમેરિકામાં અમને આવી સમસ્યાઓ નથી હોતી,” એક એન.આર.આઈ. ભારત પર નારાજગી વ્યકત કરતાં કહે છે.

અપેક્ષા એ સમસ્યા નથી પણ અપેક્ષાને કોઈ પણ વસ્તુ કે વ્યક્તિને મૂલવવાનો આધાર બનાવવો તે સમસ્યા છે.

તે તેના પિતાને શિસ્તમાં દસમાંથી દસ ગુણ આપે છે અને તેનો પતિ જે ચાર કે પાંચ વાગ્યે લથડિયાં ખાતો હોય તેનાથી સંતોષ પામતી નથી. તેના સ્વભાવ, ઉછેર અને સંસ્કાર જોતાં તેના માટે પાંચ તેના સો ટકા છે! તે શિસ્તમાં કયારે પાંચથી વધારે નહીં મેળવી શકે. તે આવો જ છે અને આવો જ રહેશે... પણ તેના પતિમાં બીજા એવા કોઈ ગુણ હશે જેમાં તે પૂરા દસ મેળવી શકે. અને તેમાં તેના પિતા તે ગુણ ન મેળવી શકે. પત્ની માતા જેવી નિખાલસ ન હોય, પણ તે કુટુંબને નાણાકીય મદદ આપવામાં ખૂબ જ નિ:સ્વાર્થી હોઈ શકે. એ શક્ય છે કે દીકરી દીકરાને ગાવામાં પાછળ રાખી દે. તમે માનતા હતા કે તમારી આના પહેલાની સંસ્થા કરતાં આ સંસ્થામાં વિકાસની સારી તકો હતી અને એટલે જ તમે અહીં આવ્યા છો. અને ભારતમાં ઘણી એવી મુશ્કેલીઓ નથી જે વિશ્વના બીજા દેશોમાં છે.

કોઈ પણ બધી બાબતોમાં સાવ ખરાબ ન હોય તેમ જ કોઈ બધી બાબતમાં સર્વગુણસંપન્ન પણ ન હોય. આપણા બધામાં ગુણો પણ હોય છે અને કેટલીક મર્યાદાઓ પણ હોય છે. કોઈ

પણ પૂર્ણ રીતે ખામીરહિત નથી. તો કોઈ પણ પૂર્ણ રીતે ખામીવાળું પણ નથી. માત્ર અમુક ગુણો પર જ ધ્યાન આપવાનું અટકાવો. સમગ્ર વ્યક્તિને જોવાનું શરૂ કરો.

જો કે, આ કથામાં વળાંક પણ છે! બીજાઓ પ્રત્યેનો અસંતોષ મને દુ:ખી કરે છે, પણ મારા પ્રત્યેનો મારો અસંતોષ મને વિકાસ કરવામાં મદદ કરે છે. જ્યારે હું કોઈ એક બાબતે બીજા પાસે અપેક્ષા રાખું છું, તો તે મારામાં અસંતોષ જન્માવે છે અને મને દુ:ખી કરે છે. જ્યારે હું પાસેથી જ કોઈ મુદ્દા બાબતે ખુદ પાસે અપેક્ષા રાખું, તો જે અસંતોષ જન્મે, તે મારા વિકાસને ગતિ આપે છે. જ્યારે હું મારી પાસેથી શ્રેષ્ઠત્વ, સુગ્રથિતતા, હેતુસભરતા, ચારિત્ર્ય, કાર્યક્ષમતા... બાબતે 'દસમાંથી દસ ગુણ' ઈચ્છું છું... તે બતાવે છે કે હું ક્યાં છું અને મારે ક્યાં જવાનું છે. આ અભાવ મારા પરિવર્તનની તક બને છે. જ્યારે હું જગત પાસેથી 'દસમાંથી દસ ગુણ' મેળવવાની અપેક્ષા રાખું છું, તો તે મારા અને જગતના સંબંધોની ગુણવત્તાને અસર કરે છે.

એટલે, બધી જ બાબતોમાં, જગતને 'પાંચ'ના ગુણમાં માપો અને તમને પોતાને 'દસ'ના ગુણમાં માપો. એવું નથી કે જગત ઓછી ક્ષમતાવાળું છે અને તમે સુપરહ્યુમન છો, પણ કારણ કે... આનંદ વિના જીવન જ નથી. એટલે જગતને 'પાંચ'માં જ માપો. અસંતોષ વિના વિકાસ નથી. તેથી તમને પોતાને 'દસ'માં માપો. તો તમે 'આનંદપૂર્વક અસંતોષી' રહેશો.

તમે જે રીતે મને ચાહો છો તેનાથી હું ખુશ છું. મારા પક્ષે, હું તમને પ્રેમ કરવાના અનેક વધારે માર્ગો શોધી કાઢીશ.



સમુદ્રનાં ખારાં પાણી, કચરાવાળી ગટરોનું પાણી,
ગંધાતાં સરોવરો અને બંધિયાર તળાવનું પાણી,
કોઈ પણ પાણીની,
જ્યારે વરાળ થાય છે
અને જ્યારે તે ફરી વરસાદરૂપે ધરતી પર આવે છે,
ત્યારે તે શુદ્ધ પીવા લાયક પાણી બની જાય છે.

એ જ રીતે, જ્યારે માણસનો તાર
પરમ શક્તિ સાથે જોડાઈ જાય છે,
ત્યારે તેનું શુદ્ધિકરણ શરૂ થઈ જાય છે.
માણસના વિચારો, લાગણીઓ અને તેનું અસ્તિત્વ
પણ શુદ્ધ થાય છે, જ્યારે તે દિવ્ય સાથે જોડાય છે.

જ્યારે પ્રાર્થનાઓનું ઉર્ધ્વીકરણ થાય છે
ત્યારે આશીર્વાદની વર્ષા થાય છે.



દરેક મનુષ્યમાં એક નવો સમાજ રચવાની ક્ષમતા રહેલ છે .

જયારે હું વૃક્ષ તરફ નજર કરું છું, ત્યારે હું કેવળ વૃક્ષ જ નથી જોતો, પણ તે વૃક્ષ પાછળની ઐતિહાસિક વિભાવના પણ જોઉં છું. તે એક એવું બીજ હતું જે પવન સાથે ઊડીને એક એવા ખોખા પર આવી પડયું હશે જે ખોખાને પાછળથી જોહાન્સીબર્ગથી ચેત્રાઈ એક જહાજમાં લઈ જવાયું.

પૃથ્વી માતા ક્યારે લાડ નથી લડાવતી : તેથી બીજને પહેલાં જમીનની અંદર જવું પડે છે જેથી તે મૂળીયાં જમાવી શકે અને પછી અંકુરિત થઈ શકે. જયારે તે કોમળ છોડ હોય છે, ત્યારે કોઈ પણ પ્રાણી તેને ખાઈ જઈ શક્યું હોત. કોઈ પણ બાળક તેને ઉખેડી શક્યું હોત. અથવા દુકાળ, પૂર કે જીવડાંનું જોખમ તો હતું જ. આ બધું સહન કરીને તેણે સમયની પરીક્ષા અને પરિસ્થિતિઓની કસોટી પાર કરવી પડી કે જેથી તે આજે જેવું છે તેવું લીલુંછમ્મ ઘટાદાર વૃક્ષ બની શકે. તે માત્ર એક વૃક્ષ જ નથી પણ એક ગહન ઐતિહાસિક સમજ છે.

જો વૃક્ષ પર આટઆટલું વીતતું હોય, તો મારા બાંધવોની પરિસ્થિતિ કેવી હશે? લગભગ ૭૦૦ મિલીયન પુરુષ શુક્રાણુઓ સ્ત્રીના અંડ તરફ ધસે છે અને તેમાંથી જે સૌથી વધારે સ્વસ્થ અને ઝડપી હોય તેવું માત્ર એક જ શુક્રાણુ જ સફળ થાય છે. જીવનની શરૂઆતોની શરૂઆત પણ માત્ર બળવાનને જ પોષે છે. એટલે દરેક માનવ વ્યક્તિ એક વિજેતા શુક્રાણુ છે જેણે પોતાની રીતે પૂરવાર કર્યું છે કે તે બાકીનાં ૭૦ કરોડ શુક્રાણુઓમાંથી સહુથી આગળ હતું. માનવનો જન્મ જ જીતવાની પ્રક્રિયાને જરૂરી અને અપેક્ષિત બનાવે છે.

પછી ગર્ભમાં વિકાસ, ગર્ભમાંથી છૂટા પડવાનો આઘાત, મૂંઝવણો, શીખવાની પ્રક્રિયા, પડકારો, વિરોધાભાસો, દબાણો, ત્યાગ, સમાધાન, આંસુઓ અને, અલબત, ઉપાયો, મોટા થવું, આનંદ, સંભાવનાઓનું પ્રગટીકરણ, ભૂલવું... દરેક માનવી મૂળમાં શૂન્યમાં હોય છે. તેમાંથી તે કાંઈક બને છે અને છેવટે અનંતમાં પરિવર્તન પામે છે. માણસ માત્ર માણસ જ નથી, તેના પોતાનામાં પણ તે એક ગહન ઐતિહાસિક સમજ છે.

કામવાળી પોતે જે શિક્ષણ ન મેળવી શકી, તે પોતાનાં બાળકોને આપવાનો જે પ્રયત્ન કરે છે, તે જ બતાવે છે કે તે પણ તેના અર્થમાં એક ઐતિહાસિક ચેતના છે. તમે જે જોતા કે સાંભળતા હો, તેની પેલે પાર જોવાનો પ્રયત્ન કરો તો તમે જોઈ શકશો કે તમે માનવજાત સાથે સંકળાયેલા છો જેમાં દરેક વ્યક્તિનો પોતાનો અંગત ઇતિહાસ છે. હકીકતે, તમે પણ એમાંના એક છો.

દરેક માનવની અંદર એક નવો સમાજ બનાવવાની સંભાવના હોય છે. તમારાથી એક નવી પેઢી શરૂ થાય છે, અને તેનાથી તમારો સમાજ બને છે. તમે તમારા ઇતિહાસની સમજ છો.



તમારી વેદનાને જવા દઈ,

તમે શાંતિને આમંત્રણ આપો છો .

કોઈ પણ એક વ્યક્તિને, કોઈ પણ એક બનાવને, કોઈ પણ એક અનુભવને... તમારા મનમાં રહીને તેને અશાંત કરવાનો જરા પણ અધિકાર નથી. તમારે કોઈને તમારા મનની શાંતિને અશાંત કરવાની પરવાનગી આપવાની જરૂર નથી. તમારી શાંતિ ખાતર, જે પણ તમને અંદરથી ખલેલ કરે, તે બધાને જવા દો, તમારું મન અને હૃદય તો શાંતિનું સિંહાસન જ હોવું જોઈએ, નહીં કે કોઈક કે કશુંક જે તમને સતત ખલેલ પહોંચાડ્યા કરે. એવી શાંતિના ભોગે કશું જ નહીં. બધું જ તમારી શાંતિ માટે જ. જતું કરવાનું શીખો, ભૌતિક અર્થમાં નહીં, પણ લાગણીના અર્થમાં. કોઈ પણ ખલેલ કરનાર તત્વથી તમારી જાતને મુકત કરો. જે પણ હોય તેને જવા દો. વ્યક્તિ હોય તો પણ. તમારી શાંતિને સર્વોચ્ચ સ્થાને સ્થાપો.

તમારું અંત:કરણ કાં તો ફૂલોનો ગુલદસ્તો બની શકે છે અથવા તો એસીડનું વાસણ બની શકે છે. જયારે તમે તમારા દુ:ખનાં કારણને જવા દો છો, તમે આંતરિકપણે પુષ્પિત હોવાનો અનુભવ કરો છો. નહીં તો જે રીતે એસીડ તેનાં વાસણને જ ખલાસ કરી નાખે છે, તે રીતે તમે તમને નુકસાન કર્યા કરશો.

લોકો તો તમને તેમના અજ્ઞાન અને પરિપક્વતાના અભાવે દુ:ખ પહોંચાડે છે. અને તમે પણ તમારા અજ્ઞાન અને પરિપક્વતાના અભાવે તમારી જાતને દુ:ખી થવાની છૂટ આપો છો. હકીકત એ છે કે ધિક્કાર કરનાર અને તિરસ્કૃત થનાર વચ્ચે ધિક્કાર કરનાર જ વધારે દુ:ખી થાય છે. તમારો ધિક્કાર બીજા માટે કશું ન હોય, પણ તે તમારી ઊંઘ તો હરી જ લે છે. તે તમારામાં ચાંદું કે એસીડીટી તો જન્માવે જ છે. અને, મોટી વાત એ છે કે, તમને શાંતિથી રહેવા નથી દેતો. એટલે, તમને દુ:ખ સાથે રહેવામાં શું ફાયદો થાય છે? તેમાં કોઈને કાંઈ ફાયદો નથી, ખાસ કરીને તમને તો નથી જ. તમે તો ગુમાવનાર જ છો. તમે દુ:ખ જેવી વ્યર્થ બાબત સાથે શા માટે જીવવા માગો છો?

ભૌતિક રીતે પણ, જે લોકો કે ઘટનાઓ તમને દુ:ખી કરે છે, તે એકાદ વાર માટે હોય છે. પણ તમે એ દુ:ખને હજારો વાર ફરી-ફરી વાગોળ્યા કરો છો. જેટલી વધારે વાર તમે તને વાગોળો છો, તેટલું દુ:ખ ગાઢ બને છે. તમે તમારી શાંતિ કરતાં આ દુ:ખને વધારે મહત્વ આપો છો.

કદાચ કોઈ ખોટું હોય, તો તમે તેને તમારી બહાર જીવવા દો ને. તેને તમારી અંદર આવવા જ ન દો. તમારું મન અને હૃદય કેવળ તેને જ અંદર આવકાર આપે જે તેને શાંતિ આપે. બાકીનાને તમે જવા દો ને!

તમારા દુ:ખને જવા દઈ તમે શાંતિને આમંત્રણ આપો છો. શાંત હો તો તમે અત્યંત સુંદર છો. સારા સમાચાર એ છે કે તમે સુંદર થઈ શકો છો. વધારે સારા સમાચાર એ છે કે, તે તમારા જ હાથમાં છે. જુઓ, માત્ર “જવા દેવાનો” વિચાર પણ તમને ખુશ કરે છે ને!



તમે અનુયાયી થવા નથી જન્મ્યા .

તમે તો નેતૃત્વ કરવા જન્મ્યા છો .

એક ઉંદર બિલાડીના ભયના કારણે સતત તાણની સ્થિતિમાં રહેતો હતો. સંતને તેના પર દયા આવી અને તેમણે તેને બિલાડી બનાવી દીધો. હવે એ બિલાડીને કૂતરાનો ભય શરૂ થયો. એટલે સંતે તેને કૂતરો બનાવી દીધો. હવે તેને માણસનો ભય શરૂ થયો. એટલે, સંતે તેને માણસ બનાવી દીધો. પણ, માણસ ઈશ્વરથી ભયભીત થતો હતો. આ ક્ષણે સંતે એવું કર્યું કે તેમણે માણસને ફરી ઉંદર બનાવી દીધો અને કહ્યું "તને ગમે તે બનાવું પણ તેમાં કંઈ જ નહીં વળે, કારણ કે તારું હૃદય તો ઉંદરનું જ છે."

મોટા ભાગના લોકો સ્વભાવથી જ ફરજિયાત અનુયાયીઓ છે. 'બીજા સામે જોવું' તે હકારાત્મક લક્ષણ છે. પણ જયારે તે તમને ગુલામ બનાવે છે, ત્યારે તે નબળાઈ બને છે. કોઈ અનુયાયીને નથી અનુસરતું. જયારે તમે કોઈ સામે જુઓ છો, અને માનો છો કે તેઓ હંમેશા તમારાથી સારા જ રહેશે, તો તમે તમારી જાતને ઓછી આંકો છો. તમે તમારી શક્યતાઓ પ્રત્યે આંખમીંચામણા કરો છો. એક સંસ્થા અને એક વ્યક્તિ તરીકે ભલે મને કોઈ પ્રથમ, બીજા કે તેરમાં તબક્કામાં દોરે, પણ મારે એ વિશ્વાસ રાખવો પડે કે એવા જ એક "ચૌદમાં" તબક્કામાં હું આગળ નીકળી જઈશ અને અત્યાર સુધી, આ તબક્કા સુધી જેમણે મને દિશા બતાવી છે તેમને હું રસ્તો ચિંધીશ.

આપણે બધા આપણા બોસ કરતાં વધારે સારા બની શકીએ છીએ. આજે જેઓ આપણા જીવનમાં મહાન વ્યક્તિઓ છે, તેમના કરતાં પણ આપણે વધારે મહાન વ્યક્તિઓ બની શકીએ છીએ. જેને આપણે આદરભાવથી જોઈએ છીએ, જેટલી શક્યતા તેમની અંદર છે તેટલી જ કે તેથી વધારે શક્યતા આપણી અંદર પણ રહેલી છે. એક વ્યક્તિ માટે જે શક્ય છે, તે બધા માટે શક્ય છે. એક માણસ જે કરી શકે, તે બધા લોકો કરી શકે.

અનેક લોકો ઘણી બાબતોમાં તમારા કરતાં વધારે સારા હોઈ શકે. આ જગત 'જાદુઈ ગુણો'થી ભરપૂર છે. તમે પણ સર્વાંગી વ્યક્તિત્વ વિકસાવવાની અપેક્ષા રાખો. સમગ્ર રીતે નેતૃત્વ કરો. તમારી જાતને ગુલામ બનાવ્યા વગર જ જુઓ.

તમે અનુયાયી બનવા નથી જન્મ્યા. તમે તો નેતૃત્વ કરવા જન્મ્યા છો. યાદ રાખો, તમે જ

સહુથી આગળ વધી ગયેલું શુક્રાણુ હતા. એક શુક્રાણુ તરીકે પણ તમે અનુયાયી ન હતા. તમે તમારા વારસાને સાર્થક કરી બતાવો.



તમારા ચારિત્ર્યને

કોઈ પણ હિસાબે જીવંત રાખો .

ગુસ્સા સામે ગુસ્સો દર્શાવીએ એટલે ગુસ્સો વધે. ખરાબ સામે ખરાબ પ્રત્યાઘાત દર્શાવીએ તો ખરાબી વધે. ખોટા સામે ખોટું કરવાથી તે સાચું થઈ ન જાય. જીવનમાં બે નકાર કયારે હકાર ન બની શકે. આંખ માટે આંખ અને દાંત માટે દાંત- આ બધું છેવટે ક્યાં લઈ જશે?

આપણે દુશ્મનના અવગુણોને ખૂબ જ ધ્યાનથી જોઈએ છીએ, એટલાં ધ્યાનથી કે આખરે આપણે પણ એ જ અવગુણો આત્મસાત કરીએ છીએ. દુશ્મનો સાથે લડતાં – લડતાં ઘણી વાર આપણે પણ દુશ્મન જેવા જ બની જઈએ છીએ!

તે પ્રમાણિકતાનો પર્યાય જ હતો. પણ તે એવી પરિસ્થિતિમાં મૂકાયો જયાં તેની પ્રામાણિકતા બીજાને દુ:ખ પહોંચાડતી હતી. એટલે તેમણે બીજા માટે તકલીફરૂપ ન થવા ખોટું બોલવાની શરૂઆત કરી. તેની પ્રામાણિકતાને ન સમજવી તે બીજાઓની નબળાઈ હતી. હવે તેણે જ બીજાઓની નબળાઈનો સામનો કરવા માટે ખુદમાં પણ નબળાઈ વિકસાવી છે. શું નબળાઈનો પ્રત્યાઘાત નબળાઈથી દર્શાવવામાં આવે તો તેથી વિશ્વ વધું સારું બની શકે?

તે હમેશ સીધી – સાદી વ્યક્તિ રહી છે. હમણાં-હમણાં તેને વહેમ આવતો જાય છે કે તેનો પતિ કેટલાંક કાર્ય એવા કરે છે જે તે તેને કહેતા નથી. એટલે તેણે પતિ પર જાસુસી કરવાનું શરૂ કર્યું છે. તેણે તેને હેરાન કરવાના લુચ્ચા માર્ગો શોધ્યા છે – આવાં લક્ષણો તેનામાં કયારેય ન હતાં. સંભવ છે કે, તેનો પતિ ખોટો હોય, પણ, એવું વિચારીને કે તે તેના પતિના ગુના સાથે કામ પાડી રહી છે, તે અજાણતા એવા કામો કરી રહી છે જે બધી જ રીતે તેના ચારિત્ર્યથી વિરુદ્ધ છે.

જયારે પણ તમે કોઈની નખળાઈને ચીંધો છો, ત્યારે તેનો તાત્કાલિક જવાબ એવો હોય છે, “હું એવું શું કરુ છું જે કોઇ ન કરતું હોય?” બીજાની નબળાઈ કયારેય પણ તમારી નબળાઈનો બચાવ ન બનવી જોઈએ. દુર્યોધન સાથે પનારો પાડતી વખતે આપણે પણ દુર્યોધન નથી બનવાનું. હકીકતે તો આપણે અર્જુન બનશું તો જ દુર્યોધનને જીતી શકશું.

“શા માટે તમે એનાં વખાણ કરો છો જે તમારા પ્રત્યે અપમાનજનક રીતે વર્તે છે?” એક

સાથીએ પૂછ્યું. "તેનું સાદું કારણ છે, વખાણ કરવાં મારું ચારિત્ર્ય છે અને અપમાન કરવું તે તેનું ચારિત્ર્ય છે. બીજા લોકોના ચારિત્ર્યનો મારા પર પ્રભાવ પડે તે હું ન ઈચ્છું." ટીમના નેતાએ જવાબ આપ્યો.

આપણી સાથે જેઓ સારી રીતે ન વર્તે, તેમની સાથે પણ આપણે તો સારી રીતે જ વર્તન કરીએ. આપણા ચારિત્ર્યને નીચું ઉતારવું એ વ્યાજબી નથી. મુદ્દો એ નથી કે બીજાઓ આપણી સારપને લાયક છે કે નહિ, મુદ્દો એ છે કે આપણે આપણા હૃદય અને ચારિત્ર્યમાં કશી પણ ખરાબ બાબતને લાયક નથી.

તમારા ચારિત્ર્યને કોઈ પણ હિસાબે જીવંત રાખો.



જીવનની ભાષા છે :

'હું કરી શકું.'

મેં ઘણી વાર બાળકોને માત્ર તોફાન ખાતર ભીંત પર ચડતી કીડીઓની હારના માર્ગને પોતાના હાથથી અટકાવતાં જોયાં છે. પણ કીડીઓ સહજ રીતે તરત બીજો માર્ગ શોધી લે છે અને પોતાની કૂચ ચાલુ રાખે છે. બાળક હવે તે માર્ગ પણ રોકે છે, પણ કીડીઓ ફરી બીજો માર્ગ શોધી લે છે આગળ વધે છે... બાળક, તોફાનમાં વ્યસ્ત હોવાથી, કેટલીક કીડીઓને દિવાલથી દૂર કરવા તેની આંગળીઓનો ઉપયોગ કરે છે. પણ કીડીઓ પ્રકૃતિના કારણે ફરી ચડવાનું શરૂ કરે છે. ગમે તે અડચણ હોય, ગમે તેવી મુશ્કેલીઓ આવે, પણ કીડીઓ તો હું કરી શકું એવા ભરોસા સાથે આગળ વધ્યે જ જાય છે. મૃત્યુ પામે ત્યાં સુધી પ્રયત્ન કરે છે, સંઘર્ષ કરે છે, તે મહેનત કરે છે અને હું કરી શકું એવા ભાવથી કૂચ કરતી રહે છે. માત્ર મૃત્યુ જ તેમની આ હું કરી શકું ની ભાવનાને અટકાવી શકે છે.

મેં બળદોને ફ્લાયઓવર અને ઓવરબ્રીજ પર પુષ્કળ ભારથી લદાયેલાં ગાડાંને ખેંચી જતા જોયા છે. થોડી વાર થોભે, દરેક ઇંચે ખૂબ જ સંઘર્ષ કરે, છતાં તેઓ ચાલતા જ રહે છે. તેઓ માણસના શોષણનો ભોગ બનતા હશે, છતાં તેઓ ક્યારે હાર નથી માનતા. દરેકે દરેક ઘાસની સળી અને આપણે જેમને જોઈ પણ નથી શકતા એવા સૂક્ષ્મ જીવો પણ કોઈ પણ તકલીફ સામે હું કરી શકું ની ભાવના સાથે વિકસતા રહે છે. માત્ર મૃત્યુ જ તેમની આ ભાવનાને અટકાવી શકે.

જીવનની ભાષા છે– હું કરી શકું. મૃત્યુની ભાષા છે– હું ન કરી શકું.

બધાં જ સર્જનોમાં શ્રેષ્ઠ સર્જન ગણાતો માણસ જ મૃત્યુની ભાષા બોલે છે. માત્ર માણસ જ મૃત્યુની ભાષા –હું ન કરી શકું –બોલે છે, માને છે અને તેને અનુસરે છે. સંશોધનો કહે છે કે દરેક મનુષ્ય ચૌદ વર્ષની ઉંમરે પહોંચે છે ત્યાં સુધી તેના માતા–પિતા, શિક્ષકો, વડીલો અને સમાજ તેને લગભગ ૧,૪૮,૦૦૦ વાર "તું નહીં કરી શકે " એમ કહી ચૂક્યાં હોય છે. તેની પરિસ્થિતિએ તેના મગજમાં ૧,૪૮,૦૦૦ વાર ઠોકી બેસાડ્યું હોય છે કે "તે નહીં કરી શકે" .

"હું કરી શકું", "હતમે કરી શકો", "હઆપણે કરી શકીએ." માણસે માણસથી પર જવાનું છે. માણસે મૃત્યુની ભાષાનો ત્યાગ કરવાનો છે અને જીવનની ભાષાને અપનાવવાની છે. હું હું

નહીં કરી શકું ને છોડી શકું છુ. મારે હું નહીં કરી શકું ને છોડી જ દેવું પડશે. મારે હું નહીં કરી શકું ને ફેંકી જ દેવાનું છે. તો શું થઈ ગયું જો મને ૧,૪૮,૦૦૦ વખત એવું કહેવામાં આવ્યું હોય કે, હું નહીં કરી શકું ? મારી સામે માનવજાતના ઈતિહાસમાં ૧,૪૮,૦૦૦ લોકો એવા પણ છે જેમણે મને સૂચવ્યું છે કે હું નહીં કરી શકું . જીવનનું એ દરેક સ્વરૂપ છે જે મને હું નહીં કરી શકું માં શ્રદ્ધા રાખવા પ્રેરિત કરે છે. મારી ચેતનામાં જીવનનો ધ્વનિ ધીમે–ધીમે મોટો થતો જાય છે... આ મૃત્યુના અવાજનું મૃત્યુ છે.

ચાલો આપણે આપણા પર પૂરી શ્રદ્ધા રાખીએ. જાતમાં શ્રદ્ધા રાખવી એટલે આપણું જે ડહાપણ દ્વારા સર્જન થયું છે તે ડહાપણમાં શ્રદ્ધા વ્યક્ત કરવાની આપણી રીત.



તમે જે બનવા માગો છો,

તે બનવા જે કાંઈ કરવાનું છે

તે તો કરવું જ પડશે .

થોડા વખત પહેલાં હું એક કોર્પોરેટ સર્કસનો સાક્ષી બન્યો હતો. કોર્પોરેટ હાઉસે માર્કેટિંગમાં એમબીએ થયેલા એક ફ્રેશર ગ્રુપને ભરતી કર્યું હતું. બે અઠવાડિયાની પ્રોડક્ટ ઓરિએન્ટેશન અને વેચાણ કળાનો સઘન તાલીમ પછી તેમને ફિલ્ડમાં જવાનું કહેવામાં આવ્યું. માત્ર બે દિવસના ફિલ્ડ વેચાણમાં તેમાના થોડાક તો બહુ જ નિરાશ અને હતાશ થઈ ગયા. તેમની આ નિરાશાનું કારણ પૂછતાં કેટલાકે જવાબ આપ્યો, “અમે વેચાણમાં આગળ વધવા અને સફળ થવા હજી કેમ સક્ષમ નથી તેની સમજ નથી પડતી.” હજી તો બે જ દિવસ થયા હતા ફિલ્ડમાં અને સફળ ન થવા બદલ નિરાશ – જબરી રમૂજ કહેવાય! હું તેને કોર્પોરેટ સર્કસ કહું છુ કારણ કે કાં તો બે અઠવાડિયાની કોર્પોરેટ તાલીમે અથવા તો બે વર્ષના બીઝનેસ મેનેજમેન્ટના અભ્યાસક્રમે, કે કદાચ બન્નેએ, આ તાજાં મગજોમાં ભૂલથી ‘સરળ સફળતા’નું અથવા તો બીજા શબ્દોમાં ‘સફળતા સરળ છે’ એ માન્યતાનું ભૂંસુ ભરી દીધું હતું. ‘સરળ સફળતા’ અને ‘સફળતા સરળ છે’ એ વાકય જ વ્યર્થ અને જુઠ્ઠું છે.

જેઓ જીતવા તો માગે છે પણ જીતવા માટે તૈયારી કરવા રાજી નથી, એવા અનેક લોકોને જોઈ મારા દિલને વ્યથા થાય છે. જો જીતવાની ઈચ્છાની તૈયારીનાં વલણનો અભાવ હોય તો પછી જીતવાનું વલણ હોવાનો શું અર્થ છે? અરે, જે હંસ આપણને સોનાનું ઈંડું આપવા સમર્થ છે, તેને પણ નાનાં બચ્ચામાંથી પુખ્ત હંસ કરવા તૈયાર કરવો પડે છે. અને તેમાં સમય લાગે છે અને મહેનત કરવી પડે છે. જે બચ્ચું હજી હમણાં જ ઈંડામાંથી બહાર જ આવ્યું છે તેની પાસેથી સોનાના ઈંડાની અપેક્ષા રાખવાની મૂર્ખાઈની કલ્પના તો કરો!

ગમે તે વ્યકિત કહી શકે કે કોઈ પણ ખેલાડી રમત રમતાં પહેલાં માત્ર એક અઠવાડિયું કસરત કરીને મેચ રમવા માટેનું ફીટનેસ સ્તર પ્રાપ્ત કરી શકે. છતાં આપણા દેશમાં, જ્યાં ક્રિકેટ લગભગ ધર્મ બની ગયો છે, મોટી ટુર્નામેન્ટો શરૂ થવા પહેલાના એક અઠવાડિયા પહેલાં ફીટનેસ કેમ્પ યોજવાનાં નાટકો જાણે રિવાજ જેવાં બની ગયા છે. અથવા તો કહું કે અનેક

દાયકાઓથી પરંપરાગત રમૂજો બની ગયા છે. પરિણામ... તમે ક્રિકેટના મેદાનોમાં ખેલાડીઓ કરતાં વડીલો વધારે જુઓ છો.

તમે શું એવી અપેક્ષા રાખો છો કે જીમમાં એક અઠવાડિયું ગાળ્યા પછી તમારી કમર પાતળી થઈ જશે? એક મહિનો ખાસ કોચીંગમાં મોકલ્યા પછી તમારા પુત્રનું પરિણામ નથી સુધરતું તે વખતે તમે ચિંતા અનુભવો છો? શું તમે લગ્નને હજી બે મહિના જ થયા હોય અને મેરેજ કાઉન્સેલર વિષે વિચારો છો, નિરાશ થઈને કે તમે જે રીતે ધાર્યું હતું તે રીતે તમારું લગ્ન વળાંક નથી લઈ રહ્યું? તમારી બળવાખોર તરુણ પુત્રી સાથે તમે એક અઠવાડિયુ પ્રેમાળ વર્તાવ કર્યો છતાં તેનામાં પરિવર્તન ન આવે તો તમે ઉશ્કેરાઈ જશો?

જે વ્યક્તિ આજે બીજ વાવે અને કાલે તેનાં ફળ આવે તેવી અપેક્ષા રાખે તેણે બીજા ગ્રહમાં સ્થાયી થવું જોઈએ. આ પૃથ્વી પર તો તે શકય નથી. અહીં તો તમે જો વ્યવસ્થિત અને સાતત્યભરી રીતે જીતવાની તૈયારી સાથે જીત મેળવવાનું વલણ ન કેળવો તો તમે જીતતા નથી. શાળામાં પણ નવમા ધોરણ પછી છેલ્લી ઘડીની તૈયારી ચાલતી નથી. જીવનમાં તો, જીતવાની પૂરી તૈયારી એ જીતવાની પૂર્વ શરત છે.

તમે બીજાને કે તમારી જાતને એ પૂછો કે 'તમે જીતશો?', તે પહેલાં તમારે એ પૂછવું જોઈએ કે, 'જીતવા માટે જે તૈયારી કરવાની છે તે કરવા માટે તમે તૈયાર છો?'

એક મહિલા ક્લબમાં પિયાનોના એક ઉત્તમ કાર્યક્રમ પછી એક પ્રસંશક શ્રેષ્ઠ મહિલા સંગીતકાર પાસે આવી અને બોલી, "આટલું મધુર વગાડવા માટે હું ગમે તે કરવા તૈયાર છું." "સંગીતકારે જવાબ આપ્યો, તમારામાંથી અનેક જણ પોતે જે બનવા માગે છે તે માટે ગમે તે કરવા તૈયાર થતા હોય છે, પણ થતા નથી, તમે કલાકો સુધી, દિવસો દિવસ, વર્ષો સુધી પ્રેક્ટિસ કરવા તૈયાર થતા નથી."

તમે જે બનવા માગો છો તે માટે જે તૈયારી કરવી પડે, તે તો કરવી જ પડે.



તમે જયારે પહેલી વાર રડયા,
ત્યારે કયારેય સંભળાયો ન હતો તેવા
એક નવા અવાજનો જન્મ આ વિશ્વમાં થયો.
તમારા પ્રથમ સ્મિતથી
એક નવો વળાંક સર્જાયો,
જે ભૂમિતિમાં એક નવું ઉમેરણ બન્યું.

જયારે તમે જન્મ્યા,
ત્યારે તમે જગતને ભેટ મળ્યા
અને આ જગત તમને ભેટમાં મળ્યુ.
તમારો જન્મ દિવસ તમારા માટે
સૌથી મોટો દિવસ છે.

જો તમે ઉત્તમ રીતે જીવો,
તો ત પણ વિશ્વ માટે
એક મહાન દિવસ બનશે.



મહાન લોકો
વિચારો વિશે ચર્ચા કરે છે .
મામૂલી લોકો
અન્ય લોકો વિશે ચર્ચા કરે છે .

સભ્ય સમાજની સૌથી વધારે અસભ્ય પ્રવૃત્તિ કુથલી કરવી તે છે. સૌથી વધારે શિક્ષિત અને કહેવાતા ઉચ્ચ લોકો પણ આ અસભ્ય પ્રવૃત્તિમાં રચ્યાપચ્યા રહે છે. કુથલી એ નિષ્ઠુર પ્રવૃત્તિ છે. તેમાં, જીભ અને બુદ્ધિ બેકાબૂ બની જાય છે. એક કરતાં અનેક રીતે, કુથલીની ટેવ એ અનુચિત વાણી વિલાસ છે.

હકીકતે, લોકો સંસ્થાઓ અને ક્લબ રચવા ભેગા થાય છે. તેમાં કુથલી કરવી એ જ તેમનો મુખ્ય વિષય બની રહે છે. આ જૂથોની સૌથી મહત્વની પ્રવૃત્તિ હોય છે જેઓ હાજર નથી તેમની કુથલી કરવાની. ક્યારે પણ કુથલીખોરનો વિશ્વાસ ન કરવો. તમારા સાથે જે કુથલી કરતો હતો, તે તમારા ગયા પછી તમારા વિશે બીજા સાથે કુથલી કરશે. દરેક કુથલીખોર બીજા કુથલીખોરો વિશે કુથલી કરશે. આ વૈશ્વિક સત્ય છે.

જે લોકો તમારી હાજરીમાં મીઠી– મીઠી વાતો કરે છે અને પીઠ પાછળ તમારી કુથલી કરે છે તે લોકો દંભીં છે. આપણે કુથલી દ્વારા બીજા લોકોનો છબી બેશરમ રીતે બગાડીએ છીએ. ત્યારે એક પળ પણ પરવા નથી કરતા કે તે તેમના જીવન પર કેવો દુષ્પ્રભાવ પાડશે. જો કુથલીખોરો વ્યથિત લોકોનાં દુઃખની કુથલી કરવાને બદલે તેમને નૈતિક ટેકો આપે, તો લાખો લોકોને આત્મહત્યા કરતાં અટકાવી શકાય.

કુથલી અધકચરી માહિતીના આધારે અપાયેલો ચુકાદો છે. દરેક કુથલીખોર આખરે પોતાનું જ ઝેર પીતો હોય છે. તે બીજા લોકોથી અત્યંત સભાન થઈ જાય છે. તેનું મન હમેશ એ જ અવઢવમાં રહેતું હોય છે કે– "બીજાઓ મારા વિશે શુ કહેતા હશે?" કોઈના વિષે ચુકાદાઓ

ન આપો અને તમારા વિષે કોઈ ચુકાદાઓ નહીં આપે. આનાથી વિરુદ્ધ પણ એટલું જ સાચું છે. ચુકાદો આપો અને ચુકાદો મેળવો. કુથલીખોરો બીજાના તમાશાઓ તૃપ્ત કરવા જ જીવે છે.

જિજ્ઞાસા અને ઉત્સુકતા એ માનવ ઉત્ક્રાન્તિની જીવનદોરી છે. જયારે આ જ્ઞાનની તૃષા અને ભૂખ જીવનની ઉચ્ચ બાબતો માટે કેન્દ્રિત થાય છે, ત્યારે વિકાસ થાય છે. આપણે જ્ઞાનની આ જ તૃષા અને ભૂખને કુથલીમાં ફેરવીને મોટી ભૂલ કરીએ છીએ. એરિસ્ટોટલ, ફ્રોઈડ, જે.કે. અને આપણે – આ બધામાં જાણવાની જિજ્ઞાસા સરખી જ છે. જો તેઓ પણ કુથલીખોર હોત, તો તેઓ પણ આપણા જેવા જ હોત. આપણે જો કુથલી કરવી અટકાવી દઈએ, તો આપણે તેમના જેવા થઈએ.

સિંહનું બિલાડીઓ વચ્ચે શું કામ છે? હવે પછી તમારી આસપાસની ટોળી કુથલી કરવી શરૂ કરે, તો તરત ત્યાંથી ઉઠીને ચાલ્યા જજો. જેઓ હાજર નથી તેમના વિશે બોલવાનું કે સાંભળવાની ના પાડી દેજો. આપણે આપણા છીછરા આનંદ માટે બીજા લોકોનાં હૃદયની લાગણીને દુભવવી ન જોઈએ.

મહાન લોકો વિચારો વિશે ચર્ચા કરે છે. સાધારણ લોકો ઘટનાઓ વિશે ચર્ચા કરે છે. મામૂલી લોકો અન્ય લોકો વિશે ચર્ચા કરે છે.



સારો સંવાદ સંબંધો જોડે છે .

"હું તમારી સાથે નિખાલસ થવા માગું છું..."

"હું તદન તિખાલસ વ્યક્તિ છું. હું લોકોને જે કહેવા માગતો હોઉં છું, તે તેમને મોઢામોઢ કહું છું..."

"કોણ જાણે કેમ, લોકો મારી નિખાલસતાને સ્વીકારી નથી શકતા..."

વાતચીતોમાં આવાં વાકયો તમે દરરોજ સાંભળતા હશો. આમાં વિરોધાભાસ એ છે કે આ કહેવાતા નિખાલસ લોકો કોઈ બીજાની નિખાલસતા જ્યારે તેમની સામે વ્યકત થાય છે, ત્યારે તેને સ્વીકારી શકતા નથી. જ્યારે નિખાલસતા તેમની હોય ત્યારે તેઓ સરળ બની રહ્યા છે, પણ જયારે તે બીજાની હોય ત્યારે તેઓ તેને ઉદ્ધતાઈ અને ઉદાસીનતામાં ખપાવે છે.

સાદું સત્ય નિખાલસતાથી વ્યક્ત કરવામાં આવે, ત્યારે તેને સ્વીકારવામાં આપણને તકલીફ પડે છે. તો પછી બીજા આપણી નિખાલસતાને કેવી રીતે સ્વીકારી શકે, જે મોટા ભાગે આપણા અભિપ્રાયથી વધુ નથી હોતી?

એ સાચું કે નિખાલસતા પોતે કોઈ સમસ્યા નથી. પણ તે જયારે આપણી તોછડાઈથી વ્યક્ત કરવામાં આવે છે, ત્યારે તે સમસ્યા બની જાય છે. માનવો, મૂળે તો, તાર્કિક નહીં, પણ લાગણીશીલ પ્રાણીઓ છે. આપણી નિખાલસતામાં કદાચે તર્ક હશે, પણ જે તોછડાઈથી તે વ્યક્ત થાય છે, તે લોકોનો લાગણીઓને દુ:ખ પહોંચાડે છે. ઘાયલ હૃદય મનની શક્તિને સમજી નથી શકતું. જ્યારે તમને કોઈ બાણ વાગશે, ત્યારે શું તમે બાણ શેનાથી બન્યું છે તેનું પૃથક્કરણ કરવા બેસશો? જયારે શબ્દો લોકોનાં કોમળ હૃદયને ઘાયલ કરે છે, ત્યારે તે કયા અર્થમાં કહેવાયા હતા તે સમજવા તેઓ તૈયાર નથી થતા.

તમે કઈ રીતે રાંધો છો માત્ર તેનું જ મહત્વ નથી. તમે તેને કઈ રીતે પીરસો છો, તે પણ મહત્વનું છે. ત્યાં જ ફેર પડે છે. વાતચીત ત્યારે જ તેનો હેતુ સિદ્ધ કરે છે જયારે તેનાં ચારે તત્વોની સંભાળ લેવાય. તે છે : તમે શું કહો છો, તમે કઈ રીતે કહો છો, તમે કયારે કહો છો, અને તમે ક્યાં અટકો છો.

નિખાલસતાથી કહીએ તો, સારો સંવાદ સંબંધો જોડશે. અયોગ્ય સંવાદ સંબંધો તોડશે.



જે કામ નિઃસ્વાર્થ રીતે કરવામાં આવે છે, તે ઈશ્વરનું કામ બને છે .

ચારે બાજુ પુષ્કળ બેપરવાઈ કેમ છે? જે લોકો દુઃખી છે તેમના પ્રત્યે મોઢું ફેરવી લેવું કેમ સરળ બને છે? જગતમાંનાં આંસુ સાથે તાદાત્મ્ય ન અનુભવવાનો કે જવાબદાર ન બનવાનો માર્ગ કેમ સરળ લાગે છે? ભલેને ચારે બાજુ ત્રાસવાદ હોય. ભલેને ચારે બાજુ ભૂખમરો હોય. ભલેને મારી નોકરાણીનાં બાળકો ફાટેલાં વસ્ત્રો પહેરતાં હોય. ભલેને મારા ડ્રાઈવરનાં બાળકો શાળાએ ન જતાં હોય. એ તેમનું નસીબ છે. હું તેમના ભાગ્યનો વિધાતા નથી. બીજા લોકોનાં દુઃખ અને પીડા સાથે જોડાવાનું આપણને કેમ તકલીફભર્યું લાગે છે? તે પોતાનો ક્રોસ ઉપાડે છે અને એ જ તેની નિયતિ છે. ઓહ! કેવી બેપરવાઈ! જ્યાં સુધી મારું જીવન સહજ રીતે પ્રગતિ કરે છે, જ્યાં સુધી હું મારું ભોજન માણી શકું છું, જેના માટે અને જેની સાથે રહી શકાય તેવો પરિવાર, ભવિષ્ય માટે પુરતું હોય, ત્યાં સુધી મારા પડોશીની શું સ્થિતિ છે તે મારા માટે જરા પણ મહત્વનું નથી હોતું.

બેપરવાઈ ગુસ્સા કરતાં ખરાબ છે. ધિક્કાર કરતાં વધારે ક્રૂર છે. વેર કરતાં પણ વધારે જોખમી છે. આ બધામાં તો બીજી વ્યક્તિ પ્રત્યે થોડી ઘણી પણ લાગણી તો હોય છે. પણ બેપરવાઈ તો બીજી વ્યક્તિના અસ્તિત્વની નોંધ જ નથી લેતી. તે આપણને બીજા તરફની લાગણી પ્રત્યે બહેરા બનાવે છે. એ અર્થમાં, બેપરવાઈ માત્ર પાપ જ નથી, સજા પણ છે.

હકીકતે આપણે અંતિમ વ્યક્તિ પ્રત્યે પણ સંવેદના અનુભવવાનું શીખવાનું છે. જ્યારે આપણે બીજા લોકોની આંખમાં આંસુ જોઈએ, ત્યારે આપણી આંખ પણ ભીની થવી જોઈએ. આપણને બેપરવાઈનો ત્યાગ કરવાની તાતી જરૂર છે. આપણે આપણી ભૂમિકા ભજવી શકીએ. આપણે ઘણું કરી શકીએ. જીવન જેને સાથ નથી આપતું, તેનો સાથ આપણે ન છોડવો જોઈએ. આપણે દરેકની આંખમાંથી આંસુ લૂછી ન શકીએ, પણ જયાં સુધી જગતમાં આંસુ છે, અને જ્યાં સુધી આપણામાં જીવ છે, આપણું કામ ચાલુ રહેવું જોઈએ.

હું નહીં, પણ હું જે વ્યકત કરું છું તે મારી વ્યાખ્યા નક્કી કરે છે. જ્યારે સાધારણ લોકો કોઈ મોટાં ધ્યેય સાથે પોતાને જોડે છે, ત્યારે તેઓ અસાધારણ શક્યતાઓ દર્શાવે છે. જે કામમાં મારા કરતા બીજાને આગળ મૂકવામાં આવે છે, તે કામ મારામાં રહેલ વિરાટ પ્રતિભાને પ્રગટ કરે છે. જે કામ નિઃસ્વાર્થ કરાય છે, તે ઈશ્વરનું કામ બને છે. વકીલો, શિક્ષકો, પત્રકારો અને

સુથારો કેવળ ત્યારે જ મહાન આદર્શ બન્યા જ્યારે તેમણે તેમની જાતને તેમના કરતા પણ વધારે વિશાળ હેતુ સાથે જોડી.

હૃદયનો એક માત્ર હેતુ બીજાં હૃદય સાથે જોડાવાનો છે. ચાલો ફરીથી સંવેદના અનુભવતાં શીખીએ... એકદમ નવેસરથી... જયારે તમે સર્જન માટે સંવેદના અનુભવો છો, ત્યારે સર્જક તમારા માટે સંવેદના અનુભવે છે.



તમે જે ઈચ્છો છો,

તે તમને નથી મળતું .

તમે જેને લાયક છો,

તે જ તમને મળે છે .

“તમારી બધી જ તકલીફો તમારા નવા વર્ષના નિર્ણયો જેટલી જ અલ્પજીવી રહેવા દો," એમ એક ઈટાલીયન કહેવત કહે છે. બધા જ સ્વસ્થ રહેવા માગે છે, પણ તેઓ તેને લાયક છે? બધા જ સફળ થવા માગે છે, પણ તેઓ તેને લાયક છે ખરા?

તમે જીવનમાં જે ઈચ્છો છો, તે તમને નથી મળતું. તમને તે જ મળે છે જેને તમે લાયક છો. તમે તમારી ઈચ્છાને લાયકાતમાં કેમ બદલાવી શકો? જયારે ઈચ્છાને એકધારા નિર્દિષ્ટ સ્વપ્રેરિત પ્રયાસનો [Consistent Directed Self-motivated Effort (C.D.S.E)] ટેકો મળે છે, ત્યારે તે લાયકાત બને છે....

અરે, સહજતા પણ પ્રયત્નથી જ મળે છે. “પ્રતિભા એ ૧% પ્રેરણા છે અને ૯૯% પરસેવો છે.” એમ થોમસ એડીસને કહ્યું હતું. મારા એક મિત્રે એક વાર કહેલું, “જો હું બીજા જેટલો બુદ્ધિશાળી ન હોઉં, તો તેમાં હું કશું ન કરી શકું. તે ભગવાનની ભૂલ છે. જો હું લાગણીશીલ ન હોઉં, તો તે હું સ્વીકારી લઈશ. તે મારાં માતા□પિતાની ભૂલ છે. પણ જો હું બીજા કરતાં વધારે પ્રયત્ન ન કરું, તો હું કયારેય મને માફ નહીં કરી શકું, કારણ કે તે મારી ભૂલ છે.”

નવા વર્ષે જે પ્રતિજ્ઞાઓ લેવાય છે તેના અમલ કરવા માટેના પ્રયત્નો ફેબ્રુઆરી સુધી પણ ભાગ્યે જ ચાલે છે. સફળતાનું એક રહસ્ય કોઈ કહે ત્યારે કરવું તે નથી, પણ જાતે શરૂઆત કરવી તે છે. કેવળ સ્વ-પ્રેરણા જ ટકી રહે છે. તણખો અંદરથી આવવો જોઈએ.

“જે કરવાનું જ નથી તેને સરસ રીતે કરવા જેવું વ્યર્થ કામ કોઈ નથી,” પીટર ડ્રકર કહે છે.

સાચી દિશા વિનાનો સ્વ-પ્રેરિત પ્રયાસ એ તો વ્યર્થ પ્રયાસ જ હોવાનો. સીડીના ઉપરના પગથિયે પહોંચવાનો શું અર્થ જો ત્યાં પહોંચ્યા પછી ખબર પડે કે સીડી તો ખોટી દિવાલ પર મૂકવામાં આવી છે? સમય અને પ્રયાસને અલગ રીતે સંચાલિત કરી ન શકાય. તે હંમેશા તમે જીવન પાસેથી શું ઇચ્છો છો અને તમે જીવનમાં કયાં પહોંચવા માગો છો તેના સંદર્ભમાં જ હોય છે. યોગ્ય દિશા વિનાની પ્રવૃત્તિ એ કેવળ પરિવર્તન છે. દિશા સાથેની પ્રવૃત્તિ જ પ્રગતિ છે.

કોઈક પ્રસંગે કોઈ પણ મહાન કાર્ય. કરી શકે. સાચા મહાન તો તેઓ છે જેઓ મહાનતાનાં કાર્યો એકધારાં કરી શકે. તમે એક વાર કંઈ કરો કે કર્યું હોય તેના માટે તમને કોઈ યાદ નહીં કરે, પણ તમે સતત જે કરો છો કે કરતા હતા તેના માટે તમને હમેશાં યાદ કરાશે.

‘તમે જે ઈચ્છો છો, તે તમને નથી મળતું; તમે જેને લાયક છો, તે જ તમને મળે છે એ ઈશ્વરનો કાનૂન છે. તેને એમ જ રહેવા દો. આપણો કાનૂન એ હોય, હું મારા એકધારા નિર્દિષ્ટ સ્વપ્રેરિત પ્રયાસ (અ. ન. સ. પ.) દ્વારા એ સુનિશ્ચિત કરીશ કે હું જીવનમાં શ્રેષ્ઠ, માત્ર અને માત્ર સર્વશ્રેષ્ઠને લાયક બનું.’



જે સત્યનો તમે પ્રતિકાર કરો છો

તે એક યુદ્ધ છે જે તમે લડો છો .

જો પ્રામાણિકતાથી જીવવામાં આવે, તો જીવન પોતે જ પોતાની રૂઝ લાવે છે. જે સત્યનો તમે પ્રતિકાર કરો છો તે એક યુદ્ધ છે જે તમે લડો છો.

તમે વોશીંગ મશીનમાં કપડાં નાખી દીધાં છે. મશીને પોતાનું કામ કર્યું છે. હવે કપડાંને બહાર સૂકવવા માટે કાઢવાનાં છે. જેટલો લાંબો સમય તમે મશીનમાં કપડાં રાખો, તેટલી તેમાં દુર્ગંધ વધવાની. થોડા દિવસ તેને બહાર ન કાઢો તો આ દુર્ગંધ અસહ્ય બની જશે. એવું જ આપણા વિચારો અને લાગણીઓનું છે. જે વિચારો આપણે વ્યકત ન કરી શકીએ તેને જો વધારતા રહીએ, અથવા જે લાગણીઓ આપણે વ્યકત ન કરી શકીએ તેને જો વધારે ફીલ કરતા રહીએ, તો સંબંધોમાં મોટો ખાલીપો સર્જાશે. તમે કેટલો સમય વસ્તુને શેતરંજી નીચે છુપાવ્યા કરશો? કયારેક તો તે બહાર આવશે જ. અને જયારે તે બહાર આવશે, ત્યારે તે એટલી બગડી ગઈ હશે કે તેનો ઉપયોગ કરવો અશક્ય બની જશે.

જે વિચાર કહી ન શકાય, અને જે લાગણીઓ વ્યકત ન કરી શકાય, તે અધૂરા વર્તુળો બને છે. અધૂરા વર્તુળો અર્ધચેતન મનમાં સતત જીવિત રહે છે. એક દૃષ્ટાંત તરીકે, આ સતત જીવિત રહેતા અધૂરા વર્તુળો ચશ્મા પર પડેલા ઘસરકા જેવા છે. આવા ચશ્મા દ્વારા જે જોવાય તે બધુંજ ઉઝરડાં વાળું જ દેખાશે. વક્રોક્તિ એ છે કે આ ઘસરકા કંઈ વસ્તુ પર નથી હોતા, પણ જે માધ્યમથી જોવાય છે તેના પર હોય છે. પણ તે દ્રષ્ટિને અવરોધે છે.

જ્યારે તમે સહજ રીતે તમારા વિચાર અને લાગણીઓ વ્યકત ન કરો, ત્યારે તમે તેને વિકૃત કરો છો. તમે તમારી દબાવેલી લાગણીઓને શાંત કરવા સત્યને કાં તો વધારીને કહો છો અથવા ઘટાડીને કહો છો. જ્યારે તમે તેનો સામનો નથી કરી શકતા, ત્યારે તમે તેને નકારો છો. જ્યારે તમે તેને નથી સ્વીકારતા, ત્યારે તમે તેની પરવા નથી કરતા એવો દેખાવ કરો છો. એવું લાગે છે કે, આપણા આ અધૂરા વર્તુળોના મુદ્દે, સમય આપણને જુઠ્ઠા બનાવે છે.

ભાવનાત્મક સ્વાસ્થ્યનું રહસ્ય એ છે કે જ્યારે કોઈએ પણ તમને દુઃખ પહોંચાડ્યું હોય, તેને એ જાણ કરવાની જરૂર હોય છે કે તેણે દુઃખ પહોંચાડ્યું છે. નહીં તો, આ અધૂરા વર્તુળો ભવિષ્યમાં ફરી આવશે અને તે તમારા સુંદર સમયને પણ બરબાદ કરી નાખશે. ભાવનાત્મક

બોજ વર્તમાનને ભારરૂપ બનાવે છે. વર્તમાનમાં તમને કંઈક કોઈ અધૂરી લાગણીની સતત યાદ અપાવ્યા કરશે અને જૂની લાગણીઓ પુનઃજીવિત કરશે. આ પુનઃપ્રગટ થયેલી લાગણીઓ તમને વર્તમાન સંદર્ભમાં અનુચિત વર્તન કરવા પ્રેરશે એ યાદ રાખવું મહત્વનું છે કે આ જૂની લાગણીઓ સપાટી પર આવે છે તે તમને સજા કરવા માટે નહીં, પણ તેનો ઉપાય કરવો જોઈએ એ સૂચવવા આવે છે. જે વિચારો નથી કહી શકાતા અને જે લાગણીઓ નથી વ્યકત થઈ શકતી તેને કારણે જ માનસિક તાણ ઉદ્‌ભવે છે. લાગણીની માંદગી એ હકીકતે સંગ્રહખોરીનો રોગ છે.

તમે મને કહો છો, “સાચું કહું, જો હું મારા બધા જ વિચારો અને લાગણીઓ કહેવા બેસું, તો જે વ્યક્તિ મારા માટે મહત્વની છે તેને હું દુઃખ જ પહોંચાડીશ.” તો મારો તમને એ જવાબ છે કે, “જો તમે નહીં કહો, તો તમે આખરે તો તે સંબંધને જ નુકસાન પહોંચાડશો.”

ચાલો સત્યનો સામનો કરતા શીખીએ, ભલે તે સત્ય દુઃખ પહોંચાડે. આપણા માટે જે ખૂબજ મહત્વના હોય, તે પણ સત્યનો સામનો કરતાં શીખે, ભલે તે તેમને દુઃખ પહોંચાડે. જેણે પણ તમને દુઃખ પહોંચાડયું હોય તેને તમારા વિચારો અને લાગણીઓ સીધી રીતે કહો જ. તત્પર બનો કોઈ આદર્શ સ્થિતિની રાહ ન જુઓ. સાદી રીતે કહો. તમારી ફરિયાદ કહો અને પછી તેને જવા દો. તેને અતિશયોક્તિથી ન કહો. સતત ફરિયાદો ન કરો, અતિ વિનાશક વલણ પણ ટાળો. જો તે વ્યક્તિ પણ તેનો અનુભવ કરશે, તો તમે સફળ થયા માનજો. જો નહીં, તો સમજી લેજો કે તમે કોની સાથે કામ પાડી રહ્યા છો. જે છે તેને સ્વીકારી લેજો. માફ કરો અને તમારા દુઃખને જતું કરો. આગળ વધો... તમારે કશું જ પૂરવાર કરવાનું નથી.



આપણે જો ઉપાય ન બની શકીએ,
તો આશ્વાસન તો બનીએ જ.
આપણે જો મદદ ન કરી શકીએ,
તો આપણે નુકસાન તો ન જ કરીએ.
આપણે જો સમસ્યા હલ ન કરી શકીએ,
તો આપણે સમસ્યા ઊભી તો ન જ કરીએ.
આપણે જો ગતિ વધારી ન શકીએ,
તો આપણે ગતિમાં અવરોધક તો ન જ બનીએ.

તમે કોઈ દુઃખી વ્યક્તિ માટે
માથાંનો દુઃખાવો બનવા બદલે પેઈન બામ બની શકો,
તો જગત તમને શોધતું આવશે.

તમારી વાતો અને કાર્યો કરુણાસભર રાખીને
દરેક વ્યક્તિને તેની મુશ્કેલીનો ઉપાય શોધવામાં
મદદ કરો અને આ જગત તમારું થઈ જશે



શાંતિના દરવાજા માત્ર વિશ્વાસની ચાવીથી જ ખૂલે છે .

ગઈ કાલે તમારી સાથે જે થયું હતું તેનો વિચાર કર્યા વિના, તમે જગત સાથે કે જગતે તમારી સાથે શું કર્યું તે વિશે વિચાર્યા વિના, ગમે તેવું થયું હોય છતાં, તમારે દરરોજ સવારે ઉઠવું પડે છે અને આ જગત પર ફરી નવેસરથી વિશ્વાસ મૂકવો પડે છે. મને ખબર છે કે તે બોલવા કરતાં કરવું અઘરું છે, પણ તમારી પાસે કોઈ પસંદગી નથી □ અન્ય કોઈ જ વિકલ્પ નથી □ કારણ કે તમારી શાંતિ તમારા વિશ્વાસ સાથે સંકળાયેલી છે. વિશ્વાસ વિના શાંતિ અશક્ય છે. અવિશ્વાસ તમને દુ:ખી કરી નાખે છે.

હજારો વખત તમે જાહેર વાહનોમાં પ્રવાસ કર્યો છે, પણ તમારું પાકીટ તો એક બે વખત જ ચોરાયું હશે. તમે જગત પર વિશ્વાસ ન પણ કરતા હો અને તમારા પાકીટને થોડી□થોડી વારે તપાસતા હો, છતાં કોઈ હોશીયાર અને પ્રોફેશનલ ખિસ્સા કાતરૂ તો તમારું પાકીટ એક દિવસ લઈ જ જશે. પણ તમારા આ અવિશ્વાસે એવી કરોડો ક્ષણોનો ભોગ લીધો હશે જેમાં તમે શાંત રહી શકયા હોત. જે આંખો દરેક મુસાફરને એક સંભવિત ચોર તરીકે જુએ છે, તે હજારવાર તમારી શાંતિને બરબાદ કરી શકે, પણ જગત પરના વિશ્વાસે તમારી દરેક યાત્રાને શાંતિપૂર્ણ બનાવી હોત. ડાહ્યા બનો. એનાથી વિરુદ્ધ નહિ.

કોઈ એક નાથુરામ ગોડસે ભલે તેના મનસૂબામાં સફળ રહ્યો, પણ દરેકને સંભવિત નાથુરામ ગોડસે તરીકે જોવામાં તમે હજારો ગાંધીવાદીઓને ગુમાવી બેસો છો. સોદો મોંઘો છે. એક ઓસામાની શોધમાં તમારે દરેક ઉત્તમ હૃદય પર શંકા કરવી પડે છે. આવું કરવા જેવું નથી.

એવું બને કે એક કર્મચારી તમારો વિશ્વાસ તોડે. છતાં બાકીના પર તો વિશ્વાસ જ રાખવાનો છે. મહત્વનો સંબંધી તમારી ભલાઈને નબળાઈ માને, અને તમારા વિશ્વાસનું શોષણ પણ કરે. પણ બીજી સવારે જાગો ત્યારે ફરી બધા પર વિશ્વાસ કરવાનું શરૂ કરી દો. હું કદાચ વધારે પડતો ભલો લાગું, પણ હું તો તમને શાંતિના દરવાજા બતાવું છું, જે કેવળ વિશ્વાસની ચાવી વડે જ ખૂલે છે.

જો તમે શાંતિ જ ઈચ્છતા હો, તો ભલે કાલે તમે છેતરાયા હો, તો પણ બીજી સવારે જાગ્યા પછી તમારી પાસે જગત પર પુન: વિશ્વાસ રાખવા સિવાય બીજો કોઈ ઉપાય જ નથી. જયારે

પણ હું છેતરાયો છું, મને દુ:ખ પહોંચ્યું છે કે મને દગો દેવામાં આવ્યો છે, મેં હંમેશા મારી જાતને કહ્યું છે, “ભગવાનનો આભાર કે હું છેતરાયો, પણ હું છેતરનાર નથી. મારા પર દગો થયો, પણ મેં કોઇને દગો નથી આપ્યો. મને દુ:ખી કરવામાં આવ્યો છે, પણ મેં કોઈને દુ:ખ નથી આપ્યું. હું ભલે તકલીફ ભોગવું, પણ હું કયારેય ખોટું નહીં કરું.”

દરરોજ સવારે આપણે માનવાનું છે કે આજે તો જગત વિશ્વાસ રાખવા લાયક હશે જ. તો જગત પણ આપણા વિશ્વાસને લાખો વખત ટકાવશે અને ભાગ્યે જ હેરાન કરશે. આ શકયતા પૂરી આપણી તરફેણમાં છે. ચાલો હૃદયને વિશ્વાસ તરફ ઝૂકવા દઈએ.

શાંતિનો એક માત્ર માર્ગ છે : વિશ્વાસ*!*

• • •

તમારા વર્તમાનને આવતીકાલની પરિપક્વતા સાથે જીવો .

પતિ તેની માતા અને પત્ની સાથે અલગ–અલગ રીતે સુંદર સંબંધ રાખવાનો પ્રયાસ કરે છે. પણ બે હાથે ત્રિકોણ ન બને. જો પત્ની અને સાસુ પણ આ સુંદર સંબંધ ન રાખે, તો કુટુંબનો ત્રિકોણ પૂર્ણ નથી થતો. (સસરા વિષે વિચારતા એવું લાગે કે ઐતિહાસિક રીતે તે ક્યારેય આ કૌટુંબિક નાટકનો ભાગ નથી હોતા.) જયારે મેં પત્નીના પક્ષની અને સાસુના પક્ષની વાત સાંભળી છે, અને ખાસ તો, સેન્ડવીચ થયેલા પતિની તદ્દન જુદી જ વાત સાંભળું છું, ...ત્યારે તેમાં એક બાબત એકસરખી હોય છે– 'હું સાચો છું. બીજો ખોટો છે. કબૂલ કરો.'

મેં આખા દેશના વિવિધ સ્થળોના ૫૦ સી.ઈ.ઓ. સાથે 'સંસ્થાકીય નેતૃત્વ' પર એક ત્રણ દિવસનો કાર્યક્રમ યોજ્યો. તેમાં ભાગ લેનારાઓના મોટા ભાગના સવાલો તેમના કર્મચારીઓનાં વલણ અને નીતિ વિષયક જ હતા. પછી મેં એક ૩૦૦ સેલ્સ પ્રોફેશનલ્સનો એક દિવસનો રોમીનાર કર્યો. દરેક સાથેની વ્યક્તિગત વાતચીતમાં મોટા ભાગનાએ તેમની સંસ્થાના અભિગમ અને વ્યૂહરચના સંબંધે જ સંશયો વ્યકત કર્યા. બન્ને કેસોમાં, એક બાબત સમાન હતી–'હું સાચો છું. બીજા ખોટા છે. કબૂલ કરો.'

અનેક વર્ષોથી હું મારા પુત્રની શાળા બહાર તેને લેવા ઊભો રહું છું. ત્યાં ઊભો હોઉં ત્યારે મેં અનેક માતા–પિતાઓને શાળાનો અમુક અભિગમ કેમ બરાબર નથી અને કોઈ શિક્ષક પણ કેમ બરાબર નથી તે વિશે સતત વાતો કરતાં સાંભળ્યાં છે. વ્યક્તિગત રીતે અને શાળાના સત્તાવાળાઓ દ્વારા યોજાતા ઓરીએન્ટેશન કાર્યોક્રમોમાં પણ મેં સાંભળ્યું છે કે શા માટે માતા–પિતાએ અમુક અપેક્ષા રાખવી જ ન જોઈએ કે તેમનો અમુક અભિગમ કેમ સ્વીકાર્ય નથી. અલબત, તેમાં પણ એક સમાન બાબત તો હોય જ છે : 'હું સાચો છું. બીજો ખોટો છે. તમારે કબૂલ કરવાની પણ જરૂર નથી. અમે તો તે જાણીએ જ છીએ.'

કમનસીબે, જીવન કંઈ સાચા–ખોટા પર નથી ચાલતું. તે તો સમજણ પર ચાલે છે. કોઈ પણ પરિસ્થિતિમાં મુદ્દો એ નથી હોતો કે કોણ સાચું છે અને કોણ ખોટું છે. ત્યારે જરૂર એક અનુભવી મનની હોય છે જે આ તફાવતોને જીવનના એક ભાગ તરીકે સ્વીકારી શકે અને પરિસ્થિતિનું સંચાલન કરે.

જો તમારી સાસુ દરેક બાબત માટે ફરિયાદ કર્યા કરતી હોય, ...તો તે તેનો સ્વભાવ છે. જો તમારી પુત્રવધૂ દરેક બાબત માટે તમારી ટીકા કરતી હોય, ...તો તે તેની મર્યાદા છે. જો તમારી પત્ની અને માતા સામસામે આવી જતાં હોય, તો હવે તમારે જ પરિસ્થિતિને સાચવવી પડશે. તમારે જ કોનો પક્ષ લેવો તે અને કયો નિર્ણય લેવો તે નક્કી કરવું પડશે. કચકચ કરવી, નિંદા કરવી કે રડવાથી તેમાં કશો જ ફર્ક નથી પડવાનો. કુટુંબમાં જે સમસ્યાઓ હોય છે તે એટલા માટે ઊભી નથી હોતો કે તેમાં લોકો સંકળાયેલા છે, પણ એટલા માટે હોય છે કે તેમાં અણસમજુ લોકો સંકળાયેલા છે. ત્યારે જો એક સમજદાર વ્યક્તિ પણ હાજર હોય, તો તરત પરિસ્થિતિ સચવાઈ જાય છે અને સંવાદ સધાય છે. એક કર્મચારી તરીકે કાં તો સંસ્થામાં ઉત્તમ રીતે કામ કરવાના ઉપાય શોધો અથવા તો એવી સંસ્થા શોધી કાઢો જે તમારી રીતે કામ કરતી હોય.

એટલે, ઘણી વાર, લોકોને તેની રીતે રહેવા દેવાથી તમારો માર્ગ સ્પષ્ટ બને છે. આ સત્ય સાદું અને સરળ છે. જો સમસ્યા હોય, તો તેમાં એક સમજ વગરનું મગજ સંકળાયેલ છે. જો ઉપાય હોય, તો તેનું કોઈ સમજદાર મગજ સંચાલન કરતું હશે. કોઈ પણ પરિસ્થિતિમાં એક સ્તર હોય છે જયાંથી સાચું અને ખોટું દેખાતાં હોય છે. એક સ્તર તેની ઉપર પણ છે જયાંથી માત્ર ઉપાયો જ દેખાતા હોય છે. તમે તમારી જાતને એ સ્તર પર લાવો જપાંથી માત્ર ઉપાય જ દેખાતા હોય. સામાન્ય સ્તરથી તમારી જાતને થોડી ઉપર કરો, તો તમારા માટે એક અલગ જ વાસ્તવિકતા રાહ જોતી હોય છે.

તમારી કાલને તમારી આજની સમજણથી જોવી પૂરતી નથી. તમારે આજને આવતી કાલની સમજણથી જીવવી પડશે... ત્યારે ઉજજવળ ભવિષ્ય તમારી પ્રતિક્ષા કરશે...



ગુરુ એ છે જે તમને મુકત કરે છે.
તે એક ગાઢ પ્રેમ, આદર,
સમર્પણ અને શ્રદ્ધાનો સંબંધ છે.

.

ગુરુ તમારું સર્જન કરે છે, તમને બદલાવે છે,
અને સાધકને નવું જીવન આપે છે.

.

ગુરુ એક અવર્ણનીય ગુંરુત્વાકર્ષણ ધરાવે છે.
તે સતત આકર્ષણ છે... એક આમંત્રણ છે.
તેમનામાં ખરેખર કાંઈક આકર્ષે તેવું હોય છે.

ગુરુ એક સાંનિધ્ય છે,
એવું સાંનિધ્ય જે સમગ્ર અસ્તિત્વનું

રૂપાંતર કરી નાખે છે.



સમૃદ્ધ થવાની દરેક ઉમદા માનવની નૈતિક જવાબદારી છે .

આ જે આપણે જો એક નિસ્તેજ સમાજમાં જીવતા હોઈએ, તો તેના માટે અનેક સારા લોકો જવાબદાર છે મોટા ભાગના સારા લોકોની સમસ્યા એ છે કે તેઓ પોતાનાં જીવન બાબતે ખૂબ જ સંતોષી અને તૃપ્ત છે. તેઓ ખુદમાં એટલા મસ્ત છે કે તેમને સમૃદ્ધ થવાની ખેવના નથી... તેઓ નાણાકીય સમૃદ્ધિ માટે તીવ્ર ઈચ્છા ધરાવતા નથી.

માની લઈએ કે રસ્તા પર એક સો રૂપિયાની નોટ પડી છે. એક સારો માણસ તેની પાસેથી પસાર થશે અને વિચારરો, “આ કંઈ મારા પૈસા નથી. તેથી મારે તેને સ્પર્શ કરવાની જરૂર નથી.” જે તેણે પાછળ છોડી દીધું હતું, તેને એક નાલાપક વ્યક્તિ લઈ લે છે. ભલે તે નોટને પોતાની માનવાની તેને જરૂર ન હોય, પણ જો સારા વ્યક્તિએ તે નોટ લઈ લીધી હોત, તો એ નોટને તે ગરીબને ખવડાવવામાં ઉપયોગમાં લઈ શકપો હોત. પણ આવું વિચાર્યા વગર તેણે તે નોટ એક નાલાયક માણસ માટે છોડી દીધી જે તેનો દુરૂપયોગ જ કરવાનો છે.

કોઈ પણ દેશમાં સત્તાવાર ચલણી નાણાંના જથ્થાનું પરિવહન અવિરત હોય છે, હવે, આ પૈસા કાં તો સારા માણસ પાસે હોય અથવા તો ખરાબ માણસ પાસે હોય. સંતોષના પ્રભાવથી સારા માણસની પૈસા એકઠા કરવાની અનિચ્છાને કારણે દુષ્ટ માણસ પાસે પુષ્કળ પૈસા એકઠા થવાની શક્યતા વધી જાય છે. એક હદ પછી સમૃદ્ધિ કોઈ પણ માટે વધારાની બને છે. પણ ફર્ક એ પડે છે કે સારા માણસના હાથમાં ગયેલો પૈસો જગતને વધારે સારું બનાવવામાં ઉપયોગમાં લેવાશે. એ જ વધારો કોઈ અનૈતિક, ક્રૂર, દુષ્ટ મનવાળા માણસના હાથમાં જશે, તો તે તેને જગતનો નાશ કરવામાં ઉપયોગમાં લેશે. સારી વ્યક્તિ આ પૈસાનો ઉપયોગ શાળા બનાવવામાં, પર્યાવરણ સુધારવામાં, શિક્ષણને મદદ કરવામાં, ગરીબોને જમાડવામાં કે મેડિકલ મદદ કરવામાં કરશે. તો નકામી વ્યક્તિ તેનો ઉપયોગ બોમ્બ ફેંકવામાં, આત્મઘાતી વાક્તિઓ તૈયાર કરવામાં, ધાર્મિક ઝનૂન પેદા કરવામાં કે નિર્દોષ લોકોને મારવામાં કરશે.

આ વધારાને મધર ટેરેસાના હાથમાં હોવાનું વિચારો. અને તેને ઓસામાના હાથમાં હોવાનું પણ વિચારો.

સારા લોકોને મારી વિનંતિ એ છે કે તેઓ પોતાના ધનની શક્તિનો ઉપયોગ કરીને પોતાની ગણતરી સમૃદ્ધ લોકોમાં કરાવે... એવા સારા લોકો જેઓ પોતાનો અંતરાત્મા કયારે ન વેચે. ક્યારેય આપણે સો રૂપિયાની નોટ કોઈ દુષ્ટ તત્વો માટે ન છોડીએ. તેને તો નબળા પાડીએ. ચાલો નાણાકીય અંકુશ આપણા હાથમાં લઈએ. ચાલો આપણે નાણાકીય સમૃદ્ધિ વધારીએ. ભલે તમને તેની જરૂર ન હોય. તો શું થયું? ચાલો આપણે તેને સુંદર જગત બનાવવામાં ઉપયોગમાં લઈએ.

મને સ્પષ્ટ કહેવા દો. સમૃદ્ધ થવાની દરેક ઉમદા વ્યક્તિની નૈતિક જવાબદારી છે.



જો આપણે આપણા શિક્ષકોનું જ્ઞાન નિર્મૂળ કરી નાખીશું . તો આપણે નહીં રહીએ .

રમાકાંત આચરેકર કંઈ સચીન તેન્ડુલકર કરતાં સારા ક્રિકેટર ન હતા. છતાં તેના કોચીંગે જ સચીનને સચીન બનાવ્યો અને તેને વિશ્વ વિખ્યાત બનાવ્યો. ઓ.એમ. નાંબીયાર પી.ટી. ઉષાની બરાબરી કરી ન શકે, પણ તેણે જ ભારતને એક શ્રેષ્ઠ ખેલાડી આપી. દ્રોણાચાર્યની મહત્તા અર્જુનને એ સ્તરે તૈયાર કરવાની હતી જયાં અર્જુન પોતાના જ ગુરુ સામે જીતવા સક્ષમ બને.

માર્ગદર્શન મેળવવા માટે હંમેશા આપણને બહારની એક વ્યક્તિની જરૂર હોય છે. તેઓ અરીસા હોય છે જે આપણને આપણું જ દર્શન કરાવે છે. તે આપણને આપણું જ સામર્થ્ય બતાવે છે, જેની મદદથી આપણે આપણી નબળાઈઓ સામે લડી શકીએ છીએ. આપણને આપણાં કૌશલાને કુશળ કરવા માટે એક કોચની જરૂર હોય છે. આપણા જ્ઞાનને વિશાળ બનાવવા એક ગુરુની જરૂર હોય છે. આપણી આધ્યાત્મિક ચેતનાનો સાક્ષાત્કાર કરવા આપણને ગુરુની જરૂર હોય છે.

તમારી નર્સરી સ્કૂલના શિક્ષક તમારી જેટલા આગળ ન વધી શકયા હોય, પણ તમારું જીવન તેમણે બનાવેલા જ્ઞાનના પાયા પર જ ઉભું થયું. આપણે આપણી તુલના આપણા માર્ગદર્શક સાથે ન કરીએ. જો તમે સૂર્યમાંથી કિરણો ખેંચી લેશો, તો પછી કશું જ નહીં રહે. જો તમે ઘડામાંથી માટી ખેંચી લેશો, તો કશું જ નહીં રહે. જો તમે કાર્યમાંથી કારણ ખેંચી લેશો, તો કશું જ નહીં રહે. આપણે જો આપણપ્ શિક્ષકોનું જ્ઞાન નિર્મૂળ કરી નાખીશું તો આપણે નહીં રહીએ.

ગણિતના શિક્ષકે બોર્ડ પર '૧૦૦૦' લખ્યું અને જે વિધાર્થી વર્ગમાં સતત ખલેલ કરતો હતો તેને પૂછ્યું, "આ કેટલા છે?" સવાલની સાદગીથી મૂંજાવા છતાં, આત્મવિશ્વાસથી છોકરાએ જવાબ આપ્યો, "એક હજાર." હવે શિક્ષકે તેની જમણી બાજુ એક મીંટું ઉમેર્યું અને '૧૦૦૦૦' તરફ આંગળી ચીંધી પૂછ્યું, "હવે કેટલા છે?""દસ હજાર," તેણે તરત જવાબ આપ્યો. શિક્ષકે ફરી

એક શૂન્ય ઉમેર્યું, પણ આ વખતે શૂન્યને '૧'ની ડાબી બાજુ ઉમેર્યો, અને '૦૧૦૦૦૦' તરફ જોઈ પૂછ્યું, "હવે?" છોકરાએ જવાબ આપ્યો, "એટલા જ... દસ હજાર." શિક્ષકે સ્મિત કર્યું, આંખથી સંકેત કરીનેં બોલ્યા, "જયારે એક નાનો આંકડો મોટા આંકડાને અનુસરે છે, ત્યારે તેની કિંમત વધે છે. જયારે એ જ નાનો આંકડો મોટા આંકડાની આગળ જવા જાય છે, ત્યારે તેની કિંમત કશી નથી રહેતી. શિક્ષક અને વિધાર્થી વચ્ચેના સંબંધો આવા જ છે. જયારે વિધાર્થી શિક્ષકનું અનુસરણ કરે છે, ત્યારે તેની કિંમત વધે છે. જો એમ ન કરે અને પોતે આગળ વધવા જાય, તો... મને લાગે છે કે મારે તે સ્પષ્ટ કરવાની જરૂર નથી."

કોચની મહાનતા જ એ છે કે તે ખેલાડીને કહે છે કે તે કેટલો કાબેલ છે. ખેલાડીની મહાનતા એ છે કે કોચે જે કાબેલિયત બતાવી છે તેને પૂરવાર કરવી.



ઘણા લાંબા સમય સુધી દેખરેખમાં રહેલું અને અનેક ટક્કર ઝીલીને ટકી ગયેલું પરિવર્તન સંસ્કૃતિ બને છે .

પરિવર્તનનાં કંટાળાજનક દુષ્ચક્રમાં ફસાવું અને તેને ફરી ગુમાવવું એ કેટલી કંટાળાજનક બાબત છે, માત્ર ફરીથી પરિવર્તન આણવું અને ફરીથી એને ગુમાવી બેસવું...

થોડા સમય પહેલા... ચેન્નાઈમાં જાહેર સ્થળોએ ધૂમ્રપાન અટકાવવાનો કાયદો પસાર થયો. પણ તેને કોણ માને? આજે પણ દરેક જગ્યાએ લોકો ધૂમ્રપાન કરતા દેખાય છે. સીંગાપોરમાં પણ દસકાઓ પહેલાં રસ્તામાં કચરો ફેંકવા બાબતે કાયદો પસાર થયો. તેને બધા જ અનુસરે છે! કેમ? શું તફાવત છે? કાનૂનના પાલનનો આગ્રહ ચેન્નાઈમાં નથી રાખવામાં આવતો. પણ સીંગાપોરમાં તે રાખવામાં આવે છે.

ઘણા લાંબા સમય સુધી દેખરેખમાં રહેલું અને અનેક ટક્કર ઝીલીને ટકી ગયેલું પરિવર્તન સંસ્કૃતિ બને છે. પડકાર એ પરિવર્તન નથી, પણ તે પરિવર્તનનું સંસ્કૃતિમાં રૂપાંતરણ તે પડકાર છે.

જાહેર સ્થળોએ ધૂમ્રપાન વિરુદ્ધના અમલીકરણની દેખરેખને કાર્યક્ષમ સંસ્થાઓ કે કર્મચારીઓની ટેકો મળ્યો નથી. એટલે એ કાનૂન માત્ર પુસ્તકમાં જ રહી જાય છે, પ્રેક્ટિસમાં નથી આવતો. પણ રસ્તામાં કચરો ફેકવા બાબતે સીંગાપોરમાં કડક અમલ કરવામાં આવ્યો, તેથી આ પરિવર્તન જળવાયું અને આજે તે સીંગાપોરની સંસ્કૃતિ બની ગયું છે.

એક સારો તાલીમ કાર્યક્રમ, એક સારું પુસ્તક, એક આધ્યાત્મિક પ્રવચન કે નવા વર્ષ જેવાં બાહ્ય પ્રોત્સાહકો અપ્પણામાંના મોટા ભાગનાને પરિવર્તન માટે પ્રેરણા આપે છે. આ પરિવર્તનોની મોટી મર્યાદા એ હોય છે કે તેમનું જતન કે દેખરેખ કરવામાં ન આવે તો તેઓ તરત મૃત્યુ પામે છે. પરિવર્તન લાવવું અને પછી તેને ગુમાવવું એ વ્યક્તિને બિનકાર્યક્ષમ બનાવે છે□પછી તે સરકાર હોય કે સંસ્થા હોય.

મહાન લોકોને બાકીના જગતથી શું અલગ કરે છે? જ્યારે પણ આ લોકો પરિવર્તનનો સ્વીકાર કરે છે, તેઓ એ પરિવર્તનને જયાં સુધી તે તેમના માટે સંસ્કૃતિ ન બને ત્યાં સુધી ચાલુ રાખે છે અને જાળવે છે. બીજી બાજુ, બાકીનું જગત ટૂંકા ગાળાનાં પરિવર્તનોનો સ્વીકાર કરે છે અને પછી તેને પણ □ દેખરેખના અભાવે □ ગુમાવી દે છે. પછી તેઓ ફરી કોઈ નવા વર્ષની કે કોઈ પ્રેરણા તાલીમ કાર્યક્રમ વગેરેની રાહ જુએ છે અને ફરી તે જ પરિવર્તન કરવાનો પ્રયત્ન કરે છે જેનો તેઓ આ પહેલાં પ્રયત્ન કરી અને નિષ્ફળ ગયા હોય છે.

જો પરિવર્તનને ચાલુ રાખવામાં આવે અને તે આપણી સંસ્કૃતિ બને ત્યાં સુધી જાળવવામાં આવે, તો આપણું જીવન ઉન્નત બનશે. નહીં તો તે એક દુષ્ચક્ર બની જશે.

શરૂઆત જ શા માટે કરવી જો તમે ફરી પાછા એજ જગ્યાએ આવી જવાના હોવ?



બીજા સામે જોવું તે હકારાત્મક લક્ષણ છે, પણ જયારે તે તમને ગુલામી તરફ દારે છે, ત્યારે તે નબળાઈ બને છે. તમારી જાતને ગુલામ બનાવ્યા વિના જ જુઓ. તમે તમારા બોસ કરતાં વધારે સારા બની શકો છો. જે બાબત એક વ્યક્તિ માટે શકય છે, તે બધા લોકો માટે શકય છે. જે કામ એક માણસ કરી શકે, તે બધા કરી શકે. હકીકતે, વધારે સારી રીતે કરી શકે. તમે અનુસરવા નથી જન્મ્યા. યાદ રાખો, તમે આગળ રહેલું શક્રાણુ છો. એક શુક્રાણ તરીકે પણ તમે અનુયાયી ન હતા. તમે તો નેતૃત્વ કરવા જન્મ્યા છો. તમારે તમારો વારસો સાર્થક કરવાનો છે.



ઈન્ફિનિમિનીટ

(અનંત ક્ષણ)
૧૧:૧૧

૧૧:૧૧ મિનીટે યોજાતી ઈન્ફિનિમિનીટ દરમિયાન વધારે ને વધારે લોકો આધ્યાત્મિક સંધાનની ક્ષમતા વિષે સમજતા થયા છે અને પોતાની જાતને આજુબાજુની તમામ બાબતોમાંથી સંકોરી લઇ, હળવેથી ઈન્ફિનિપ્રેયર (અનંત પ્રાર્થના) કરી, દરરોજ સતારે ૧૧.૧૧ વાગ્યે એક મિનીટ માર્ટ મૌન પાળે છે. નેઓ જાણે છે કે ને એક મિનીટમાં તેઓ પણ મૌનની અવસ્થાને પામશે અને એ સાથે જ અખિલ બ્રહ્માંડના મૌનમાં પોતાનું યોગદાન આપશો

વધારે માહિતી માટે લોગ ઓન કરી : **www.infinitheism.com**

ઈન્ફિનિપ્રેયર

(અનંત પ્રાર્થના)

અનુભવું છું - તારા સાંનિધ્યને, તારા અમીને, તારા તેજને
શ્રદ્ધા ને શક્તિ તણું મારું ઊદ્ભવ સ્થાન તું,
મારી ગતિરેખા ને ગંતવ્યસ્થાન તું,
અને સદા તુજથી જોડાયેલો,
મારું કશું જ નહિ ને સઘળું તારું
લઈ જા મને ઉર્ધ્વે,
લઈ જા મને ઊંડે
લઈ જા મને પાર પેલે,
લઈ જા મને તુજ સમીપે .
